سورة الملك مكية ٦٧ بِسْمِ اللّٰهِ الرَّحْمٰنِ الرَّحِيْمِ ۝ اٰيَاتُهَا ٣٠ رُكُوْعَاتُهَا ٢
تَبٰرَكَ الَّذِيْ بِيَدِهِ الْمُلْكُ وَهُوَ عَلٰى كُلِّ
شَيْءٍ قَدِيْرُ ۙ﴿١﴾ الَّذِيْ خَلَقَ الْمَوْتَ وَالْحَيٰوةَ لِيَبْلُوَكُمْ
اَيُّكُمْ اَحْسَنُ عَمَلًا ؕ وَهُوَ الْعَزِيْزُ الْغَفُوْرُ ۙ﴿٢﴾ الَّذِيْ
خَلَقَ سَبْعَ سَمٰوٰتٍ طِبَاقًا ؕ مَا تَرٰى فِيْ خَلْقِ الرَّحْمٰنِ
مِنْ تَفٰوُتٍ ؕ فَارْجِعِ الْبَصَرَ ۙ هَلْ تَرٰى مِنْ فُطُوْرٍ ﴿٣﴾
ثُمَّ ارْجِعِ الْبَصَرَ كَرَّتَيْنِ يَنْقَلِبْ اِلَيْكَ الْبَصَرُ خَاسِئًا
وَّهُوَ حَسِيْرٌ ﴿٤﴾ وَلَقَدْ زَيَّنَّا السَّمَآءَ الدُّنْيَا بِمَصَابِيْحَ وَجَعَلْنٰهَا
رُجُوْمًا لِّلشَّيٰطِيْنِ وَاَعْتَدْنَا لَهُمْ عَذَابَ السَّعِيْرِ ﴿٥﴾
وَلِلَّذِيْنَ كَفَرُوْا بِرَبِّهِمْ عَذَابُ جَهَنَّمَ ؕ وَبِئْسَ الْمَصِيْرُ ﴿٦﴾
اِذَاۤ اُلْقُوْا فِيْهَا سَمِعُوْا لَهَا شَهِيْقًا وَّهِيَ تَفُوْرُ ۙ﴿٧﴾ تَكَادُ

**અલ્લાહના નામથી શરૂ જે ઘણો મહેરબાન રહેમવાળો (છે)[1]**

મહાન કુદરતવાળો છે તે જેના કબ્જામાં આખું રાજ્ય (છે)[2] અને તે દરેક વસ્તુ પર સત્તાધારી છે (૧) તે જેણે મૃત્યુ અને જીવન બનાવ્યાં કે (જેથી) તમારી કસોટી થાય[3] (કે) તમારામાંથી કોનું કામ વધારે સારૂં છે.[4] અને તે જ ઇજ્જતવાળો બખ્શિશવાળો છે. (૨) જેણે એકની ઉપર બીજું (એવાં) સાત આકાશો બનાવ્યાં તો રહમાન ના સર્જનમાં શું (તુ) ફેર ભાળે છે ?[5] તુ દ્રષ્ટિ ઊંચકીને જોઇ લે,[6] તને શું કોઇ કાણું દેખાય છે ? (૩) ફરી બીજીવાર નજર ઉપાડ,[7] નજર તારી તરફ નિષ્ફળ પરત આવશે થાકી ગએલી[8] (૪) અને બેશક ! અમે નીચેના આકાશને[9] દીવાઓથી શણગાર્યું[10] અને તેમને શયતાનો માટે માર બનાવ્યા.[11] અને તેમની માટે[12] ભભુકતી આગ નો અઝાબ તૈયાર કર્યો[13] (૫) અને જેમણે પોતાના રબ સાથે કુફ્ર કર્યું[14] તેમના માટે જહન્નમનો અઝાબ છે. અને કેટલું ખરાબ પરિણામ ? (૬) જ્યારે તેમાં નાખવામાં આવશે ત્યારે તેનો ઉભરો સાંભળશે કે ખદબદતી હશે (૭) લાગે છે કે ક્રોધના અતિ આવેશમાં ફાટી પડશે.

૧. સૂરએ મુલ્ક મક્કામાં ઉતરેલી છે. એમાં ૨ રૂકૂઅ ૩૦ આયતો ૩૩૦ શબ્દો અને ૧૩૧૩ અક્ષરો છે.

હદીષમાં છે કે સૂરએ મુલ્ક શફાઅત કરે છે. (તિરમિઝી. અબૂદાઉદ) બીજી એક હદીષમાં છે કે હુઝૂરના સહાબીએ એક જગ્યાએ તંબુ નાખ્યો ત્યાં એક કબર હતી પણ તેમને એનો ખ્યાલ હતો નહિ. તે કબરવાળા સૂરએ મુલ્ક પઢતા રહ્યા એટલે સુધી કે તે પુરી થઇ. પેલા તંબુવાળા સહાબીએ હુઝૂરની સેવામાં હાજર થઇને વિનંતી કરી કે; મેં એક કબર પર તંબુ તાણી દીધો અને મને ખ્યાલ હતો નહિ કે ત્યાં કબર છે અને કબરવાળા સૂરએ મુલ્ક પઢતા હતા એટલે સુધી કે તે પુરી થઇ. હુઝૂર સલ્લલ્લાહુ અલયહિ વસલ્લમે ફરમાવ્યું કે એ સૂરત માનિઅહ (અઝાબ રોકનાર) મુનજિય્યહ (નજાત અપાવનાર) છે કબરના અઝાબથી છુટકારો અપાવે છે (તિરમિઝી).

૨. જે ઇચ્છે તે કરે જેને ચાહે તેને ઇજ્જત આપે જેને ચાહે તેને ઝિલ્લત આપે.

૩. દુનિયાના જીવનમાં.

૪. અર્થાત કોણ વધારે કહયાગરો અને નિખાલસ છે ?

૫. અર્થાત આકાશોના સર્જનથી અલ્લાહની કુદરત જણાય આવે છે કે તેણે કેવાં સરખાં મજબૂત અને સીધાં (આકાશો) બનાવ્યાં

૬. આકાશ તરફ બીજી વાર.

૭. અને વારંવાર જો.

૮. કે વાંરવારની તપાસ પછી પણ કશી ખાંપણ જણાશે નહિ.

જ્યારે કદી કોઇ જુથ એમાં નાખવામાં આવશે (ત્યારે) તેના ચોકિયાતો[૧૫] તેમને પૂછશે; 'શું તમારી પાસે કોઇ ડર સંભળાવનાર આવ્યો ન હતો ?'[૧૬] (૮) કહેશે; 'કેમ નહિ ! બેશક! અમારી પાસે ડર સંભળાવનાર પધાર્યા[૧૭] હતા પણ અમે (તેમને) જૂઠાડયા અને કહ્યું; અલ્લાહે કશું ઉતાર્યુ નથી. તમે તો માત્ર નરી ગુમરાહીમાં છો' (૯) અને કહેશે; 'જો અમે સાંભળત અથવા સમજત[૧૮] તો દોઝખવાળાઓમાં હોત નહિ' (૧૦) હવે પોતાના ગુન્હાનો એકરાર કર્યો,[૧૯] તો દોઝખ વાળાઓ પર ફિટકાર હોજો (૧૧) બેશક! જેઓ દેખ્યા વગર પોતાના રબથી ડરે છે[૨૦] તેમના માટે માફી અને મહાન સવાબ છે[૨૧] (૧૨) અને તમે પોતાની વાત છુપી રીતે કહો અથવા જોરથી, તે તો દિલોની (વાત પણ) જાણે છે[૨૨] (૧૩) શું જેણે પેદા કર્યા તે ન જાણે ?[૨૩] અને તે જ છે દરેક બારીકી જાણનાર ખબરદાર (૧૪) તે જ છે જેણે ધરતીને તમારા તાબે કરી, તો તેના માર્ગોમાં ચાલો અને અલ્લહની રોજીમાંથી ખાઓ[૨૪] અને તેની તરફ જ ઉઠવાનું છે[૨૫] (૧૫) શું તમે તેનાથી નિડર બની બેઠા જેનું રાજ્ય આકાશોમાં છે કે તમને ધરતીમાં ધસાવી દે ?[૨૬] ત્યારે જ તે ધ્રુજતી રહે[૨૭] (૧૬)

تبارك الذي ٢٩ — الملك ٦٧

تَمَيَّزُ مِنَ الْغَيْظِ ۖ كُلَّمَا أُلْقِيَ فِيهَا فَوْجٌ سَأَلَهُمْ خَزَنَتُهَا
أَلَمْ يَأْتِكُمْ نَذِيرٌ ﴿٨﴾ قَالُوا بَلَىٰ قَدْ جَاءَنَا نَذِيرٌ فَكَذَّبْنَا
وَقُلْنَا مَا نَزَّلَ اللَّهُ مِنْ شَيْءٍ إِنْ أَنْتُمْ إِلَّا فِي ضَلَالٍ
كَبِيرٍ ﴿٩﴾ وَقَالُوا لَوْ كُنَّا نَسْمَعُ أَوْ نَعْقِلُ مَا كُنَّا فِي أَصْحَابِ
السَّعِيرِ ﴿١٠﴾ فَاعْتَرَفُوا بِذَنْبِهِمْ فَسُحْقًا لِأَصْحَابِ السَّعِيرِ ﴿١١﴾
إِنَّ الَّذِينَ يَخْشَوْنَ رَبَّهُمْ بِالْغَيْبِ لَهُمْ مَغْفِرَةٌ وَأَجْرٌ
كَبِيرٌ ﴿١٢﴾ وَأَسِرُّوا قَوْلَكُمْ أَوِ اجْهَرُوا بِهِ ۖ إِنَّهُ عَلِيمٌ
بِذَاتِ الصُّدُورِ ﴿١٣﴾ أَلَا يَعْلَمُ مَنْ خَلَقَ وَهُوَ اللَّطِيفُ
الْخَبِيرُ ﴿١٤﴾ هُوَ الَّذِي جَعَلَ لَكُمُ الْأَرْضَ ذَلُولًا فَامْشُوا
فِي مَنَاكِبِهَا وَكُلُوا مِنْ رِزْقِهِ ۖ وَإِلَيْهِ النُّشُورُ ﴿١٥﴾ أَأَمِنْتُمْ
مَنْ فِي السَّمَاءِ أَنْ يَخْسِفَ بِكُمُ الْأَرْضَ فَإِذَا هِيَ تَمُورُ ﴿١٦﴾

૯. જે પૃથ્વી તરફથી બધાંથી નજીક છે.

૧૦. અર્થાત તારાઓ વડે.

૧૧. કે જ્યારે શયતાનો આકાશ તરફ તેમની (ફરિશ્તાઓની) વાતો સાંભળવા અને વાતોની ચોરી કરવા જાય ત્યારે તારાઓમાંથી ભડકા અને ચિંગારીઓ ઉડે જેનાથી તેમને મારવામાં આવે.

૧૨. અર્થાત શયતાનો માટે.

૧૩. આખેરતમાં.

૧૪. માણસોમાંથી હોય કે જિન્નાતમાંથી.

૧૫. માલિક અને તેમના સહાયકો ધમકાવીને.....

૧૬. અર્થાત અલ્લાહનો નબી જે તમને અલ્લાહના અઝાબનો ખોફ અપાવત.

૧૭. અને તેમણે અલ્લાહના આદેશો પહોંચાડયા તેમજ અલ્લાહના ગઝબ અને આખેરતના અઝાબથી ડરાવ્યા....

૧૮. રસૂલોના માર્ગદર્શનને અને તેને માનત.

**મસઅલો** :- આથી જણાયું કે શરીઅતના હુક્મો લાગુ પડવાનો દારોમદાર શ્રવણશક્તિ અને બુધ્ધિને લાગતી દલીલો પર છે અને બન્ને પ્રકારની દલીલો વાત સાબિત અને લાગુ પાડનારી છે.

૧૯. કે (તેઓ પોતે) રસૂલોને જૂઠાડતા હતા પણ તે સમયનો એકરાર કશા ખપ લાગશે નહિ.

૨૦. અને તેના પર ઇમાન લાવે છે.

أَمْ أَمِنتُم مَّن فِي السَّمَاءِ أَن يُرْسِلَ عَلَيْكُمْ حَاصِبًا
فَسَتَعْلَمُونَ كَيْفَ نَذِيرِ ﴿١٧﴾ وَلَقَدْ كَذَّبَ الَّذِينَ مِن
قَبْلِهِمْ فَكَيْفَ كَانَ نَكِيرِ ﴿١٨﴾ أَوَلَمْ يَرَوْا إِلَى الطَّيْرِ فَوْقَهُمْ
صَافَّاتٍ وَيَقْبِضْنَ مَا يُمْسِكُهُنَّ إِلَّا الرَّحْمَٰنُ إِنَّهُ بِكُلِّ
شَيْءٍ بَصِيرٌ ﴿١٩﴾ أَمَّنْ هَٰذَا الَّذِي هُوَ جُندٌ لَّكُمْ يَنصُرُكُم
مِّن دُونِ الرَّحْمَٰنِ إِنِ الْكَافِرُونَ إِلَّا فِي غُرُورٍ ﴿٢٠﴾
أَمَّنْ هَٰذَا الَّذِي يَرْزُقُكُمْ إِنْ أَمْسَكَ رِزْقَهُ بَل لَّجُّوا
فِي عُتُوٍّ وَنُفُورٍ ﴿٢١﴾ أَفَمَن يَمْشِي مُكِبًّا عَلَىٰ وَجْهِهِ أَهْدَىٰ
أَمَّن يَمْشِي سَوِيًّا عَلَىٰ صِرَاطٍ مُّسْتَقِيمٍ ﴿٢٢﴾ قُلْ هُوَ الَّذِي
أَنشَأَكُمْ وَجَعَلَ لَكُمُ السَّمْعَ وَالْأَبْصَارَ وَالْأَفْئِدَةَ قَلِيلًا
مَّا تَشْكُرُونَ ﴿٢٣﴾ قُلْ هُوَ الَّذِي ذَرَأَكُمْ فِي الْأَرْضِ

**અથવા તમે નિડર થઇ ગયા તેનાથી જેનું રાજ્ય આકાશમાં છે કે તમારી ઉપર પથ્થરોનો વરસાદ મોકલે ?[૨૮] તો હવે જાણશો[૨૯] કે મારૂં ડરાવવું કેવું હતું (૧૭) અને બેશક! એમના આગલાઓએ જૂઠાડયું,[૩૦] તો મારો ઇન્કાર કેવો થઇ પડયો ?[૩૧] (૧૮) અને શું એમણે પોતાની ઉપર પાંખો ફેલાવતાં[૩૨] અને સંકોચતાં પક્ષીઓ જોયાં નથી ? તે તેમને રહમાન સિવાય[૩૩] કોઇ ટકાવી રાખતું નથી.[૩૪] બેશક! તે સર્વ કંઇ જુએ છે (૧૯) અથવા તમારૂં તે ક્યું સૈન્ય છે જે રહમાન સ્હામે તમારી મદદ કરે ?[૩૫] કાફિરો માત્ર છેતરામણમાં જ છે[૩૬] (૨૦) અથવા કોણ એવો છે જે તમને રોજી આપે જો તે પોતાની રોજી અટકાવી લે ?[૩૭] બલ્કે તેઓ બંડખોરી અને ઘૃણામાં જક્કી બની ગયા છે[૩૮] (૨૧) તો શું તે જે પોતાના મોઢાભેર ઉંધો ચાલે[૩૯] (તે) વધારે માર્ગ પર છે અથવા તે જે સીધો ચાલે[૪૦] સીધા માર્ગ પર ?[૪૧] (૨૨) તમે ફરમાવો ;[૪૨] તે જ છે જેણે તમને બનાવ્યા અને તમારા માટે કાન અને આંખ બનાવ્યાં.[૪૩] (પણ તમે) કેટલો ઓછો હક્ક પિછાણો છો ?[૪૪] (૨૩) તમે ફરમાવો ; તે જ છે જેણે તમને પૃથ્વીમાં ફેલાવ્યા અને તેના તરફ જ ઉઠાડવામાં આવશો[૪૫]**

૨૧. તેમની નેકીઓનો બદલો.

૨૨. તેના પર કશું છાનું નથી.

**શાને નુઝૂલ** :- મુશરિકો પરસ્પર કહેતા હતા કે છુપી રીતે વાત કરો જેથી મોહંમદ (સલ્લલ્લાહુ અલયહિ વસલ્લમ) નો ખુદા સાંભળે નહિ. તે બાબત આ આયત ઉતરી અને તેમને કહેવામાં આવ્યું કે તેનાથી કોઇ વસ્તુ છુપી નથી એ પ્રયત્નો બેકાર છે.

૨૩. પોતાની મખ્લૂકના હેવાલને.

૨૪. જે તેણે તમારા માટે બનાવી.

૨૫. કબરમાંથી બદલો પામવા.

૨૬. જેવો કે કારૂનને ધસાવી દીધો.

૨૭. જેથી તમે તેના બુંધે લાધી જાવ.

૨૮. જેવો કે હઝરત લૂત અલયહિસ્સલામની કોમ પર મોકલ્યો હતો.

૨૯. અર્થાત અઝાબ દેખીને.

૩૦. અર્થાત પહેલાંની ઉમ્મતોએ.

૩૧. જ્યારે મેં તેમનો નાશ કર્યો.

૩૨. પવનમાં ઉડતી વખતે.

૩૩. એટલે કે પક્ષીઓ વજનદાર જાડાં શરીરવાળાં હોવા છતાં અને વજનદાર વસ્તુ નીચે ગબડી

**(૨૪) અને કહે છે;[૪૬] આ વાયદો[૪૭] ક્યારે આવશે જો તમે સાચા હોવ તો ? (૨૫) તમે ફરમાવો; એ જાણકારી તો અલ્લાહ પાસે છે અને હું તો આ માત્ર ડર સંભળાવ-નાર છું[૪૮] ખુલ્લે ખુલ્લો (૨૬) પછી જ્યારે એને નજીક[૪૯] દેખશે (ત્યારે) કાફિરોનાં ડાચાંઓ બગડી જશે[૫૦] અને તેમને કહી દેવામાં આવશે;[૫૧] 'આ છે જે તમે માંગતા હતા'[૫૨] (૨૭) તમે ફરમાવો;[૫૩] 'જુઓ તો ખરા ! જો અલ્લાહ મને અને મારા સાથીદારોને[૫૪] હલાક (બરબાદ) કરે અથવા અમારી ઉપર મહેરબાની કરે[૫૫] તો તે કોણ છે જે કાફિરોને દુ:ખના અઝાબથી ઉગારી લેશે ?'[૫૬] (૨૮) તમે ફરમાવો; 'તે જ રહમાન છે[૫૭] અમે તેના પર ઇમાન લાવ્યા અને તેના પર ભરોસો કર્યો તો હમણાં જ જાણી લેશો[૫૮] કે કોણ ખુલ્લી ગુમરાહીમાં છે' (૨૯) તમે ફરમાવો; જુઓ તો ખરા ! જો સવારમાં તમારૂ પાણી ધરતીમાં ચૂસાઇ જાય[૫૯] તો તે કોણ છે જે તમને દ્રષ્ટિ સમક્ષ વહેતુ પાણી લાવી આપશે ?'[૬૦] (૩૦)**

**અલ્લાહના નામથી શરૂ જે ઘણો મહેરબાન રહેમવાળો (છે)[૬૧]**

**કલમ[૬૨] અને તેના લખાણની કસમ[૬૩] (૧) તમે તમારા રબની કૃપાથી પાગલ નથી[૬૪] (૨)**




પડવાનો કુદરતી નિયમ હોવા છતાં અલ્લાહ તઆલાની એ કુદરત છે કે તેઓ (અવકાશમાં) ટકી રહે છે. એવી જ રીતે આકાશો જ્યાં સુધી તે ઇચ્છે ત્યાં સુધી ટકેલાં છે અને તે એમને અટકાવી રાખે નહિ તો પડી જાય.

૩૪. પાંખો ફેલાવવા અને સંકોચવાની પરિસ્થિતિમાં પડી જવાથી.

૩૫. જો તે તમને અઝાબ કરવા ચાહે તો.

૩૬. અર્થાત કાફિરોને શયતાને એવી છેતરામણમાં નાખ્યા છે કે તેમની ઉપર અઝાબ ઉતરશે નહિ.

૩૭. અર્થાત તેના સિવાય કોઇ રોજી આપનાર નથી.

૩૮. પછી અલ્લાહ તઆલા કાફિર અને મુઅમિન માટે એક દાખલો આપે છે.

૩૯. ન આગળ જુએ ન પાછળ ન જમણે ન ડાબે.

૪૦. રસ્તો જોઇને.

૪૧. જે મંઝિલે મકસૂદ સુધી પહોંચાડનાર છે. આ દાખલાનો હેતુ એ છે કે કાફિર ગુમરાહીના મેદાન માં એવી રીતે હેરાન અને બાધો બનીને ચાલે છે કે તેને ક્યાં જવું છે તેની પણ ખબર નથી અને રસ્તાનો પણ જાણકાર નથી, અને મુઅમિન આંખો ઉઘાડી રાખીને સાચા માર્ગને જોતો ઓળખતો ચાલે છે.

૪૨. અય મુસ્તફા સલ્લલ્લાહુ અલયહિ વસલ્લમ ! મુશરિકોને કે હું તમને જે ખુદા તરફ બોલાવું છું તે...

૪૩. જે જાણકારી મેળવવાનાં સાધનો છે પરંતુ તમે એ ઇન્દ્રીઓની શક્તિઓથી લાભ ઉઠાવ્યો નહિ, જે સાંભળ્યું તે માન્યું નહિ, જે જોયું તેનાથી બોધ ગ્રહણ કર્યો નહિ, જે સમજ્યા તેમાં મનન કર્યું નહિ.

وَإِنَّ لَكَ لَأَجْرًا غَيْرَ مَمْنُونٍ ﴿٣﴾ وَإِنَّكَ لَعَلَىٰ خُلُقٍ عَظِيمٍ ﴿٤﴾
فَسَتُبْصِرُ وَيُبْصِرُونَ ﴿٥﴾ بِأَييِّكُمُ الْمَفْتُونُ ﴿٦﴾ إِنَّ رَبَّكَ
هُوَ أَعْلَمُ بِمَنْ ضَلَّ عَنْ سَبِيلِهِ وَهُوَ أَعْلَمُ بِالْمُهْتَدِينَ ﴿٧﴾
فَلَا تُطِعِ الْمُكَذِّبِينَ ﴿٨﴾ وَدُّوا لَوْ تُدْهِنُ فَيُدْهِنُونَ ﴿٩﴾
وَلَا تُطِعْ كُلَّ حَلَّافٍ مَهِينٍ ﴿١٠﴾ هَمَّازٍ مَشَّاءٍ بِنَمِيمٍ ﴿١١﴾
مَنَّاعٍ لِلْخَيْرِ مُعْتَدٍ أَثِيمٍ ﴿١٢﴾ عُتُلٍّ بَعْدَ ذَٰلِكَ زَنِيمٍ ﴿١٣﴾
أَنْ كَانَ ذَا مَالٍ وَبَنِينَ ﴿١٤﴾ إِذَا تُتْلَىٰ عَلَيْهِ آيَاتُنَا
قَالَ أَسَاطِيرُ الْأَوَّلِينَ ﴿١٥﴾ سَنَسِمُهُ عَلَى الْخُرْطُومِ ﴿١٦﴾
إِنَّا بَلَوْنَاهُمْ كَمَا بَلَوْنَا أَصْحَابَ الْجَنَّةِ إِذْ أَقْسَمُوا لَيَصْرِمُنَّهَا
مُصْبِحِينَ ﴿١٧﴾ وَلَا يَسْتَثْنُونَ ﴿١٨﴾ فَطَافَ عَلَيْهَا طَائِفٌ
مِنْ رَبِّكَ وَهُمْ نَائِمُونَ ﴿١٩﴾ فَأَصْبَحَتْ كَالصَّرِيمِ ﴿٢٠﴾

**અને તમારા માટે અવશ્ય અનંત સવાબ છે[૬૫] (૩) અને બેશક તમારૂં ચારિત્ર્ય અતિ ઉચ્ચ છે[૬૬] (૪) તો હવે કોઇ પળ વિતે છે કે તમે પણ જાણી લેશો અને તેઓ પણ જાણી લેશે[૬૭] (૫) કે તમારામાં કોણ પાગલ હતું (૬) બેશક ! જે તેના માર્ગથી ભટકે તેને અલ્લાહ ખૂબ જાણે છે અને તે ખૂબ જાણે છે તેને જે માર્ગ પર છે (૭) તેઓ તો એવી અભિલાષા ધરાવે છે કે કોઇ રીતે તમે નરમાશ કરો[૬૮] તો તેઓ પણ નરમ પડી જાય (૯) અને દરેક એવાની વાત સાંભળશો નહિ જે બહુંજ કસમો ખાનાર[૬૯] અપમાનિત (૧૦) બહું જ મ્હેણાં ટોણા મારનાર ખૂબ જ અહીંનું ત્યાં કહી દેનાર[૭૦] (૧૧) ભલાઇથી બહું જ અટકાવનાર[૭૧] હદથી આગળ વધી જનાર ગુન્હેગાર[૭૨] (૧૨) ક્રોધી સ્વભાવનો[૭૩] આ બધાથી વધીને એ કે તેના તુખમમાં ફેર[૭૪] (૧૩) તે (એવા અભિમાનમાં છે કે) કંઇક માલ દોલત અને દીકરાઓ ધરાવે છે (૧૪) જ્યારે તેની સમક્ષ અમારી આયતો પઢવામાં આવે[૭૫] (ત્યારે) કહે છે કે; '(એ તો) આગલાઓની વાર્તાઓ છે'[૭૬] (૧૫) નજીક છે કે અમે તેના સુવ્વર જેવા નસકોરા પર ડામ ચાંપીશું[૭૭] (૧૬) બેશક અમે એમની કસોટી કરી[૭૮] જેવી કે પેલા વાડીવાળાઓની કસોટી કરી હતી,[૭૯] જ્યારે તેમણે કસમ ખાધી કે જરૂર સવાર પડતાં આ ખેતરોને લણી લઇશું[૮૦] (૧૭) અને ઇન્શાઅલ્લાહ કહ્યું નહિ[૮૧] (૧૮) તો તેના પર[૮૨] તારા રબ તરફથી એક ફરનાર ફરી ગયો[૮૩] (૧૯) અને તેઓ ઊંઘતા હતા તો સવારમાં તૂટી ગએલા ફળ જેવું[૮૪] થઇને રહ્યું[૮૫] (૨૦)**

૪૪. કે અલ્લાહ તઆલાએ આપેલી શક્તિઓ અને સાધનોથી તે કામ લેતા નથી જેના માટે તે આપવામાં આવ્યાં છે એ જ કારણ છે કે શિર્ક અને કુફ્રમાં સપડાઇ જાવ છો.

૪૫. કયામતના દિવસે હિસાબ અને બદલા માટે.

૪૬. મુસલમાનોને મશ્કરીમાં...

૪૭. અઝાબ અથવા કયામતનો...

૪૮. અર્થાત અઝાબ અને કયામત આવી લાગવાનો તમને ડર સંભળાવું છું. એટલું જ મારૂં કર્તવ્ય છે એનાથી જ મારો ફરજ પુરો થઇ જાય છે, સમય કહી આપવાનું મારા માથે નથી.

૪૯. અર્થાત જેનો વાયદો થયો છે તે અઝાબને.

૫૦. મોઢાંઓ કાળાં પડી જશે અને ભયાનકતા તેમ જ ચિંતાના કારણે શિકલો બગડી જશે.

૫૧. જહન્નમના ફરિશ્તાઓ કહેશે.....

૫૨. અને પૈગમ્બરોને કહેતા હતા કે તે અઝાબ ક્યાં છે જલ્દી લાવો. હવે જોઇ લો આ છે તે અઝાબ જેની તમને ઉતાવળ હતી.

૫૩. અય મુસ્તફા સલ્લલ્લાહુ અલયહિ વસલ્લમ ! મક્કાના કાફિરોને જે આપના મૃત્યુની તમન્ના ધરાવે છે.

૫૪. અર્થાત મારા સહાબાને.

૫૫. અને અમારાં આયુષ્યો લંબાવી આપે.

૫૬. તમારે તો તમારા કુફ્રના કારણે જરૂરથી અઝાબમાં સપડાવાનું છે અમારૂં મોત તમને શું લાભ આપશે ?

૫૭. જેની તરફ અમે તમને બોલાવીએ છીએ.

૫૮. અર્થાત અઝાબ સમયે.

૫૯. અને એટલું ઊંડુ ઉતરી જાય કે ડોલ વિગેરેથી કાઢી શકાય નહિ.

૬૦. કે તેના સુધી દરેકનો હાથ પહોંચી શકે. એ માત્ર અલ્લાહ તઆલાની જ કુદરતમાં છે તો જે કોઇ વસ્તુ પર કુદરત ધરાવતુ ન હોય તેને ઇબાદતમાં તે સર્વ સત્તાધિશનું શરીક શા માટે બનાવો છો ?

૬૧. આ સૂરતનું નામ સૂરએ નૂન અને સૂરએ કલમ છે. આ સૂરત મક્કામાં ઉતરેલી છે. એમાં ૨ રૂકૂઅ ૫૨ આયતો ૩૦૦ શબ્દો અને ૧૨૫૬ અક્ષરો છે.

૬૨. અલ્લાહ તઆલાએ કલમની કસમ યાદ કરી એ કલમનો મતલબ યા તો લેખકોની કલમો છે જેની સાથે દીન અને દુનિયાનાં હિતો જોડાએલાં છે અને યા તો 'કલમે આલા'નો મતલબ છે જે સંપૂર્ણ કલમ છે અને તેની લંબાઇ આકાશ અને ધરતી વચ્ચેના અંતર જેટલી છે તેણે અલ્લાહના હુક્મથી લવહે મહફૂઝમાં કયામત સુધી બનવાના બનાવો લખી આપ્યા છે.

૬૩. અર્થાત માનવીઓનાં કર્મોની દેખરેખ રાખનાર ફરિશ્તાઓના લખવાની કસમ.

૬૪. તેની મહેરબાની અને કૃપા તમારી સાથે છે તેણે તમારી ઉપર ઇનામો અને એહસાનો કર્યાં છે નબુવ્વત અને હિકમત આપી છે, નિર્મળ ભાષા સંપૂર્ણ બુધ્ધિ ચોખ્ખી ટેવો મનમોહલ ચારિત્ર્ય આપેલાં છે. મખ્લૂક માટે જેટલી ખૂબીઓ શક્ય હોય તે સર્વે પુરેપુરી રીતે આપી પ્રત્યેક એબથી ઉચ્ચ ગુણો ધરાવતી આપની જાતને પાક રાખી. આમાં કાફિરોની તે વાતને રદિયો અપાયો છે જે તેમણે કહી હતી કે; અય તે જેના પર ઝિક્ર ઉતારવામાં આવ્યું બેશક તુ પાગલ છે. (મુઆઝલ્લાહ)

૬૫. રિસાલતના પ્રચાર અને નબુવ્વતના એલાન તેમજ મખ્લૂકને અલ્લાહ તરફ નિમંત્રણ આપવાનો અને કાફિરોની આવી બેહૂદી વાતો આક્ષેપો અને ટોણાઓ બદલ સબર કરવાનો.

૬૬. હઝરત ઉમ્મુલ મુઅમિનીન આઇશહ રદીયલ્લાહુ અન્હાને હુઝૂરના અખ્લાક વિષે પૂછવામાં આવ્યું ત્યારે આપે ફરમાવ્યું કે; હદીષ શરીફમાં છે કે હુઝૂરે ફરમાવ્યું; મને ચારિત્ર્યની ખૂબીઓ અને કામોની સારાસારની સંપૂર્ણતા માટે મોકલવામાં આવ્યો.

૬૭. અર્થાત મક્કાવાસીઓ પણ (જાણી લેશે) જ્યારે કે તેમના પર અઝાબ ઉતરશે.

૬૮. દીનના મામલામાં તેમની શેહશરમ ખાતર.

૬૯. કે જૂઠી અને અસત્ય વાતો માટે કસમો ખાવામાં નિડર છે એનો નિર્દેશ યા તો વલીદ બિન મુગીરા તરફ છે યા તો અસ્વદ બિન યગૂસ તરફ અથવા અસ્વદ બિન શુરેક તરફ. આગળ તેના અવગુણોનું વર્ણન થાય છે.

૭૦. જેથી લોકોમાં કુસંપ ફેલાવે.

૭૧. બખીલ. ન પોતે વાપરે ન બીજાઓને નેક કામોમાં વાપરવા દે. હઝરત ઇબ્ને અબ્બાસ રદીયલ્લાહુ તઆલા અન્હુમાએ એનો અર્થ એવો કહ્યો છે કે; ભલાઇથી રોકવાનો મતલબ ઇસ્લામ લાવવાથી અટકાવવાનો છે, કારણ કે વલીદ બિન મુગીરા પોતાના દીકરાઓ અને સગાંઓને કહેતો હતો કે; જો તમારામાંથી કોઇએ ઇસ્લામ સ્વીકાર્યો તો હું તેને મારી દોલતમાંથી કશું આપીશ નહિ.

૭૨. કુકર્મો કરનાર.

૭૩. ખરાબ સ્વભાવ અને ખરાબ બોલીવાળો.

૭૪. અર્થાત હરામી. તો પછી એનાથી કુકર્મો થવાં એ શું અજબ વાત છે ? બયાન કરવામાં આવ્યું છે કે જ્યારે આ આયત ઉતરી ત્યારે વલીદ બિન મુગીરાએ જઇને પોતાની માં ને કહ્યું કે; મોંહમદ (મુસ્તફા સલ્લલ્લાહુ અલયહિ વસલ્લમે) મારા વિષે દસ વાતો કહી છે તેમાંથી નવ વાતોને તો હું જાણું છું કે તે મારા માં છે પણ દસમી વાત તુખમમાં ફેર હોવાની જાણ મને નથી. યા તો તુ મને સાચેસાચું કહી દે યા હું તારૂ ડોકું કાપી નાખુ છું. ત્યારે તેની માંએ કહ્યું; તારો બાપ નપુંસક હતો મને ભય પેઠો કે જો તે મરી જશે તો તેની દોલત પારકાઓ લઇ જશે તેથી મેં એક ભરવાડને મારી પાસે બોલાવ્યો તું તેનો છે.

**ફાયદો** :- વલીદે હુઝૂરની શાનમાં એક જૂઠો શબ્દ ''મજનૂન'' (પાગલ) કહ્યો હતો તેના જવાબમાં અલ્લાહ તઆલાએ તેના દસ સાચા એબ જાહેર કરી દીધા. એનાથી હુઝૂર સલ્લલ્લાહુ અલયહિ વસલ્લમની શ્રેષ્ઠતા અને અલ્લાહની આપની સાથેની મહોબ્બત જાહેર થાય છે.

૭૫. અર્થાત કુરઆન મજીદ.

૭૬. અને એવું કહેવા પાછળ તેનો હેતુ એ હતો કે જૂઠ છે અને અને તેનું એવું કહેવું એ વાતના પરિણામે છે કે અમે તેને માલ અને ઔલાદ આપી.

૭૭. અર્થાત તેની શિકલ વિકૃત કરી દઇશું અને તેના અંતરના મેલનાં ચિન્હો તેના મોઢા પર જાહેર કરી દઇશું જેથી તેના માટે શરમનું કારણરૂપ બને. આખેરતમાં તો આ બધું બનશે જ પણ દુનિયામાં પણ આ આગાહી સાચી પુરવાર થઇ અને તેનું નાક એબવાળું બની ગયું, કહેવાય છે કે બદ્ર(ની લડાઇ)માં તેનું નાક કપાઇ ગયું. (ખાઝિન, મદારિક, જલાલૈન).

૭૮. અર્થાત મક્કાવાસીઓને નબીએ કરીમ સલ્લલ્લાહુ અલયહિ વસલ્લમની દુઆથી જે આપે માંગી હતી કે; અય અલ્લાહ ! એમને એવા દુકાળમાં સપડાવ જેવો કે હઝરત યૂસુફ અલયહિસ્સલામના સમયમાં પડયો હતો. જેમકે પછી મક્કાવાસીઓ દુકાળની એવી આપત્તિમાં સપડાવાયા કે મુરદાર અને હાડકાંઓ સુધ્ધા ખાઇ ગયા અને એ રીતે કસોટીમાં નાખવામાં આવ્યા.

૭૯. એ વાડીનું નામ મરદાન હતું એ વાડી યમનના સનઆ પ્રદેશથી બે ફરસંગના અંતરે રસ્તાની બાજુમાં જ હતી. તેનો માલિક એક નેક માણસ હતો જે વાડીનાં ફળો ફકીરોને ખૂબ આપતો હતો જ્યારે પણ વાડીમાં જતો ત્યારે ગરીબોને તેડતો. બધાં તુટી ગએલાં નીચે પડેલાં ફળો તેમને આપી દેતો હતો ને બગીચામાં પાથરણા પાથરી દેતો અને (ફળો ઉતારતી વખતે) જે ફળો તે પાથરણાઓ પર પડતાં તે પણ ગરીબોને આપી દેતો હતો અને જે ભાગ ચોખ્ખે ચોખ્ખો તેનો હોતો તેમાંથી પણ દસમો ભાગ તેમને આપતો. એ જ રીતે ખેતી લણતી વખતે પણ તેણે નાદારોના બહું હિસ્સાઓ નક્કી કરી રાખેલા હતા. તેના પછી તેના ત્રણ પુત્રો (તે વાડીના) વારસદાર બન્યા તેમણે પરસ્પર મશ્વરો કર્યો કે માલ થોડો છે કુટુંબ મોટું છે જો બાપની જેમ આપણે પણ ખૈરાત ચાલુ રાખીશું તો ગરીબ બની જઇશું પરસ્પર કસમો ખાધી કે કાલે મળસ્કે લોકોના ઉઠતાં પહેલાં વાડીમાં જઇને બધાં ફળો ઉતારી લઇશું જેવું કે વર્ણવવામાં આવે છે.....

૮૦. જેથી મિસ્કીનોને ખબર પડે નહિ.

૮૧. એ લોકો તો કસમો ખાઇને સૂઇ ગયા.

૮૨. અર્થાત વાડી પર.

فَتَنَادَوْا مُصْبِحِينَ ﴿٢١﴾ أَنِ اغْدُوا عَلَىٰ حَرْثِكُمْ إِن
كُنتُمْ صَارِمِينَ ﴿٢٢﴾ فَانطَلَقُوا وَهُمْ يَتَخَافَتُونَ ﴿٢٣﴾ أَن
لَّا يَدْخُلَنَّهَا الْيَوْمَ عَلَيْكُم مِّسْكِينٌ ﴿٢٤﴾ وَغَدَوْا عَلَىٰ حَرْدٍ
قَادِرِينَ ﴿٢٥﴾ فَلَمَّا رَأَوْهَا قَالُوا إِنَّا لَضَالُّونَ ﴿٢٦﴾ بَلْ نَحْنُ
مَحْرُومُونَ ﴿٢٧﴾ قَالَ أَوْسَطُهُمْ أَلَمْ أَقُل لَّكُمْ لَوْلَا تُسَبِّحُونَ ﴿٢٨﴾
قَالُوا سُبْحَانَ رَبِّنَا إِنَّا كُنَّا ظَالِمِينَ ﴿٢٩﴾ فَأَقْبَلَ بَعْضُهُمْ
عَلَىٰ بَعْضٍ يَتَلَاوَمُونَ ﴿٣٠﴾ قَالُوا يَا وَيْلَنَا إِنَّا كُنَّا طَاغِينَ ﴿٣١﴾
عَسَىٰ رَبُّنَا أَن يُبْدِلَنَا خَيْرًا مِّنْهَا إِنَّا إِلَىٰ رَبِّنَا
رَاغِبُونَ ﴿٣٢﴾ كَذَٰلِكَ الْعَذَابُ ۖ وَلَعَذَابُ الْآخِرَةِ
أَكْبَرُ ۚ لَوْ كَانُوا يَعْلَمُونَ ﴿٣٣﴾ إِنَّ لِلْمُتَّقِينَ عِندَ رَبِّهِمْ
جَنَّاتِ النَّعِيمِ ﴿٣٤﴾ أَفَنَجْعَلُ الْمُسْلِمِينَ كَالْمُجْرِمِينَ ﴿٣٥﴾

**પછી તેમણે સવાર પડતાં એક બીજાને પોકાર્યા (૨૧) કે મળસ્કે પોતાના ખેતરોમાં ચાલો જો તમારે લણવાં હોય (૨૨) તો ચાલ્યા અને પરસ્પર ધીમે ધીમે કહેતા જતા હતા (૨૩) કે; 'કદાપી આજે કોઇ નાદાર તમારી વાડીમાં આવવા પામે નહિ' (૨૪) અને મળસ્કે ચાલ્યા પોતાના એ ઇરાદા બાબતે (પોતાને) શક્તિમાન સમજતા[૮૬] પછી જ્યારે તેને જોઇ[૮૭] (ત્યારે) બોલ્યા; 'બેશક ! આપણે માર્ગ ભૂલ્યા[૮૮] (૨૬) બલ્કે આપણે કુભાગી બન્યા[૮૯] (૨૭) તેમનામાં જે બધાંથી (જરા) ઠીક હતો તે બોલ્યો; 'હું તમને કહેતો ન હતો કે તસ્બીહ કેમ કરતા નથી ?'[૯૦] (૨૮) બોલ્યા; 'પવિત્રતા છે અમારા રબને બેશક અમે જાલિમ હતા' (૨૯) હવે એક બીજા તરફ ઠપકો આપતાં ફર્યો[૯૧] (૩૦) બોલ્યા; 'હાય આપણી ખરાબી ! બેશક આપણે બંડખોર હતા[૯૨] (૩૧) આશા રાખીએ કે આપણને આપણો રબ આનાથી ઉત્તમ બદલો આપે આપણે આપણા રબ તરફ કેન્દ્રિત થઇએ છીએ'[૯૩] (૩૨) માર આવો હોય છે[૯૪] અને બેશક આખેરતનો માર બધાંથી મોટો કેટલું સારૂં થાત જો તેઓ જાણત[૯૫] (૩૩) બેશક ડરવાળાઓ માટે તેમના રબ પાસે[૯૬] રાહતના બગીચાઓ છે[૯૭] (૩૪) શું અમે મુસલમાનોને અપરાધીઓ જેવા કરી દઇએ ?'[૯૮] (૩૫)**

૮૩. અર્થાત એક બલા આવી, અલ્લાહના હુક્મથી આગ ઉતરી અને વાડીનો નાશ કરી ગઇ.

૮૪. તે વાડી.

૮૫. અને તે લોકોને કશી ખબર થઇ નહિ તેઓ સવારે વહેલા ઉઠયા.

૮૬. કોઇ મિસ્કીનને આવવા દઇશું નહિ અને બધાં ફળો આપણે લઇ લઇશું.

૮૭. અર્થાત વાડીને કે તેમાં ફળનું નામ નિશાન પણ નથી.

૮૮. અર્થાત કોઇ બીજી વાડીમાં પહોંચી ગયા છીએ આપણી વાડી તો બહું ફળદાર છે. પછી જ્યારે ધ્યાનથી જોયું અને તેને ઓળખી કે આપણી જ વાડી છે ત્યારે બોલ્યા.....

૮૯. તેના લાભમાંથી મિસ્કીનોને નહિ આપવાનો ઇરાદો કરીને.

૯૦. અને ખરાબ ઇરાદાથી તવબહ કેમ કરતા નથી ? અને અલ્લાહની નેઅમતનો આભાર કેમ માનતા નથી.

૯૧. અને અંતે તે બધાંએ એકરાર કર્યો કે આપણાથી ભૂલ થઇ અને આપણે હદનું ઉલ્લંઘન કર્યું.

૯૨. કે આપણે અલ્લાહ તઆલાની નેઅમતનો આભાર માન્યો નહિ અને બાપ-દાદાના નેક તરીકાને પડતો મૂક્યો.

૯૩. તેની માફી અને મહેરબાનીની આશા રાખીએ છીએ. તે લોકોએ સચ્ચાઇપૂર્વક નિખાલસતાથી તવબહ કરી તો અલ્લાહ તઆલાએ તેમને તેના બદલે તેનાથી ઉત્તમ બીજી વાડી આપી જેનું નામ 'બાગે હયવાન' હતું અને તેની ઉપજ અને સ્વચ્છ આબોહવાની હાલત એવી હતી કે તેની દ્રાક્ષોનો એક ઝુમખો એક

تبارك الذي ٢٩ القلم ٦٨

ما لكم كيف تحكمون ﴿٣٦﴾ أم لكم كتاب فيه تدرسون ﴿٣٧﴾
إن لكم فيه لما تخيرون ﴿٣٨﴾ أم لكم أيمان علينا
بالغة إلى يوم القيامة إن لكم لما تحكمون ﴿٣٩﴾ سلهم
أيهم بذلك زعيم ﴿٤٠﴾ أم لهم شركاء فليأتوا بشركائهم
إن كانوا صادقين ﴿٤١﴾ يوم يكشف عن ساق و
يدعون إلى السجود فلا يستطيعون ﴿٤٢﴾ خاشعة أبصارهم
ترهقهم ذلة وقد كانوا يدعون إلى السجود وهم
سالمون ﴿٤٣﴾ فذرني ومن يكذب بهذا الحديث
سنستدرجهم من حيث لا يعلمون ﴿٤٤﴾ وأملي لهم
إن كيدي متين ﴿٤٥﴾ أم تسألهم أجرا فهم من مغرم
مثقلون ﴿٤٦﴾ أم عندهم الغيب فهم يكتبون ﴿٤٧﴾ فاصبر

**તમને થયું છે શું કેવો હુકમ લાગુ પાડો છો ?[૯૯] (૩૬) શું તમારા માટે કોઇ કિતાબ છે જેમાં (એ વસ્તુ) પઢો છો ? (૩૭) કે તમારા માટે તેમાં (તે વસ્તુ) હોય જે તમે પસંદ કરો ? (૩૮) અથવા તમારા માટે અમારી ઉપર કયામત સુધી પહોંચનાર[૧૦૦] કંઇક સોગંદ છે કે (તેના કારણે) તમે જે વસ્તુનો દાવો કરો તે તમને મળી જાય ?[૧૦૧] (૩૯) તમે એમને[૧૦૨] પૂછો ; એમનામાં કોણ એ બાબતનો જામિન છે ?[૧૦૩] (૪૦) અથવા એમની પાસે અમુક ભાગીદારો છે ?[૧૦૪] તો જો સાચા હોય તો પોતાના ભાગીદારોને લઇને આવે[૧૦૫] (૪૧) જે દિવસે એક સાક (એનો અર્થ અલ્લાહ જ જાણે છે) ખોલવામાં આવશે[૧૦૬] અને સિજદા માટે બોલાવવામાં આવશે તો[૧૦૭] (તેઓ) કરી શકશે નહિ[૧૦૮] (૪૨) નીચી દ્રષ્ટિ કરેલા,[૧૦૯] તેમની ઉપર ફજેતી છવાતી હશે. અને બેશક ! દુનિયામાં સિજદા માટે બોલાવવામાં આવતા હતા[૧૧૦] જ્યારે કે તંદુરસ્ત હતા[૧૧૧] (૪૩) તો જે આ વાત ને[૧૧૨] જૂઠાડે છે તેને મારી ઉપર છોડી દો[૧૧૩] નજીક છે કે અમે તેમને ધીરે ધીરે લઇ જઇશું[૧૧૪] જ્યાંથી તેમને ખબર (પણ) નહિ પડે (૪૪) અને હું એમને ઢીલ આપીશ બેશક મારી છૂપી યુક્તિ બહું પાકી છે[૧૧૫] (૪૫) અથવા શું તમે તેમની પાસે મહેનતાણું માંગો છો[૧૧૬] કે (તેમને એવું લાગે કે) તેઓ દંડના ભાર નીચે દબાએલા છે ?[૧૧૭] (૪૬) અથવા એમની પાસે ગૈબ છે[૧૧૮] કે (જેનાથી) તેઓ લખી રહ્યા છે ?[૧૧૯] (૪૭) તો તમે તમારા રબના**

ગધેડા પર લાદવામાં આવતો હતો.

૯૪. અય મક્કાના કાફિરો ! હોશમાં આવો, આ તો દુનિયાનો માર છે.....

૯૫. આખેરતના અઝાબને અને તેનાથી બચવા માટે અલ્લાહ તઆલા અને તેના રસૂલની ફરમાંબરદારી કરત.

૯૬. એટલે કે આખેરતમાં.

૯૭. **શાને નુઝૂલ** :- મુશરિકોએ મુસલમાનોને કહ્યું હતું કે જો અમને મરી ગયા પછી ઉઠાડવામાં આવશે તો ત્યાં પણ અમે તમારાથી સારા હોઇશુ અને અમારી જ પદવી ઊંચી રહેશે જેવી રીતે કે દુનિયામાં અમને રાહત છે, ત્યારે આ આયત ઉતરી જે આગળ આવે છે.

૯૮. અમે એ નિખાલસ બંદાઓને આ બંડખોરો પર શ્રેષ્ઠતા નહિ આપીએ?

૯૯. અજ્ઞાનતાના કારણે.

૧૦૦. આ બાબતને લગતા જેની મુદ્દત પુરી થવાની હોય નહિ.

૧૦૧. પોતાના માટે અલ્લાહના દરબારમાં ભલાઇ અને ઇજ્જતનો. હવે અલ્લાહ તઆલા પોતાના હબીબ સલ્લલ્લાહુ અલયહિ વસલ્લમને સંબોધે છે...

૧૦૨. અર્થાત કાફિરોને.

૧૦૩. કે આખેરતમાં તેમને મુસલમાનોથી ઉત્તમ અથવા તેમની જેવો (બદલો) મળશે.

૧૦૪. જેઓ એ દાવામાં તેમની તરફેણ કરે અથવા એની જવાબદારી માથે લે.

હુકમની રાહ જુઓ[૧૨૦] અને તે માછલીવાળાની જેમ થશો નહિ[૧૨૧] જ્યારે (તેણે) એવી હાલતમાં (અલ્લાહને) પોકાર્યા કે તેનું દિલ ગુંગળાઈ રહ્યું હતું[૧૨૨] (૪૮) જો તેના રબની નેઅમત તેની ખબર લેવા પહોંચી જાત નહિ[૧૨૩] તો અવશ્ય (તેને) મેદાન પર ફેંકી દેવામાં આવત આરોપ મૂકાએલો[૧૨૪] (૪૯) તો તેને તેના રબે ચૂંટી લીધો અને પોતાની ખાસ નિકટતા પાત્ર લોકોમાં કરી લીધો (૫૦) અને અવશ્ય કાફિરો તો એવા લાગે છે કે જાણે પોતાની કુદ્રષ્ટિ લગાડીને તમને પાડી નાખશે જ્યારે કે કુરઆન સાંભળે છે,[૧૨૫] અને કહે છે;[૧૨૬] આ જરૂર બુધ્ધિથી વેગળા છે (૫૧) અને એ[૧૨૭] તો સારાય જગત માટે[૧૨૮] નસીહત સિવાય બીજું કશું ય નથી (૫૨)

### અલ્લાહના નામથી શરૂ જે ઘણો મહેરબાન રહેમવાળો (છે)[૧૨૯]

તે સત્ય પુરવાર થનાર[૧૩૦] (૧) તે કેવી સત્ય પુરવાર થનાર[૧૩૧] (૨) અને તમે શું જાણયું કે તે સત્ય પુરવાર થનાર કેવી (છે) ?[૧૩૨] (૩) ષમૂદ અને આદે તે સખત સદમો આપનારીને જૂઠાડી (૪) તો ષમૂદ તો હદ ઉપરાંતની ગર્જના દ્વારા નાશ કરાયા [૧૩૩] (૫) અને રહ્યા આદ, તો તેઓ ખૂબ જ સખત ગર્જનાવાળા વંટોળીયા વડે તબાહ કરી દેવાયા (૬) તે તેમની ઉપર સાત રાતો અને આઠ દિવસ[૧૩૪] સખત રીતે લાગેલો રહ્યો લગાતાર તો એ લોકોને તેમાં[૧૩૫] જુઓ, પછડાએલા.[૧٣٦] જાણે કે તેઓ પડેલા ખજૂરના દંડાઓ છે (૭) તો તમે તેમનામાં

الحاقة ٦٩ تبارك الذي ٢٩

لِحُكْمِ رَبِّكَ وَلَا تَكُن كَصَاحِبِ الْحُوتِ إِذْ نَادَىٰ وَهُوَ مَكْظُومٌ ﴿٤٨﴾

لَّوْلَا أَن تَدَارَكَهُ نِعْمَةٌ مِّن رَّبِّهِ لَنُبِذَ بِالْعَرَاءِ وَهُوَ مَذْمُومٌ ﴿٤٩﴾

فَاجْتَبَاهُ رَبُّهُ فَجَعَلَهُ مِنَ الصَّالِحِينَ ﴿٥٠﴾ وَإِن يَكَادُ الَّذِينَ

كَفَرُوا لَيُزْلِقُونَكَ بِأَبْصَارِهِمْ لَمَّا سَمِعُوا الذِّكْرَ وَيَقُولُونَ

إِنَّهُ لَمَجْنُونٌ ﴿٥١﴾ وَمَا هُوَ إِلَّا ذِكْرٌ لِّلْعَالَمِينَ ﴿٥٢﴾

سُورَةُ الْحَاقَّةِ بِسْمِ اللَّهِ الرَّحْمَٰنِ الرَّحِيمِ

الْحَاقَّةُ ﴿١﴾ مَا الْحَاقَّةُ ﴿٢﴾ وَمَا أَدْرَاكَ مَا الْحَاقَّةُ ﴿٣﴾ كَذَّبَتْ ثَمُودُ

وَعَادٌ بِالْقَارِعَةِ ﴿٤﴾ فَأَمَّا ثَمُودُ فَأُهْلِكُوا بِالطَّاغِيَةِ ﴿٥﴾

وَأَمَّا عَادٌ فَأُهْلِكُوا بِرِيحٍ صَرْصَرٍ عَاتِيَةٍ ﴿٦﴾ سَخَّرَهَا عَلَيْهِمْ

سَبْعَ لَيَالٍ وَثَمَانِيَةَ أَيَّامٍ حُسُومًا فَتَرَى الْقَوْمَ فِيهَا

صَرْعَىٰ كَأَنَّهُمْ أَعْجَازُ نَخْلٍ خَاوِيَةٍ ﴿٧﴾ فَهَلْ تَرَىٰ لَهُم

૧૦૫. વાસ્તવમાં તેઓ અસત્ય પર છે તેમની પાસે એવી કોઇ કિતાબ નથી જેમાં એવું લખેલું હોય જેવું તેઓ કહે છે કારણ કે અલ્લાહ તઆલાનો એવો કોઇ વાયદો (તેમની સાથે) નથી ન તો તેમનો કોઇ જામિન છે ન તરફેણ કરનાર.

૧૦૬. આલિમોની બહુમતી અનુસાર 'સાક ઉઘાડવા'નો મતલબ તે સખ્તાઇ અને કષ્ટો છે જે કયામતના દિવસે હિસાબ અને બદલા વખતે સહેવાં પડશે. હઝરત ઇબ્ને અબ્બાસ રદીયલ્લાહુ અન્હુમાએ ફરમાવ્યું છે કે આખી કયામત દરમિયાન એ સમય જ ખૂબ કપરો હશે. આગલા બુઝુર્ગોની રીતે એ જ રહી છે કે તેઓ એના અર્થ વિષે ચર્ચા કરતા નથી અને તેઓનું કહેવું એવું છે કે અમે એના પર ઇમાન લાવીએ છીએ અને એનો જે અર્થ છે તે અલ્લાહને સોંપીએ છીએ.

૧૦૭. અર્થાત કાફિરો અને મુનાફિકોને ધમકી રૂપે અને કસોટી કરવા.

૧૦૮. તેમના બરડાઓ તાંબાના પતરા જેવા નક્કર થઇ જશે (તેથી નમી શકશે નહિ).

૧૦૯. તેમની ઉપર બદનામી અને પસ્તાવો છવાએલો હશે.

૧૧૦. અને અઝાનોમાં તેમને હય્ય અલ સ્સલાહ, હય્ય અલલ ફલાહ દ્વારા નમાઝ અને સિજદા માટે બોલાવવામાં આવતા હતા.

૧૧૧. છતાં પણ સિજદો કરતા ન હતા એનું જ પરિણામ છે કે હવે સિજદાથી વંચિત રહ્યા.

૧૧૨. અર્થાત કુરઆન મજીદને.

૧૧૩. હું તેને સજા આપીશ.

૧૧૪. પોતાના અઝાબ તરફ, એ રીતે કે ગુન્હાઓ કરતા છતાં તેમને તંદુરૂસ્તી અને રોજી બધુ જ મળતું રહેશે અને પળે પળે અઝાબ નજીક આવતો જશે.

૧૧૫. મારો અઝાબ સખત છે.

૧૧૬. રિસાલતના પ્રચાર બદલ.

૧૧૭. અને દંડનો ભાર એમના શિરે એટલો બધો છે જેના કારણે ઇમાન લાવતા નથી.

૧૧૮. અહીં ''ગૈબ''નો મતલબ 'લવહે મહફૂઝ' છે.

૧૧૯. તેમાંથી, તેઓ જે કંઇ કહી રહ્યા છે તે.

૧૨૦. જે તે તેમના માટે મોકલે અને અમુક સમય એમનાં કષ્ટો બદલ ધીરજ ધરો.

૧૨૧. કોમ પર ગુસ્સો કરવા બાબતે. અને એનો નિર્દેશ હઝરત યૂનુસ અલયહિસ્સલામ તરફ છે.

૧૨૨. માછલીના પેટમાં ચિંતાની હાલતમાં.

૧૨૩. અને અલ્લાહ તઆલા તેમના કારણ અને દુઆને માન્ય રાખીને તેમની ઉપર મહેરબાની કરત નહિ....

૧૨૪. પરંતુ અલ્લાહ તઆલાએ મહેરબાની કરી.

૧૨૫. અને અદેખાઇ તેમજ અદાવતની નજરે તાકી તાકીને જુએ છે.

**શાને નુઝૂલ** :- બયાન કરવામાં આવ્યું છે કે અરબમાં અમુક લોકો નજર લગાડવામાં ખૂબ પ્રખ્યાત હતા અને તેમની હાલત એવી હતી કે દાવો કરી કરીને નજર લગાડતા હતા અને જે વસ્તુને તેમણે નુકસાન પહોંચાડવાના ઇરાદે જોઇ તે જોતાંની સાથે જ નાશ પામી. આવા ઘણા બનાવો તેમના અનુભવમાં આવેલા હતા. કાફિરોએ તેમને કહ્યું કે; હુઝૂર સલ્લલ્લાહુ અલયહિ વસલ્લમને નજર લગાડો. ત્યારે તે લોકોએ હુઝૂર ને ખૂબ ધારી ધારીને જોયા અને કહ્યું કે; અમે અત્યાર સુધી આવો માનવી જોયો નથી અને આવી દલીલો દેખી નથી. અને તેમનું કોઇ વસ્તુને જોઇને અચરજ પામવું એ જ હાહાકાર મચાવતું હતું. પણ તેમના આ બધા પ્રયાસો તેમની રાત દિવસની બીજી કોશિષોની જેમ નિષ્ફળ નિવડયા અને અલ્લાહ તઆલાએ પોતાના નબી સલ્લલ્લાહુ અલયહિ વસલ્લમને તેમના નુકસાનથી બચાવ્યા અને આ આયત ઉતરી હઝરત હસન રદીયલ્લાહુ તઆલા અન્હુએ ફરમાવ્યું છે કે; જેને નજર લાગે તેને આ આયત પઢીને ફૂંકવામાં આવે.

૧૨૬. હસદ અને દુશ્મનીના કારણે લોકોમાં ઘૃણા જન્માવવા સય્યિદે આલમ સલ્લલ્લાહુ અલયહિ વસલ્લમ વિષે જ્યારે કે આપને કુરઆને કરીમ પઢતા જુએ છે.

૧૨૭. અર્થાત કુરઆન શરીફ યા સય્યિદે આલમ મોહંમદ મુસ્તફા સલ્લલ્લાહુ અલયહિ વસલ્લમ.

૧૨૮. જિન્ન માટે પણ અને માનવીઓ માટે પણ અથવા ''ઝિક્ર'' નો અર્થ શ્રેષ્ઠતા અને બુઝુર્ગી છે, એ રીતે અર્થ એ થશે કે સય્યિદે આલમ સલ્લલ્લાહુ અલયહિ વસલ્લમ તમામ જગતો માટે બુઝુર્ગી અને મહાનતા છે આપના માટે બુધ્ધિહિનતાનો વિચાર માત્ર આંતરિક અંધાપો છે. (મદારિક)

૧૨૯. સૂરએ હાક્કહ મક્કામાં ઉતરેલી છે. એમાં ૨ રૂકૂઅ ૫૨ આયતો ૨૫૬ શબ્દો અને ૧૪૨૩ અક્ષરો છે.

૧૩૦. અર્થાત કયામત જે સત્ય અને સાબિત છે અને તેનું આગમન ચોક્કસ અને ખાત્રીપૂર્વકનું છે જેમાં કશી શંકા નથી.

૧૩૧. અર્થાત તે ખૂબ જ આશ્ચર્યજનક અને દબદબાવાળી છે.

કોઇને બચેલો જુઓ છો ?[૧૩૭] (૮) અને ફિરઔન અને તેના આગલાઓ[૧૩૮] અને અવળી થઇ જનાર વસ્તીઓ[૧૩૯] એ ભૂલ કરી[૧૪૦] (૯) તો તેમણે પોતાના રબના રસૂલોના હુકમો માન્યા નહિ[૧૪૧] તો તેણે તેમને આગળ વધેલી પકડથી પકડયા (૧૦) બેશક જ્યારે પાણીએ માથું ઊંચક્યું હતું[૧૪૨] ત્યારે અમે તમને[૧૪૩] વહાણમાં[૧૪૪] બેસાડયા[૧૪૫] (૧૧) કે તેને[૧૪૬] તમારા માટે યાદગાર કરીએ.[૧૪૭] અને એને જાળવી રાખે તે કાન જે સાંભળીને જાળવી રાખતો હોય[૧૪૮] (૧૨) પછી જ્યારે અચાનક સૂર ફૂંકી દેવામાં આવે (૧૩) અને ધરતી તેમજ પર્વત અચાનક ઉપાડીને ભુકકે ભુક્કા કરી નાખવામાં આવે (૧૪) તે જ દિવસ છે કે આવી પડનારી આવી પડશે[૧૪૯] (૧૫) અને આકાશ ફાટી જશે તો તે દિવસે એની દશા બગડી જશે[૧૫૦] (૧૬) અને ફરિશતાઓ એના કિનારાઓ પર ઉભા હશે[૧૫૧] અને તે દિવસે આઠ ફરિશતાઓ તમારા રબના અર્શને પોતાની ઉપર ઊંચકેલા હશે[૧૫૨] (૧૭) તે દિવસે તમે બધા હાજર થશો[૧૫૩] કે તમારામાં કોઇ સંતાનાર જીવ સંતાઇ નહિ શકે (૧૮) તો જેને તેનું આમાલનામું જમણા હાથમાં આપવામાં આવશે[૧૫૪] તે કહેશે; લો મારૂં આમાલનામુ વાંચો (૧૯) મને ખાત્રી હતી કે હું મારા હિસાબે પહોંચીશ[૧૫૫] (૨૦) તો તે મન માન્યા ચેનમાં છે (૨૧) ઊંચા બગીચામાં (૨૨)



مِّنۢ بَاقِيَةٍ ﴿٨﴾ وَجَآءَ فِرْعَوْنُ وَمَن قَبْلَهُۥ وَٱلْمُؤْتَفِكَٰتُ
بِٱلْخَاطِئَةِ ﴿٩﴾ فَعَصَوْا رَسُولَ رَبِّهِمْ فَأَخَذَهُمْ أَخْذَةً
رَّابِيَةً ﴿١٠﴾ إِنَّا لَمَّا طَغَا ٱلْمَآءُ حَمَلْنَٰكُمْ فِى ٱلْجَارِيَةِ ﴿١١﴾
لِنَجْعَلَهَا لَكُمْ تَذْكِرَةً وَتَعِيَهَآ أُذُنٌ وَٰعِيَةٌ ﴿١٢﴾ فَإِذَا
نُفِخَ فِى ٱلصُّورِ نَفْخَةٌ وَٰحِدَةٌ ﴿١٣﴾ وَحُمِلَتِ ٱلْأَرْضُ
وَٱلْجِبَالُ فَدُكَّتَا دَكَّةً وَٰحِدَةً ﴿١٤﴾ فَيَوْمَئِذٍ وَقَعَتِ ٱلْوَاقِعَةُ ﴿١٥﴾
وَٱنشَقَّتِ ٱلسَّمَآءُ فَهِىَ يَوْمَئِذٍ وَاهِيَةٌ ﴿١٦﴾ وَٱلْمَلَكُ عَلَىٰٓ
أَرْجَآئِهَا وَيَحْمِلُ عَرْشَ رَبِّكَ فَوْقَهُمْ يَوْمَئِذٍ ثَمَٰنِيَةٌ ﴿١٧﴾ يَوْمَئِذٍ
تُعْرَضُونَ لَا تَخْفَىٰ مِنكُمْ خَافِيَةٌ ﴿١٨﴾ فَأَمَّا مَنْ أُوتِىَ كِتَٰبَهُۥ
بِيَمِينِهِۦ فَيَقُولُ هَآؤُمُ ٱقْرَءُوا كِتَٰبِيَهْ ﴿١٩﴾ إِنِّى ظَنَنتُ أَنِّى
مُلَٰقٍ حِسَابِيَهْ ﴿٢٠﴾ فَهُوَ فِى عِيشَةٍ رَّاضِيَةٍ ﴿٢١﴾ فِى جَنَّةٍ عَالِيَةٍ ﴿٢٢﴾

૧૩૨. જેની ભયંકરતા અને હાલતો તેમજ સખ્તીઓ સુધી માનવબુધ્ધિનો પરીંદુ ઉડ્ડયન કરી શકતું નથી.

૧૩૩. અર્થાત સખત ભયંકર અવાજ વડે.

૧૩૪. બુધવારથી બુધવાર સુધી શવ્વાલ મહીનાના અંતમાં ખૂબ ઠંડીના દિવસોમાં.

૧૩૫. અર્થાત તે દિવસોમાં.

૧૩૬. મૃત્યુએ તેમને એવા પછાડયા.....

૧૩૭. વર્ણવવામાં આવ્યું છે કે આઠમા દિવસે જ્યારે સવારમાં તે તમામનો સર્વનાશ થઇ ચૂક્યો ત્યારે પવને તેમને ઉડાડીને સમુદ્રમાં નાખી દીધા અને એક પણ બચ્યો નહિ.

૧૩૮. તેનાથી પણ આગલી ઉમ્મતોના કાફિરો.

૧૩૯. નાફરમાનીઓના કારણે દા. ત. લૂતની કોમનાં ગામો, એ બધાંએ...

૧૪૦. કુકર્મો ગુન્હાઓ અને શિર્કમાં સપડાયા.

૧૪૧. જેઓ તેમની તરફ મોકલાયા હતા.

૧૪૨. અને તે વૃક્ષો, ઇમારતો, પર્વતો તેમજ દરેક વસ્તુને આંબી ગયું હતું. આ વર્ણન ''તુફાને નૂહ'' નું છે.

૧૪૩. જ્યારે કે તમે તમારા પૂર્વજોની કરોડરજ્જુઓમાં હતા.

૧૪૪. હઝરત નૂહ અલયહિસ્સલામના.

જેના ઝુમખાઓ નમેલા[૧૫૬] (૨૩) ખાઓ અને પીઓ મનભાવતું, બદલો તેનો જે તમે પસાર થએલા દિવસોમાં આગળ મોકલ્યું[૧૫૭] (૨૪) અને જેને તેનું આમાલનામું ડાબા હાથમાં આપવામાં આવશે[૧૫૮] (તે) કહેશે; 'હાય ! કોઇ રીતે મને મારૂં આમાલનામુ આપવામાં આવત નહિ (૨૫) અને મને ખબર પડત નહિ કે મારો હિસાબ શું છે (૨૬) હાય ! કોઇ રીતે મૃત્યુ જ બનાવ પુરો કરી આપત[૧૫૯] (૨૭) મારી દોલત મારા કશા કામ લાગી નહિ[૧૬૦] (૨૮) મારૂં બધું જોર જતું રહ્યું'[૧૬૧] (૨૯) (કહેવામાં આવશે) એને પકડો પછી એને ફંદો પહેરાવો[૧૬૨] (૩૦) પછી એને ભભુકતી આગમાં ખુંપાવો (૩૧) પછી એવી સાંકળમાં જેનું માપ સીત્તેર હાથ છે[૧૬૩] એને પરોવો[૧૬૪] (૩૨) બેશક એ મહાનતાવાળા અલ્લાહ પર ઇમાન લાવતો ન હતો[૧૬૫] (૩૩) અને મિસ્કીનને ખાવા આપવાનો શોખ અપાવતો ન હતો[૧૬૬] (૩૪) તો આજે અહીં[૧૬૭] એનો કોઇ મિત્ર નથી[૧૬૮] (૩૫) અને દોઝખી લોકોના પરૂ સિવાય (એના માટે બીજુ) કશું ખાવાનું નથી (૩૬) તેને અપરાધીઓ[૧૬૯] સિવાય બીજું કોઇ ખાશે નહિ (૩૭) તો મને કસમ ! છે તે વસ્તુઓની જે તમે જુઓ છો (૩૮) અને જે તમે દેખતા નથી[૧૭૦] (૩૯) બેશક આ કુરઆન એક મહેરબાનીવાળા રસૂલ[૧૭૧] સાથે વાતો છે[૧૭૨] (૪૦) અને એ કોઇ શાયરની વાત નથી.[૧૭૩] કેટલી ઓછી શ્રધ્ધા ધરાવો છો ?[૧૭૪] (૪૧) અને ન કોઇ જ્યોતિષીની વાત (છે).[૧૭૫] કેટલું ઓછું ધ્યાન આપો છો ?[૧૭૬] (૪૨)

تبارك الذي ٢٩ — الحاقة ٦٩

قُطُوفُهَا دَانِيَةٌ ۝٢٣ كُلُوا وَاشْرَبُوا هَنِيٓـًٔا بِمَآ أَسْلَفْتُمْ فِي الْأَيَّامِ
الْخَالِيَةِ ۝٢٤ وَأَمَّا مَنْ أُوتِيَ كِتٰبَهُ بِشِمَالِهِ فَيَقُولُ يٰلَيْتَنِي
لَمْ أُوتَ كِتٰبِيَهْ ۝٢٥ وَلَمْ أَدْرِ مَا حِسَابِيَهْ ۝٢٦ يٰلَيْتَهَا كَانَتِ
الْقَاضِيَةَ ۝٢٧ مَآ أَغْنٰى عَنِّي مَالِيَهْ ۝٢٨ هَلَكَ عَنِّي سُلْطٰنِيَهْ ۝٢٩
خُذُوهُ فَغُلُّوهُ ۝٣٠ ثُمَّ الْجَحِيمَ صَلُّوهُ ۝٣١ ثُمَّ فِي سِلْسِلَةٍ
ذَرْعُهَا سَبْعُونَ ذِرَاعًا فَاسْلُكُوهُ ۝٣٢ إِنَّهُ كَانَ لَا يُؤْمِنُ
بِاللّٰهِ الْعَظِيمِ ۝٣٣ وَلَا يَحُضُّ عَلٰى طَعَامِ الْمِسْكِينِ ۝٣٤ فَلَيْسَ
لَهُ الْيَوْمَ هٰهُنَا حَمِيمٌ ۝٣٥ وَلَا طَعَامٌ إِلَّا مِنْ غِسْلِينٍ ۝٣٦
لَّا يَأْكُلُهُ إِلَّا الْخٰطِـُٔونَ ۝٣٧ فَلَآ أُقْسِمُ بِمَا تُبْصِرُونَ ۝٣٨ وَمَا لَا
تُبْصِرُونَ ۝٣٩ إِنَّهُ لَقَوْلُ رَسُولٍ كَرِيمٍ ۝٤٠ وَمَا هُوَ بِقَوْلِ شَاعِرٍ
قَلِيلًا مَّا تُؤْمِنُونَ ۝٤١ وَلَا بِقَوْلِ كَاهِنٍ قَلِيلًا مَّا تَذَكَّرُونَ ۝٤٢

૧૪૫. અને હઝરત નૂહ અલયહિસ્સલામ તેમજ આપના સાથીદારોને જેઓ આપની ઉપર ઇમાન લાવ્યા હતા તેમને ઉગારી લીધા અને બીજાઓને ડૂબાડી દીધા.

૧૪૬. અર્થાત મુઅમિનોને ઉગારવા અને કાફિરોને ડૂબાડવાને...

૧૪૭. કે જેથી બોધપાઠ અને નસીહતનું કારણ બને.

૧૪૮. કામની વાતોને જેથી એનો લાભ મેળવે.

૧૪૯. અર્થાત કયામત આવી પડશે.

૧૫૦. અર્થાત તે બહું ફુસીયું બની જશે પહેલાં ઘણું મજબૂત અને નક્કર હતું તેમ છતાં.

૧૫૧. અર્થાત જે ફરિશ્તાઓનું રહેઠાણ આકાશમાં છે તેઓ તેના ફાટી જવાના કારણે તેના કિનારાઓ પર ઉભેલા હશે પછી અલ્લાહના હુક્મથી ઉતરીને ધરતીને ઘેરી વળશે.

૧૫૨. હદીષ શરીફમાં છે કે અર્શ ઊંચકાનાર ફરિશ્તાઓ આજકાલ ચારે છે કયામતના દિવસે તેમની સહાય માટે ચારનો વધારો કરવામાં આવશે એટલે આઠ થઇ જશે. હઝરત ઇબ્ને અબ્બાસ રદીયલ્લાહુ અન્હુમાએ બયાન કર્યું છે કે એનો મતલબ ફરિશ્તાઓની આઠ સફો છે અને ફરિશ્તાઓની સંખ્યાની ખબર તો અલ્લાહને જ છે.

૧૫૩. અલ્લાહ તઆલા સમક્ષ હિસાબ માટે.

૧૫૪. તે સમજી લેશે કે મારો છુટકારો થવાનો છે તેથી ખૂબ જ હર્ષાવેશમાં આવીને પોતાના સાથીદારો અને સગાંઓને.....

تَنْزِيلٌ مِّنْ رَّبِّ الْعٰلَمِيْنَ ﴿٤٣﴾ وَلَوْ تَقَوَّلَ عَلَيْنَا بَعْضَ
الْاَقَاوِيْلِ ﴿٤٤﴾ لَاَخَذْنَا مِنْهُ بِالْيَمِيْنِ ﴿٤٥﴾ ثُمَّ لَقَطَعْنَا مِنْهُ الْوَتِيْنَ ﴿٤٦﴾
فَمَا مِنْكُمْ مِّنْ اَحَدٍ عَنْهُ حٰجِزِيْنَ ﴿٤٧﴾ وَاِنَّهٗ لَتَذْكِرَةٌ لِّلْمُتَّقِيْنَ ﴿٤٨﴾
وَاِنَّا لَنَعْلَمُ اَنَّ مِنْكُمْ مُّكَذِّبِيْنَ ﴿٤٩﴾ وَاِنَّهٗ لَحَسْرَةٌ عَلَى الْكٰفِرِيْنَ ﴿٥٠﴾
وَاِنَّهٗ لَحَقُّ الْيَقِيْنِ ﴿٥١﴾ فَسَبِّحْ بِاسْمِ رَبِّكَ الْعَظِيْمِ ﴿٥٢﴾
بِسْمِ اللّٰهِ الرَّحْمٰنِ الرَّحِيْمِ
سَاَلَ سَآئِلٌۢ بِعَذَابٍ وَّاقِعٍ ﴿١﴾ لِّلْكٰفِرِيْنَ لَيْسَ لَهٗ دَافِعٌ ﴿٢﴾
مِّنَ اللّٰهِ ذِي الْمَعَارِجِ ﴿٣﴾ تَعْرُجُ الْمَلٰٓئِكَةُ وَالرُّوْحُ اِلَيْهِ
فِيْ يَوْمٍ كَانَ مِقْدَارُهٗ خَمْسِيْنَ اَلْفَ سَنَةٍ ﴿٤﴾ فَاصْبِرْ
صَبْرًا جَمِيْلًا ﴿٥﴾ اِنَّهُمْ يَرَوْنَهٗ بَعِيْدًا ﴿٦﴾ وَّنَرٰىهُ قَرِيْبًا ﴿٧﴾
يَوْمَ تَكُوْنُ السَّمَآءُ كَالْمُهْلِ ﴿٨﴾ وَتَكُوْنُ الْجِبَالُ كَالْعِهْنِ ﴿٩﴾

**તેણે ઉતાર્યુ છે જે સારાય જગતનો રબ છે (૪૩) અને જો તે અમારી ઉપર એક વાત પણ ઉપજાવીને કહેત[૧૭૭] (૪૪) (તો) અવશ્ય અમે એમની પાસેથી તાકાતપૂર્વક બદલો લેત (૪૫) પછી તેમની હૃદયનસ કાપી નાખત[૧૭૮] (૪૬) પછી તમારામાં કોઇ એમને બચાવનાર હોત નહિ (૪૭) અને બેશક આ કુરઆન ડરવાળાઓ માટે નસીહત છે (૪૮) અને અવશ્ય અમે જાણીએ છીએ કે તમારી અંદર અમુક જૂઠાડનારાઓ છે (૪૯) અને બેશક! તે કાફિરો માટે પસ્તાવો છે[૧૭૯] (૫૦) અને બેશક તે ખાત્રીપૂર્વક સત્ય છે[૧૮૦] (૫૧) તો 'અય મહબૂબ! તમે પોતાના મહાનતાવાળા રબની પવિત્રતા બોલો[૧૮૧] (૫૨)**

## અલ્લાહના નામથી શરૂ જે ઘણો મહેરબાન રહેમવાળો (છે)[૧૮૨]

**એક માંગનાર તે અઝાબ માંગે છે (૧) જે કાફિરો પર આવી પડનાર છે તેને કોઇ ટાળનાર નથી[૧૮૩] (૨) તે અલ્લાહ તરફથી થશે જે બુલંદીઓનો માલિક છે[૧૮૪] (૩) ફરિશ્તાઓ અને જિબ્રઇલ[૧૮૫] તેના દરબાર તરફ ચઢે છે.[૧૮૬] તે અઝાબ તે દિવસે થશે જેનું પ્રમાણ પચાસ હજાર વરસ જેટલું છે[૧૮૭] (૪) તો તમે સારી રીતે ધીરજ ધરો (૫) તેઓ એને[૧૮૮] જુએ છે દૂર[૧૮૯] (૬) અને અમે તેને નજીક દેખીએ છીએ[૧૯૦] (૭) જે દિવસે આકાશ ઓગળેલી ચાંદી જેવું હશે (૮) અને પર્વતો એવા હલકા બની જશે જાણે કે ઊન[૧૯૧] (૯)**

૧૫૫. અર્થાત દુનિયામાં મને યકીન હતું કે આખેરતમાં મારી પાસેથી હિસાબ લેવામાં આવશે.

૧૫૬. કે જેથી બેઠતાં ઉઠતાં દરેક હાલતમાં સરળતાથી લઇ શકાય. અને તે લોકોને કહેવાશે.....

૧૫૭. અર્થાત તે નેક કામો જે તમે દુનિયામાં રહીને આખેરત માટે કર્યાં.

૧૫૮. જ્યારે પોતાના આમાલનામાને દેખશે અને તેમાં પોતાના કુકર્મોને નોંધાએલાં દેખશે ત્યારે શરમિંદો અને હલકો થઇને...

૧૫૯. અને હિસાબ માટે ઉઠાડવામાં આવત નહિ અને આ ફજેતી અને અપમાનનો સામનો કરવો પડત નહિ.

૧૬૦. જે મેં દુનિયામાં ભેગી કરી હતી તે મારો અઝાબ જરા પણ હટાવી શકી નહિ.

૧૬૧. અને હું નીચ તેમજ મોહતાજ બનીને રહી ગયો. હઝરત ઇબ્ને અબ્બાસ રદીયલ્લાહુ તઆલા અન્હુમાએ ફરમાવ્યું કે; તેનો આશય એ હશે કે દુનિયામાં જે હઠાગ્રહ હું કરતો હતો તે બધું અસત્ય જાહેર થયું. પછી અલ્લાહ તઆલા જહન્નમના ચોકિયાતોને હુક્મ આપશે.......

૧૬૨. એવી રીતે કે એના હાથ એની બોચી સાથે જકડીને ફંદામાં બાંધી દો.

૧૬૩. ફરિશ્તાઓના હાથોના માપ મુજબ.

૧૬૪. અર્થાત તે સાંકળ એનામાં એવી રીતે પ્રવેશાવી આપો જેવી રીતે કે કોઇ વસ્તુમાં દોરો પરોવી દેવાય છે.

૧૬૫. તેની મહાનતા અને એક હોવાને માનતો હતો નહિ.

૧૬૬. ન તો પોતાની જાતને ન પોતાનાં સગાંઓને ન તો અન્યોને. એમાં એ બાબત નિર્દેશ છે કે તે હશ્રને માનતો ન હતો કારણ કે મિસ્કીનને ખાવા આપનાર મિસ્કીન પાસેથી તો કશા બદલાની અપેક્ષા રાખતો જ નથી માત્ર અલ્લાહની ખુશી મેળવવા અને આખેરતના સવાબની આશાએ તેને ખાવા આપે છે. અને જે હશ્ર તેમજ આખેરતને માનતો જ ન હોય તેને ગરીબોને ખવડાવવાની જરૂર શું ?

૧૬૭. અર્થાત આખેરતમાં.

૧૬૮. જે એને લાભ આપે અથવા ભલામણ કરે.

૧૬૯. નાલાયક કાફિરો.

૧૭૦. અર્થાત સમગ્ર સૃષ્ટિની કસમ, જે તમારા જોવામાં આવે તેની પણ અને જે ન દેખાય તેની પણ. અમુક તફસીરકારોએ કહ્યું છે કે જે 'દેખવામાં આવે' તે દુનિયા છે અને જે 'દેખાય નહિ' તે આખેરત છે. એની તફસીરમાં તફસીરકારોનાં બીજાં કથનો પણ છે.

૧૭૧. મોહંમદ મુસ્તફા હબીબે ખુદા સલ્લલ્લાહુ અલયહિ વસલ્લમ.

૧૭૨. જે આપના પરવરદિગારે કરી.

૧૭૩. જેવું કે કાફિરો કહે છે.

૧૭૪. તદ્દન બેઇમાન છો. એટલું પણ સમજતા નથી કે આ શાયરી નથી અને ન તો એમાં શાયરી ની કોઇ વાત દેખાય છે.

૧૭૫. જેવું કે તમારામાંથી અમુક કાફિરો અલ્લાહની આ કિતાબ વિષે કહે છે.

૧૭૬. ન તો આ કિતાબના માર્ગદર્શનને જુઓ છો ન એના શિક્ષણ બાબત મનન કરો છો કે એમાં કેવી આત્મિક તાલીમ છે અને ન તો એની નિર્મળ ભાષા અને અદ્વિતિય શૈલી બાબત વિચાર કરો છો જેથી એવું સમજી શકો કે આ કલામ....

૧૭૭. જે અમારી કહેલી ન હોય.

૧૭૮. જેને કાપતાંની સાથે જ મરી જવાય છે.

૧૭૯. કે તેઓ કયામતના દિવસે જ્યારે કુરઆન પર ઇમાન લાવનારાઓનો સવાબ અને એનો ઇન્કાર કરનારાઓ અને એને જૂઠાડનારાઓનો અઝાબ દેખશે ત્યારે પોતે ઇમાન લાવ્યા નહિ તે બદલ અફસોસ કરશે અને પસ્તાવા તેમજ શરમિંદગીમાં સપડાશે.

૧૮૦. કે તેમાં કાંઇ શંકા નથી.

૧૮૧. અને તેનો શુકર કરો કે તેણે તમારી તરફ પોતાના આ મહાન કલામની વહી મોકલી.

૧૮૨. સૂરએ મઆરિજ મક્કામાં ઉતરેલી છે. એમાં ૨ રૂકૂઅ ૪૪ આયતો ૨૨૪ શબ્દો અને ૯૨૯ અક્ષરો છે.

૧૮૩. **શાને નુઝૂલ** :- નબીએ કરીમ સલ્લલ્લાહુ અલયહિ વસલ્લમે જ્યારે મક્કાના કાફિરોને અલ્લાહના અઝાબનો ખોફ અપાવ્યો ત્યારે તેઓ પરસ્પર કહેવા માંડયા કે તે અઝાબને પાત્ર કોણ લોકો છે અને તે કોના પર ઉતરશે ? હુઝૂરને એ વાત પૂછો. અને તેમણે હુઝૂરને એ બાબત પૂછી ત્યારે આ આયતો ઉતરી. અને હુઝૂરને પૂછનાર નદ્ર બિન હારિસ હતો. તેણે દુઆ કરી હતી કે; અય અલ્લાહ જો આ કુરઆન સત્ય હોય અને તારૂં કલામ હોય તો અમારી ઉપર આકાશમાંથી પથ્થર વરસાવ અથવા દુ:ખદાયક અઝાબ મોકલ. આ આયતોમાં કહેવાયું કે કાફિરો માંગે કે ન માંગે જે અઝાબ તેમના માટે નિર્માએલો છે તે અવશ્ય આવનાર છે તેને કોઇ ટાળી શકતું નથી.

**અને કોઇ મિત્ર બીજા મિત્રની ખબર પૂછશે નહિ[૧૯૨] (૧૦) તેમને જોતા હશે.[૧૯૩] અપરાધી[૧૯૪] તમન્ના કરશે કે; કાશ તે દિવસના અઝાબમાંથી છુટકારો મેળવવાના બદલમાં પોતાના દીકરાઓ આપી દે (૧૧) અને પોતાની પત્ની પોતાનો ભાઇ (૧૨) અને પોતાનું કુટુંબ જેમાં તેની જગ્યા છે (૧૩) અને જેટલાં પૃથ્વીમાં છે તે બધાંય. પછી એ બદલો આપવાથી તે છુટી જાય (૧૪) કદાપી નહિ.[૧૯૫] તે તો ભભુકતો અગ્નિ છે (૧૫) ચામડું ઉતારી લેનાર. બોલાવી રહયો છે.[૧૯૬] (૧૬) તેણે જેણે પીઠ ફેરવી અને મોઢું મચકોડયું[૧૯૭] (૧૭) અને ભેગું કરીને પકડી રાખ્યું[૧૯૮] (૧૮) બેશક ! માનવીને ઘણો ધીરજહિન અને લોભી બનાવવામાં આવ્યો છે (૧૯) જ્યારે એને કષ્ટ લાધે[૧૯૯] તો ખૂબ ગભરાઇ જનાર (૨૦) અને જ્યારે ભલાઇ મળે[૨૦૦] તો અટકાવી લેનાર[૨૦૧] (૨૧) પણ નમાઝીઓ (૨૨) જેઓ પોતાની નમાઝોના પાબંદ છે[૨૦૨] (૨૩) અને તેઓ જેમની દોલતમાં એક નક્કી થએલો હક્ક છે[૨૦૩] (૨૪) તેના માટે જે માંગે અને (તેના માટે) જે માંગી પણ ન શકે અને તેથી વંચિત રહે[૨૦૪] (૨૫) અને તેઓ જે ન્યાયના દિવસને સત્ય જાણે છે[૨૦૫] (૨૬) અને તેઓ જે પોતાના રબના અઝાબથી ડરી રહ્યા છે (૨૭) બેશક ! તેમના રબનો અઝાબ નિડર થવા લાયક વસ્તુ નથી[૨૦૬] (૨૮) અને તેઓ જે પોતાના ગુપ્તાંગોનું રક્ષણ કરે છે (૨૯) પરંતુ પોતાની પત્નીઓ અથવા પોતાના હાથોની મિલ્કત કનીઝો(લોંડીઓ)થી કે તેણીઓ સ્હામે કશો વાંધો નથી (૩૦)**



ولا يسئل حميم حميما ﴿١٠﴾ يبصرونهم يود المجرم لو يفتدي
من عذاب يومئذ ببنيه ﴿١١﴾ وصاحبته وأخيه ﴿١٢﴾ وفصيلته
التي تؤويه ﴿١٣﴾ ومن في الأرض جميعا ثم ينجيه ﴿١٤﴾
كلا إنها لظى ﴿١٥﴾ نزاعة للشوى ﴿١٦﴾ تدعوا من أدبر و
تولى ﴿١٧﴾ وجمع فأوعى ﴿١٨﴾ إن الإنسان خلق هلوعا ﴿١٩﴾ إذا
مسه الشر جزوعا ﴿٢٠﴾ وإذا مسه الخير منوعا ﴿٢١﴾ إلا
المصلين ﴿٢٢﴾ الذين هم على صلاتهم دائمون ﴿٢٣﴾ والذين
في أموالهم حق معلوم ﴿٢٤﴾ للسائل والمحروم ﴿٢٥﴾ والذين يصدقون
بيوم الدين ﴿٢٦﴾ والذين هم من عذاب ربهم مشفقون ﴿٢٧﴾
إن عذاب ربهم غير مأمون ﴿٢٨﴾ والذين هم لفروجهم حافظون ﴿٢٩﴾
إلا على أزواجهم أو ما ملكت أيمانهم فإنهم غير ملومين ﴿٣٠﴾

منزل ٧

૧૮૪. અર્થાત આકાશોનો.

૧૮૫. જેઓ ફરિશ્તાઓમાં ખાસ વિશેષતા અને સન્માન ધરાવે છે.

૧૮૬. અર્થાત નિકટતાના તે સ્થાન તરફ જે તેના હુકમોનું ઉતરાણસ્થાન છે.

૧૮૭. તે કયામતનો દિવસ છે જેનાં કષ્ટો કાફિરો માટે તો એટલાં લાંબાં હશે પણ મુસલમાનો માટે એક ફર્ઝ નમાઝથી પણ વધારે આસાન હશે.

૧૮૮. અર્થાત અઝાબને.

૧૮૯. અને એવું સમજે છે કે આવનાર જ નથી.

૧૯૦. કે અવશ્ય આવનાર છે.

૧૯૧. અને પવનમાં ઉડતા ફરશે.

૧૯૨. દરેકને પોતાની જ પડેલી હશે.

૧૯૩. અને એકબીજાને ઓળખશે પણ પોતપોતાની હવાનસ્તીમાં. એવા સપડાએલા હશે કે ન તો તેમની ખબર પૂછશે ન તેમની સાથે વાત કરી શકશે.

૧૯૪. અર્થાત કાફિર.

૧૯૫. એ બધું તેના કશા કામ નહિ લાગે અને કોઇ રીતે તે અઝાબમાંથી ઉગરી શકશે નહિ.

૧૯૬. નામ લઇ લઇને કે અય કાફિર મારી પાસે આવ, મુનાફિક મારી પાસે આવ.

૧૯૭. સત્યને સ્વીકારવા અને ઇમાન લાવવાથી.

المعارج ٧٠ تبٰرك الذي ٢٩

فَمَنِ ابْتَغٰى وَرَآءَ ذٰلِكَ فَاُولٰٓئِكَ هُمُ الْعٰدُوْنَ ﴿٣١﴾ وَالَّذِيْنَ
هُمْ لِاَمٰنٰتِهِمْ وَعَهْدِهِمْ رٰعُوْنَ ﴿٣٢﴾ وَالَّذِيْنَ هُمْ بِشَهٰدٰتِهِمْ
قَآئِمُوْنَ ﴿٣٣﴾ وَالَّذِيْنَ هُمْ عَلٰى صَلَاتِهِمْ يُحَافِظُوْنَ ﴿٣٤﴾
اُولٰٓئِكَ فِيْ جَنّٰتٍ مُّكْرَمُوْنَ ﴿٣٥﴾ فَمَالِ الَّذِيْنَ كَفَرُوْا قِبَلَكَ
مُهْطِعِيْنَ ﴿٣٦﴾ عَنِ الْيَمِيْنِ وَعَنِ الشِّمَالِ عِزِيْنَ ﴿٣٧﴾ اَيَطْمَعُ
كُلُّ امْرِئٍ مِّنْهُمْ اَنْ يُّدْخَلَ جَنَّةَ نَعِيْمٍ ﴿٣٨﴾ كَلَّا ؕ اِنَّا
خَلَقْنٰهُمْ مِّمَّا يَعْلَمُوْنَ ﴿٣٩﴾ فَلَآ اُقْسِمُ بِرَبِّ الْمَشٰرِقِ
وَالْمَغٰرِبِ اِنَّا لَقٰدِرُوْنَ ﴿٤٠﴾ عَلٰٓى اَنْ نُّبَدِّلَ خَيْرًا مِّنْهُمْ
وَمَا نَحْنُ بِمَسْبُوْقِيْنَ ﴿٤١﴾ فَذَرْهُمْ يَخُوْضُوْا وَيَلْعَبُوْا حَتّٰى يُلٰقُوْا
يَوْمَهُمُ الَّذِيْ يُوْعَدُوْنَ ﴿٤٢﴾ يَوْمَ يَخْرُجُوْنَ مِنَ الْاَجْدَاثِ
سِرَاعًا كَاَنَّهُمْ اِلٰى نُصُبٍ يُّوْفِضُوْنَ ﴿٤٣﴾ خَاشِعَةً اَبْصَارُهُمْ

ع ١ ٣٥ ٧

منزل ٧

**તો જે આ બે સિવાય[૨૦૭] અન્ય ઇચ્છે તેઓ જ હદનું ઉલ્લંઘન કરનારાઓ છે[૨૦૮] (૩૧) અને તેઓ જે પોતાની અમાનતો અને પોતાનાં વચનોનું રક્ષણ કરે છે[૨૦૯] (૩૨) અને તેઓ જે પોતાની સાક્ષીઓ પર અટલ છે[૨૧૦] (૩૩) અને તેઓ જે પોતાની નમાઝની જાળવણી રાખે છે[૨૧૧] (૩૪) આ છે તેઓ જેમનું બગીચાઓમાં સન્માન થશે[૨૧૨] (૩૫) તો આ કાફિરોને થયું છે શું કે તમારી તરફ તાકી તાકીને જુએ છે[૨૧૩] (૩૬) જમણી બાજુ અને ડાબી બાજુ ટોળે ટોળાં (૩૭) શું એમનામાં દરેક માણસ એવી લાલચ ધરાવે છે કે[૨૧૪] (તે) અમન ચેનના બગીચામાં દાખલ કરવામાં આવે ? (૩૮) કદાપી નહિ ! બેશક અમે તેમને તે વસ્તુથી બનાવ્યાં (છે) જેને (તેઓ) જાણે છે[૨૧૫] (૩૯) તો મને સોગંદ છે તેના જે બધાય પુર્વો અને બધાય પશ્ચિમોનો માલિક છે[૨૧૬] કે અવશ્ય અમે શક્તિમાન છીએ (૪૦) કે એમનાથી સારા બદલી આપીએ[૨૧૭] અને અમારી (સત્તામાં)થી કોઇ નીકળી જઇ શકતું નથી[૨૧૮] (૪૧) તો એમને એમની બેહૂદી વાતોમાં પડેલા અને રમત રમતા રહેવા દો એટલે સુધી કે પોતાના તે[૨૧૯] દિવસને જઇ મળે જેનો એમને વાયદો આપવામાં આવે છે (૪૨) જે દિવસે ઝપાટાભેર[૨૨૦] કબરોમાંથી નીકળશે જાણે કે તેઓ (ધારેલા) નિશાન તરફ ધપી રહ્યા છે[૨૨૧] (૪૩) આંખો ઢાળેલા, તેમની**

૧૯૮. દોલતને, અને તેમાં જે હક્કો વાજિબ છે તે અદા કર્યા નહિ.

૧૯૯. ગરીબી અને રોગ વિગેરેનું.

૨૦૦. દોલત અને માલદારી મળે.

૨૦૧. અર્થાત માનવીની હાલત એવી છે કે જ્યારે તેને કોઇ અણગમતી વસ્તુ લાધે છે ત્યારે તે બાબત ધીરજ ધરતો નથી અને જ્યારે દોલત પ્રાપ્ત થાય છે ત્યારે તેને (અલ્લાહના રસ્તામાં) વાપરતો નથી.

૨૦૨. પાંચે વખતની નમાઝોને તેમના સમય પર પઢે છે. અર્થાત મુઅમિન છે.

૨૦૩. એનો નિર્દેશ ઝકાત તરફ છે જેનું માપ નક્કી થએલું છે. અથવા તે સદકો જે માણસ પોતાના માથે નક્કી કરી લે અને તેને ચોક્કસ સમયોમાં આપ્યો છે.

**મસઅલો** :- આથી જણાયું કે મુસ્તહબ સદકા માટે પોતાના તરફથી સમય નક્કી કરી લેવો શરીઅતમાં જાઇઝ અને વખાણવા લાયક છે.

૨૦૪. અર્થાત બન્ને પ્રકારના મોહતાજોને આપે તેમને પણ જેઓ જરૂરત સમયે સવાલ કરે છે અને તેમને પણ જેઓ શરમના કારણે સવાલ કરતા નથી અને તેમની મોહતાજી જાહેર થતી નથી.

૨૦૫. અને મૃત્યુ પછી (જીવંત થઇ) ઉઠવા બાબત તેમજ હશ્ર (આમાલનો) બદલો કયામત વિગેરે તમામ બાબતો પર ઇમાન ધરાવે છે.

૨૦૬. ભલે પછી માણસ ગમે તેટલો નેક પરહેઝગાર અને ખૂબ નેકી તેમજ ઇબાદત કરનાર કેમ ન હોય પણ તેણે અલ્લાહના અઝાબથી નિડર બનવું જોઇએ નહિ.

تَرْهَقُهُمْ ذِلَّةٌ ۚ ذَٰلِكَ الْيَوْمُ الَّذِي كَانُوا يُوعَدُونَ ﴿٤٤﴾

بِسْمِ اللَّهِ الرَّحْمَٰنِ الرَّحِيمِ

إِنَّا أَرْسَلْنَا نُوحًا إِلَىٰ قَوْمِهِ أَنْ أَنذِرْ قَوْمَكَ مِن قَبْلِ
أَن يَأْتِيَهُمْ عَذَابٌ أَلِيمٌ ﴿١﴾ قَالَ يَا قَوْمِ إِنِّي لَكُمْ نَذِيرٌ
مُّبِينٌ ﴿٢﴾ أَنِ اعْبُدُوا اللَّهَ وَاتَّقُوهُ وَأَطِيعُونِ ﴿٣﴾ يَغْفِرْ
لَكُم مِّن ذُنُوبِكُمْ وَيُؤَخِّرْكُمْ إِلَىٰ أَجَلٍ مُّسَمًّى ۚ إِنَّ أَجَلَ
اللَّهِ إِذَا جَاءَ لَا يُؤَخَّرُ ۖ لَوْ كُنتُمْ تَعْلَمُونَ ﴿٤﴾ قَالَ رَبِّ
إِنِّي دَعَوْتُ قَوْمِي لَيْلًا وَنَهَارًا ﴿٥﴾ فَلَمْ يَزِدْهُمْ دُعَائِي
إِلَّا فِرَارًا ﴿٦﴾ وَإِنِّي كُلَّمَا دَعَوْتُهُمْ لِتَغْفِرَ لَهُمْ جَعَلُوا
أَصَابِعَهُمْ فِي آذَانِهِمْ وَاسْتَغْشَوْا ثِيَابَهُمْ وَأَصَرُّوا
وَاسْتَكْبَرُوا اسْتِكْبَارًا ﴿٧﴾ ثُمَّ إِنِّي دَعَوْتُهُمْ جِهَارًا ﴿٨﴾

**ઉપર ફજેતી છવાએલી (હશે), આ છે એમનો તે દિવસ[222] જેનો એમને વાયદો હતો[223] (૪૪)**

**અલ્લાહના નામથી શરૂ જે ઘણો મહેરબાન રહેમવાળો (છે)[224]**

**બેશક અમે નૂહને તેની કોમ તરફ મોકલ્યો કે એમને ડરાવ એ પહેલાં કે એમની ઉપર દુ:ખદાયક અઝાબ આવી પડે[225] (૧) તેણે ફરમાવ્યું; 'અય મારી કૌમ ! હું તમારા માટે સ્પષ્ટ ડર સંભળાવનાર છું (૨) કે અલ્લાહની બંદગી કરો[226] અને તેનાથી ડરો[227] અને મારો હુક્મ માનો (૩) (તો) તમારા અમુક ગુન્હાઓ માફ કરી દેશે[228] અને એક ચોક્કસ સમય[229] સુધી (અલ્લાહ) તમને મહેતલ આપશે[230] બેશક અલ્લાહનો વાયદો જ્યારે આવે છે ત્યારે હટાડવામાં આવતો નથી. કોઇ રીતે તમે જાણત[231] (૪) વિનંતી કરી[232]; 'અય મારા રબ બેશક મારી કોમને મેં રાત દિવસ બોલાવી[233] (૫) તો મારા બોલાવવાએ તેમને નાસવા સિવાય બીજું કશું વધારી આપ્યું નહિ[234] (૬) અને મેં જેટલા વખત તેમને બોલાવ્યા[235] કે તુ તેમને માફ કરે (તેટલા વખત) તેમણે પોતાના કાનોમાં આંગળીઓ ખોસી લીધી[236] અને પોતાના વસ્ત્રો ઓઢી લીધાં[237] અને હઠાગ્રહ કર્યો[238] અને મહાન અભિમાન કર્યું[239] (૭) પછી મેં તેમને જાહેરમાં બોલાવ્યા[240] (૮)**

૨૦૭. અર્થાત પત્નીઓ અને લોંડીઓ.

૨૦૮. કે તેઓ હલાલ છોડીને હરામ પકડે છે.

**મસઅલો** :- આ આયતથી મુતઆ (કામ ચલાવ નિકાહ), લવાતત (નરનું નર સાથે મશગૂલ થવું), જાનવરો સાથે વાસના સંતોષવી અને હાથ વડે વિર્ય કાઢવું (હસ્તદોષ)નું હરામ હોવું સાબિત થાય છે.

૨૦૯. શરીઅતની અમાનતો અને બંદાઓની અમાનતો બન્નેનું અને લોકો સાથે જે વચનોથી બંધાયો હોય તેનું પણ અને અલ્લાહ સાથે જે વચનોથી બંધાયો હોત તેનું પણ મન્નતો અને કસમોનો પણ આમાં સમાવેશ થાય છે.

૨૧૦. સચ્ચાઇ અને ન્યાય સાથે. નતો એ બાબત સગાઇ સંબંધોનો ખ્યાલ કરે છે ન તો તાકાતવાનને અશક્ત કરતાં પ્રાથમિકતા આપે છે અને ન તો કોઇ હક્કદારનો હક્ક મારવાને વેઠી લે છે.

૨૧૧. નમાઝનો ઉલ્લેખ ફરી કરવામાં આવ્યો એમાં એ વાતનું એલાન છે નમાઝ ખૂબ મહત્વની વસ્તુ છે. અથવા એક જગ્યાએ ફરઝ નમાઝોનો મતલબ છે અને બીજી જગ્યાએ નિફલ નમાઝોનો. અને જાળવણી કરવાનો મતલબ એ છે કે તેના અરકાન, વાજિબો, સુન્નતો અને મુસ્તહબ વસ્તુઓને સારી રીતે બજાવી લાવે છે.

૨૧૨. જન્નતના.

૨૧૩. **શાને નુઝૂલ** :- આ આયત કાફિરોના તે વર્ગ બાબત ઉતરી જેઓ હુઝૂર સલ્લલ્લાહુ અલયહિ વસલ્લમની આજુબાજુ ટોળે ટોળાં થઇને ભેગા થતા હતા અને આપની મુબારક વાણી સાંભળતા હતા

પછી તેને જૂઠાડતા હતા ને ઠેકડી ઉડાડતા હતા અને કહેતા હતા કે; જો આ લોકો જન્નતમાં જશે જેવું કે મોહંમદ (મુસ્તફા સલ્લલ્લાહુ અલયહિ વસલ્લમ) કહે છે તો અમે જરૂરથી એમની આગળ તેમાં દાખલ થઇશું. તેમના વિષે આ આયત ઉતરી અને કહેવામાં આવ્યું કે આ કાફિરોની શું હાલત છે કે આપની પાસે બેસે પણ છે ડોકાંઓ ઊંચા કરી કરીને જુએ પણ છે અને છતાં આપની પાસેથી જે કંઇ સાંભળે છે તેનાથી લાભ ઉઠાવતા નથી.

૨૧૪. ઇમાનવાળાઓની જેમ.

૨૧૫. અર્થાત વિર્યબિંદુથી જેવી રીતે બધા માણસોને બનાવ્યા. તો એ કારણે કોઇ જન્નતમાં જશે નહિ જન્નતમાં જવાનો દારોમદાર તો ઇમાન પર છે.

૨૧૬. અર્થાત સૂર્યના દરેક ઉદય અને અસ્ત સ્થાનનો અથવા દરેક તારાના ઉદય અને અસ્તની જગ્યા નો. હેતુ પોતાની રબુબિયત (પાલનહાર હોવું)ની કસમનો ઉલ્લેખ કરવાનો છે.

૨૧૭. એ રીતે કે એમનો નાશ કરીએ અને એમના સ્થાને પોતાની કહ્યાગરી મખ્લૂકનું સર્જન કરીએ.

૨૧૮. અને અમારી કુદરતના ઘેરાવામાંથી નીકળી શકતો નથી.

૨૧૯. અઝાબના.....

૨૨૦. હશ્ર તરફ.

૨૨૧. જેવી રીતે કે ઝંડાવાળાઓ પોતાના ઝંડા તરફ દોટ મૂકે છે.

૨૨૨. અર્થાત કયામતના દિવસે.

૨૨૩. દુનિયામાં. અને તેઓ એને જૂઠાડતા હતા.

૨૨૪. સૂરએ નૂહ મક્કામાં ઉતરેલી છે. એમાં ૨ રૂકૂઅ ૨૮ આયતો ૨૨૪ શબ્દો અને ૯૯૯ અક્ષરો છે.

૨૨૫. દુનિયા અને આખેરતનો.

૨૨૬. અને તેનો કોઇને શરીક બનાવો નહિ.

૨૨૭. નાફરમાનીઓ નહિ કરીને જેથી તે ગઝબ કરે નહિ.

૨૨૮. જે તમારાથી ઇમાન સ્વીકારતાં સુધી થયા હશે અને જેમાં કોઇ બંદાનો હક્ક નીકળતો નહિ હોય.

૨૨૯. અર્થાત મૃત્યુના સમય સુધી.

૨૩૦. કે એ દરમ્યાન તમારી ઉપર અઝાબ મોકલશે નહિ.

૨૩૧. એ વાતને. અને ઇમાન સ્વીકારી લેત.

૨૩૨. હઝરત નૂહ અલયહિસ્સલામે.

૨૩૩. ઇમાન અને આજ્ઞાપાલન તરફ.

૨૩૪. અને જેટલો તેમને ઇમાન સ્વીકારવાનો ઉત્સાહ આપવામાં આવ્યો તેમનું બંડ તેટલુંજ વધતું ચાલ્યું.

૨૩૫. તારા પર ઇમાન લાવવા તરફ.

૨૩૬. જેથી મારા આમંત્રણને સાંભળી શકે નહિ.

૨૩૭. અને મોઢાંઓ સંતાડી લીધાં જેથી મને દેખી શકે નહિ. કારણ કે તેમને અલ્લાહના દીનની નસીહત કરનાર તરફ જોવાનું પણ ગમતું હતું નહિ.

૨૩૮. પોતાના કુફ્ર બાબત.

**પછી મેં તેમને ખુલ્લી રીતે પણ કહ્યું[૨૪૧] અને છૂપી રીતે છાનું પણ કહ્યું[૨૪૨] (૯) તો મેં કહ્યું, તમારા રબ પાસે માફી માંગો[૨૪૩] તે મહાન માફ કરનાર છે[૨૪૪] (૧૦) તમારા પર મુશળધાર વરસાદ મોકલશે (૧૧) અને દોલત તેમજ દીકરાઓ વડે તમારી મદદ કરશે[૨૪૫] અને તમારા માટે બગીચાઓ બનાવી દેશે અને તમારા માટે નહેરો બનાવશે[૨૪૬] (૧૨) તેમને થયું છે શું કે અલ્લાહ પાસેથી આબરૂ મેળવવાની આશા રાખતા નથી ?[૨૪૭] (૧૩) અને હાલત એવી છે કે તેણે તમને તરેહવાર બનાવ્યા[૨૪૮] (૧૪) શું તમે દેખતા નથી કે અલ્લાહે એક પર એક સાત આકાશો કેવી રીતે બનાવ્યાં ? (૧૫) અને તેમાં ચંદ્રને ચળકાવ્યો[૨૪૯] અને સૂર્યને દીવો[૨૫૦] (બનાવ્યો) (૧૬) અને અલ્લાહે તેમને લીલોતરીની જેમ જમીનમાંથી ઉગાડયા[૨૫૧] (૧૭) પછી તમને એનામાં જ લઇ જશે[૨૫૨] અને ફરીવાર કાઢશે[૨૫૩] (૧૮) અને અલ્લાહે તમારા માટે જમીન ને પથારી બનાવી (૧૯) કે એના મોકળા માર્ગોમાં ચાલો (૨૦) નૂહે વિનંતી કરી; 'અય મારા રબ ! એમણે મારૂ કહ્યું માન્યુ નહિ[૨૫૪] અને[૨૫૫] એવાની પાછળ થઇ ગયા જેને તેની દોલત અને ઔલાદે નુકશાન જ વધાર્યું[૨૫૬] (૨૧) અને[૨૫૭] બહું મોટો દાવ રમ્યા[૨૫૮] (૨૨)**



ثُمَّ إِنِّي أَعْلَنتُ لَهُمْ وَأَسْرَرْتُ لَهُمْ إِسْرَارًا ﴿٩﴾ فَقُلْتُ
اسْتَغْفِرُوا رَبَّكُمْ إِنَّهُ كَانَ غَفَّارًا ﴿١٠﴾ يُرْسِلِ السَّمَاءَ
عَلَيْكُم مِّدْرَارًا ﴿١١﴾ وَيُمْدِدْكُم بِأَمْوَالٍ وَبَنِينَ وَيَجْعَل
لَّكُمْ جَنَّاتٍ وَيَجْعَل لَّكُمْ أَنْهَارًا ﴿١٢﴾ مَّا لَكُمْ لَا تَرْجُونَ لِلَّهِ
وَقَارًا ﴿١٣﴾ وَقَدْ خَلَقَكُمْ أَطْوَارًا ﴿١٤﴾ أَلَمْ تَرَوْا كَيْفَ خَلَقَ
اللَّهُ سَبْعَ سَمَاوَاتٍ طِبَاقًا ﴿١٥﴾ وَجَعَلَ الْقَمَرَ فِيهِنَّ نُورًا
وَجَعَلَ الشَّمْسَ سِرَاجًا ﴿١٦﴾ وَاللَّهُ أَنبَتَكُم مِّنَ الْأَرْضِ
نَبَاتًا ﴿١٧﴾ ثُمَّ يُعِيدُكُمْ فِيهَا وَيُخْرِجُكُمْ إِخْرَاجًا ﴿١٨﴾ وَاللَّهُ
جَعَلَ لَكُمُ الْأَرْضَ بِسَاطًا ﴿١٩﴾ لِّتَسْلُكُوا مِنْهَا سُبُلًا
فِجَاجًا ﴿٢٠﴾ قَالَ نُوحٌ رَّبِّ إِنَّهُمْ عَصَوْنِي وَاتَّبَعُوا مَن لَّمْ
يَزِدْهُ مَالُهُ وَوَلَدُهُ إِلَّا خَسَارًا ﴿٢١﴾ وَمَكَرُوا مَكْرًا كُبَّارًا ﴿٢٢﴾

૨૩૯. અને મારા આમંત્રણને સ્વીકારવું તેમને પોતાના મોભા વિરૂધ્ધનું જણાયું.

૨૪૦. પોકારી પોકારીને સભાઓમાં.

૨૪૧. અને વારંવાર જાહેર એલાનો કર્યાં.

૨૪૨. દરેકને જુદી જુદી રીતે અને (સત્યના) આમંત્રણમાં જરા પણ કચાશ રાખી નહિ. લાબાં સમય સુધી કોમ હઝરત નૂહ અલયહિસ્સલામને જૂઠાડતી જ રહી ત્યારે અલ્લાહ તઆલાએ તેમનાથી વરસાદ અટકાવી લીધો અને તેમની સ્ત્રીઓને વાંઝ બનાવી દીધી ચાલીસ વરસ સુધી. તેમની દોલત અને જાનવરો નાશ પામ્યાં. જ્યારે પરિસ્થિતિ ખૂબ વણસી ત્યારે હઝરત નૂહ અલયહિસ્સલામે તેમને તવબહ કરવાનો હુક્મ આપ્યો.

૨૪૩. કુફ્ર અને શિર્કથી અને ઇમાન લાવીને ગુન્હાઓની માફી માંગો જેથી અલ્લાહ તઆલા તમારી ઉપર પોતાની કૃપાનાં દ્વાર ખુલ્લાં કરે કારણ કે ઇબાદતોમાં મશ્ગૂલ થવું એ ખૈર બરકત અને રોજી મળવાનું કારણ બને છે.

૨૪૪. તવબહ કરનારાઓને. જો તમે ઇમાન લાવો અને તવબહ કરો તો તે...

૨૪૫. દોલત અને ઔલાદ ખૂબ આપશે.

૨૪૬. હઝરત હસન રદીયલ્લાહુ અન્હુએ કહ્યું છે કે; એક માણસ આપની પાસે આવ્યો અને તેણે વરસાદ ઓછો પડવાની ફરિયાદ કરી. આપે ઇસ્તગફાર કરવાનું કહ્યું. બીજો માણસ આવ્યો તેણે નાદારીની ફરિયાદ કરી. તેને પણ એવું જ કહ્યું. પછી ત્રીજો માણસ આવ્યો તેણે વંશવૃધ્ધિ નહિ થવાની ફરિયાદ કરી તેને પણ એવું જ કહયું. પછી ચોથો માણસ આવ્યો તેણે પોતાની જમીનની ઉપજ બરાબર થતી નહિ હોવાની

وَقَالُوْا لَا تَذَرُنَّ اٰلِهَتَكُمْ وَلَا تَذَرُنَّ وَدًّا وَّلَا سُوَاعًا ۙ
وَّلَا يَغُوْثَ وَيَعُوْقَ وَنَسْرًا ﴿٢٣﴾ وَقَدْ اَضَلُّوْا كَثِيْرًا ۚ وَلَا
تَزِدِ الظّٰلِمِيْنَ اِلَّا ضَلٰلًا ﴿٢٤﴾ مِمَّا خَطِيْٓـٰٔتِهِمْ اُغْرِقُوْا فَاُدْخِلُوْا
نَارًا ۙ فَلَمْ يَجِدُوْا لَهُمْ مِّنْ دُوْنِ اللّٰهِ اَنْصَارًا ﴿٢٥﴾ وَقَالَ
نُوْحٌ رَّبِّ لَا تَذَرْ عَلَى الْاَرْضِ مِنَ الْكٰفِرِيْنَ دَيَّارًا ﴿٢٦﴾
اِنَّكَ اِنْ تَذَرْهُمْ يُضِلُّوْا عِبَادَكَ وَلَا يَلِدُوْٓا اِلَّا فَاجِرًا
كَفَّارًا ﴿٢٧﴾ رَبِّ اغْفِرْ لِيْ وَلِوَالِدَيَّ وَلِمَنْ دَخَلَ بَيْتِيَ
مُؤْمِنًا وَّلِلْمُؤْمِنِيْنَ وَالْمُؤْمِنٰتِ ۭ وَلَا تَزِدِ الظّٰلِمِيْنَ اِلَّا تَبَارًا ﴿٢٨﴾

بِسْمِ اللّٰهِ الرَّحْمٰنِ الرَّحِيْمِ

قُلْ اُوْحِيَ اِلَيَّ اَنَّهُ اسْتَمَعَ نَفَرٌ مِّنَ الْجِنِّ فَقَالُوْٓا اِنَّا سَمِعْنَا
قُرْاٰنًا عَجَبًا ﴿١﴾ يَّهْدِيْٓ اِلَى الرُّشْدِ فَاٰمَنَّا بِهٖ ۭ وَلَنْ نُّشْرِكَ بِرَبِّنَآ اَحَدًا ﴿٢﴾

**અને બોલ્યા;[૨૫૯] પોતાના ખુદાઓને કદાપી પડતા મૂકશો[૨૬૦] નહિ વદ અને સુવાઅ અને યગૂસ અને યઉક અને નસ્રને'[૨૬૧] (૨૩) 'અને બેશક એમણે ઘણાંઓને બેહકાવ્યા[૨૬૨] અને તુ જુલ્મીઓને[૨૬૩] ગુમરાહી[૨૬૪] સિવાય કશું વધારી આપીશ નહિ' (૨૪) પોતાની કેવી ભૂલો બદલ ડૂબાડી દેવાયા[૨૬૫] પછી આગમાં દાખલ કરાયા[૨૬૬] તો તેમણે અલ્લાહ સ્હામે કોઇને પોતાનો મદદગાર ભાળ્યો નહિ[૨૬૭] (૨૫) અને નૂહે વિનંતી કરી; 'અય મારા રબ ! ધરતી પર કાફિરોમાંથી કોઇ વસનારને છોડીશ નહિ (૨૬) બેશક જો તુ એમને રહેવા દઇશ[૨૬૮] તો (તેઓ) તારા બંદાઓને ગુમરાહ કરી દેશે અને તેમની ઔલાદ પણ બદકાર અને મહા નાશુકરી જ થશે[૨૬૯] (૨૭) અય મારા રબ ! મને અને મારા માં-બાપને[૨૭૦] માફ કર અને તેને (પણ) જે ઇમાન સહીત મારા ઘરમાં છે અને બધા જ મુસલમાન પુરૂષો અને તમામ મુસલમાન સ્ત્રીઓને. અને કાફિરોને તબાહી સિવાય બીજુ કશું વધારી આપ નહિ'[૨૭૧] (૨૮)**

## અલ્લાહના નામથી શરૂ જે ઘણો મહેરબાન રહેમવાળો (છે)[૨૭૨]

**તમે ફરમાવો;[૨૭૩] 'મને વહી થઇ (છે) કે અમુક જિન્ને (જિન્નાતે)[૨૭૪] મારૂં પઢવું ધ્યાનપૂર્વક સાંભળ્યું;[૨૭૫] તો તેઓ બોલ્યા;[૨૭૬] અમે એક અજબ કુરઆન સાંભળ્યું[૨૭૭] (૧) જે ભલાઇનો માર્ગ દેખાડે છે[૨૭૮] તો અમે તેના પર ઇમાન લાવ્યા અને અમે કદાપી કોઇને પોતાના રબનો શરીક કરીશું નહિ (૨)**

શિકાયત કરી. તેને પણ એવો જ જવાબ આપ્યો. ત્યાં રબીઅ બિન સબીહ હાજર હતા તેમણે કહ્યું; અમુક માણસો અલગ અલગ હાજતો લઇને આવ્યા તે બધાંયને આપે એક જ જવાબ આપ્યો ? કે ઇસ્તગફાર કરો. ત્યારે આપે આ આયત પઢી સંભળાવી. (આ જરૂરિયાતો માટે આ કુરઆની અમલ છે.)

૨૪૭. એ રીતે કે તેના પર ઇમાન લાવો.

૨૪૮. કદીક વિર્ય બિંદુ, કદીક જામેલું લોહી, કદીક માંસનો લોચો. એટલે સુધી કે તમારી આકૃતિને સંપૂર્ણત: બનાવી. તેની આકૃતિમાં મનન કરવું તેના સર્જન હોવા બાબત તેમજ તેની કુદરત અંગે અને તેના એક હોવા વિષે ઇમાન લાવવાને અનિર્વાય ઠેરવે છે.

૨૪૯. હઝરત ઇબ્ને અબ્બાસ અને હઝરત ઇબ્ને ઉમર રદીયલ્લાહુ તઆલા અન્હુમાએ ફરમાવ્યું છે કે; સૂર્ય અને ચંદ્રનાં મોઢાંઓ તો આકાશ તરફ છે અને તેમની પીઠ જમીન તરફ તેથી આકાશોની લતાફત (અતિ શુધ્ધતા)ના કારણે તેમનો પ્રકાશ સાતેય આસ્માનોમાં પહોંચે છે અને જો કે ચંદ્ર પહેલા આકાશમાં છે.

૨૫૦. કે દુનિયાને પ્રકાશિત કરે છે અને એનો પ્રકાશ ચંદ્રના અજવાળાથી વધુ જોરદાર છે. અને સૂર્ય ચોથા આકાશમાં છે.

૨૫૧. તમારા પિતા હઝરત આદમ અલયહિસ્સલામને એમાંથી સર્જીને.

૨૫૨. મૃત્યુ પછી.

૨૫૩. તેમાંથી કયામતના દિવસે.

૨૫૪. અને મેં જે ઇમાન અને ઇસ્તગફારનો હુકમ આપ્યો હતો તેનો એમણે અનાદર કર્યો.

૨૫૫. એમના સામાન્ય ગરીબ અને નાના માણસો બંડખોર આગેવાનો તેમજ દોલતમંદ આલ ઔલાદ વાળાઓના તાબે થઇ ગયા.

૨૫૬. અને તે દોલતના અભિમાનમાં મસ્ત બનીને કુફ્ર અને ગુન્હાઓમાં આગેકૂચ કરતો રહ્યો.

૨૫૭. તે તવંગરો.

૨૫૮. કે તેમણે હઝરત નૂહ અલયહિસ્સલામને જૂઠાડયા અને આપને અને આપના તાબેદારોને તકલીફો આપી.

૨૫૯. કાફિર આગેવાનો પોતાના તાબેદારોને...

૨૬૦. અર્થાત એમની ઇબાદતને પડતી મૂકશો નહિ.

૨૬૧. આ તેમની મૂર્તિઓનાં નામો હતાં જેમને તેઓ પૂજતા હતા. મૂર્તિઓ તો તેમની ઘણી હતી પણ આ પાંચ તેમની માન્યતા મુજબ મહાન શ્રેષ્ઠતાવાળી હતી. 'વદ' પુરૂષની શિકલની હતી અને 'સુવાઅ' સ્ત્રીની શિકલની અને 'યગૂસ' વાઘની શિકલની અને 'યઉક' ઘોડા જેવી અને 'નસ્ર' એક પક્ષીની શિકલની હતી, આ મૂર્તિઓ નૂહની કોમ પાસેથી અરબમાં ગઇ અને દરેક કબીલાએ એક એક પોતાની માટે નક્કી કરી લીધી.

૨૬૨. અર્થાત આ મૂર્તિઓ ઘણા માણસો માટે ગુમરાહીનું કારણ બની અથવા એવો અર્થ છે કે કોમના આગેવાનોએ મૂર્તિઓની ઇબાદતનો હુક્મ કરીને ઘણા લોકોને ગુમરાહ કર્યા.

૨૬૩. જેઓ મૂર્તિઓને પૂજે છે.

૨૬૪. આ હઝરત નૂહ અલયહિસ્સલામની દુઆ છે જ્યારે તેમને વહી દ્વારા જાણવા મળ્યું કે જે લોકો ઇમાન સ્વીકારી ચૂક્યા છે તેમના સિવાય કોમમાંથી હવે કોઇ ઇમાન લાવનાર નથી ત્યારે આપે આ દુઆ કરી.

૨૬૫. પૂરમાં.

૨૬૬. ડૂબાડી દેવાયા પછી.

૨૬૭. જે તેમને અલ્લાહના અઝાબથી બચાવી શકત.

૨૬૮. અને (એમનો) વિનાશ કરે નહિ....

૨૬૯. હઝરત નૂહ અલયહિસ્સલામને વહી દ્વારા આ જાણવા મળ્યું હતું.

૨૭૦. કે તે બન્ને મુઅમિન હતાં.

૨૭૧. અલ્લાહ તઆલાએ હઝરત નૂહ અલયહિસ્સલામની દુઆ કબૂલ કરી અને એમની કોમના બધા જ કાફિરોનો વિનાશ કર્યો.

૨૭૨. સૂરએ જિન્ન મક્કામાં ઉતરેલી છે. એમાં ૨ રૂકૂઅ ૨૮ આયતો ૨૮૫ શબ્દો અને ૮૭૦ અક્ષરો છે.

૨૭૩. અય મુસ્તફા સલ્લલ્લાહુ અલયહિ વસલ્લમ !

૨૭૪. નસીબીન (પ્રદેશ) ના જેમની સંખ્યા તફસીરકારોએ નવ કહેલી છે.

૨૭૫. ફજરની નમાઝમાં નખલા જગ્યાએ જે મક્કા મુકર્રમા અને તાઇફની વચમાં છે.

૨૭૬. જિન્નાતો પોતાની કોમમાં જઇને.

૨૭૭. જે પોતાની શુધ્ધ ભાષા વર્ણનની ખૂબી અને ઊંચી કક્ષાના અર્થોના બયાનમાં એવું લાજવાબ છે કે મખ્લૂકના કલામને તેની સાથે કશો જ મેળ નથી તેની એ શાન છે કે.....

**અને એ કે અમારા રબની શાન બહું ઉચ્ચ છે, ન તેણે સ્ત્રી ધારણ કરી ન બાળક[૨૭૯] (૩) અને એ કે અમારી અંદરનો મૂર્ખ અલ્લાહ બાબત વધી વધીને વાત કહેતો હતો[૨૮૦] (૪) અને એ કે અમને ખ્યાલ હતો કે કદાપી આદમી અને જિન્નાત અલ્લાહ બાબત જૂઠ નહિ ઠોકી બેસાડે[૨૮૧] (૫) અને એ કે માનવીઓમાંથી અમુક પુરૂષો જિન્નાતના અમુક પુરૂષોનો આશરો લેતા હતા[૨૮૨] તો એનાથી તેમનું અભિમાન ઓર વધ્યું (૬) અને એ કે તેમણે[૨૮૩] (એવું) ગુમાન કર્યું જેવું કે તમને ગુમાન છે[૨૮૪] કે અલ્લાહ કદાપી કોઇ રસૂલ મોકલશે નહિ (૭) અને એ કે અમે આકાશને અડયા[૨૮૫] તો તેને સખત પહેરા હેઠળ આગની ચિંગારીઓથી ભરેલું જોયું[૨૮૬] (૮) અને એ કે અમે[૨૮૭] પહેલાં સ્થાનોએ બેસતા હતા પછી હવે[૨૮૮] જો કોઇ સાંભળે તો તે આગના અંગારાને પોતાની તાકમાં ભાળે[૨૮૯] (૯) અને એ કે અમને ખબર[૨૯૦] નથી કે પૃથ્વીવાળાઓ સાથે કંઇક અનિષ્ટનો ઇરાદો કરવામાં આવ્યો છે અથવા એમના પરવરદિગારે કંઇક ભલાઇ ઇચ્છેલી છે (૧૦) અને એ કે અમારામાં[૨૯૧] અમુક નેક છે[૨૯૨] અને અમુક બીજી જાતના છે, અમે કેટલાએ ફાંટાઓમાં ફંટાએલા છીએ[૨૯૩] (૧૧) અને એ કે અમને ખાત્રી થઇ કે કદાપી પૃથ્વીમાં અલ્લાહના કાબૂમાંથી**

تبارك الذي ٢٩ — الجن ٧٢

وَّاَنَّهٗ تَعٰلٰى جَدُّ رَبِّنَا مَا اتَّخَذَ صَاحِبَةً وَّلَا وَلَدًا ﴿۳﴾
وَّاَنَّهٗ كَانَ يَقُوْلُ سَفِيْهُنَا عَلَى اللّٰهِ شَطَطًا ﴿۴﴾ وَّاَنَّا
ظَنَنَّاۤ اَنْ لَّنْ تَقُوْلَ الْاِنْسُ وَالْجِنُّ عَلَى اللّٰهِ كَذِبًا ﴿۵﴾
وَّاَنَّهٗ كَانَ رِجَالٌ مِّنَ الْاِنْسِ يَعُوْذُوْنَ بِرِجَالٍ مِّنَ
الْجِنِّ فَزَادُوْهُمْ رَهَقًا ﴿۶﴾ وَّاَنَّهُمْ ظَنُّوْا كَمَا ظَنَنْتُمْ اَنْ
لَّنْ يَّبْعَثَ اللّٰهُ اَحَدًا ﴿۷﴾ وَّاَنَّا لَمَسْنَا السَّمَآءَ فَوَجَدْنٰهَا
مُلِئَتْ حَرَسًا شَدِيْدًا وَّشُهُبًا ﴿۸﴾ وَّاَنَّا كُنَّا نَقْعُدُ مِنْهَا
مَقَاعِدَ لِلسَّمْعِ ؕ فَمَنْ يَّسْتَمِعِ الْاٰنَ يَجِدْ لَهٗ شِهَابًا رَّصَدًا ﴿۹﴾
وَّاَنَّا لَا نَدْرِيْۤ اَشَرٌّ اُرِيْدَ بِمَنْ فِي الْاَرْضِ اَمْ اَرَادَ بِهِمْ
رَبُّهُمْ رَشَدًا ﴿۱۰﴾ وَّاَنَّا مِنَّا الصّٰلِحُوْنَ وَمِنَّا دُوْنَ ذٰلِكَ ؕ
كُنَّا طَرَآئِقَ قِدَدًا ﴿۱۱﴾ وَّاَنَّا ظَنَنَّاۤ اَنْ لَّنْ نُّعْجِزَ اللّٰهَ فِي

૨૭૮. અર્થાત તવહીદ અને ઇમાનનો.

૨૭૯. જેવું કે માનવીઓ અને જિન્નાતમાંના કાફિરો કહે છે.

૨૮૦. જૂઠ બોલતો હતો બેઅદબી કરતો હતો અને તેના માટે પત્ની તેમજ ઔલાદ ઠેરવતો હતો.

૨૮૧. અને તેના પર જૂઠ બાંધશે નહિ અને એટલા માટે અમે તેમની વાતોને ટેકો આપતા હતા જે કંઇ તેઓ અલ્લાહ બાબત કહેતા હતા અને અલ્લાહ માટે પત્ની તેમજ ઔલાદ ઠેરવતા હતા એટલે સુધી કે કુરઆન મજીદના બયાનથી અમારી સામે તેમનું જૂઠ જાહેર થયું.

૨૮૨. સફર દરમ્યાન જ્યારે કોઇ બિહામણી જગ્યાએ ઉતરતા ત્યારે કહેતા; અમે આ જગ્યાના બદ-માશોથી આ જગ્યાના સરદારનો આશરો લઇએ છીએ.

૨૮૩. અર્થાત કુરેશના કાફિરોએ.

૨૮૪. અય જિન્નાત !

૨૮૫. અર્થાત આકાશવાળાઓની વાતો સાંભળવા માટે પ્રથમ આકાશ પર જવાનો પ્રયત્ન કર્યો.

૨૮૬. ફરિશ્તાઓના પહેલા હેઠળ જેથી જિન્નાતને આસ્માનવાળાઓની વાતો સાંભળવા માટે આસ્માનમાં જવાથી અટકાવવામાં આવે.

૨૮૭. નબીએ કરીમ સલ્લલ્લાહુ અલયહિ વસલ્લમની પધરામણી.....

૨૮૮. નબીએ કરીમ સલ્લલ્લાહુ અલયહિ વસલ્લમની પધરામણી પછી.

૨૮૯. જેના વડે તેને મારવામાં આવે.

**નીકળી શકીશું નહિ અને નતો નાસી છુટીને તેના કબ્જામાં થી બહાર જઇ શકીશું (૧૨) અને એ કે અમે જ્યારે હિદાયત સાંભળી[૨૯૪] (ત્યારે) તેના પર ઇમાન લાવ્યા તો જે પોતાના રબ પર ઇમાન લાવે તેને ન કોઇ કમી નો ખોફ[૨૯૫] ન જુલમનો[૨૯૬] (૧૩) અને એ કે અમારામાં અમુક મુસલમાન છે અને અમુક જાલિમ.[૨૯૭] તો જેઓ ઇસ્લામ લાવ્યા તેમણે ભલાઇનો વિચાર કર્યો[૨૯૮] (૧૪) અને રહ્યા જાલિમ[૨૯૯] તો તેઓ જહન્નમનું બળતણ થયા'[૩૦૦] (૧૫) અને ફરમાવો કે; 'મને વહી થઇ છે કે જો તેઓ[૩૦૧] માર્ગ પર સીધા રહેત[૩૦૨] તો જરૂર અમે તેમને પુરતા પ્રમાણમાં પાણી આપત[૩૦૩] (૧૬) કે એનાથી તેમની કસોટી કરીએ[૩૦૪] અને જે પોતાના રબની યાદથી મોઢું ફેરવે[૩૦૫] (તો) તે તેને ચઢતા અઝાબમાં નાખશે[૩૦૬] (૧૭) અને એ કે મસ્જિદો[૩૦૭] અલ્લાહની જ છે તો અલ્લાહ સાથે (બીજા) કોઇની બંદગી કરો નહિ[૩૦૮] (૧૮) અને એ કે જ્યારે અલ્લાહનો બંદો[૩૦૯] અલ્લાહની બંદગી કરવા ઉભો થયો[૩૧૦] તો લાગતું હતું કે તે જિન્નાતો તેની ઉપર ટોળે ટોળાં થઇ જાય[૩૧૧] (૧૯) તમે ફરમાવો; હું તો મારા રબની જ બંદગી કરૂ છું અને કોઇને તેનો શરીક ઠેરવતો નથી (૨૦) તમે ફરમાવો; હુ તમારા કોઇ બુરા ભલાનો માલિક નથી (૨૧) તમે ફરમાવો; કદાપી મને**

تبٰرك الذي ٢٩ الجن ٧٢

الْأَرْضِ وَلَنْ نُّعْجِزَهٗ هَرَبًا ﴿١٢﴾ وَّاَنَّا لَمَّا سَمِعْنَا الْهُدٰٓى
اٰمَنَّا بِهٖ ؕ فَمَنْ يُّؤْمِنْۢ بِرَبِّهٖ فَلَا يَخَافُ بَخْسًا وَّلَا
رَهَقًا ﴿١٣﴾ وَّاَنَّا مِنَّا الْمُسْلِمُوْنَ وَمِنَّا الْقٰسِطُوْنَ ؕ فَمَنْ
اَسْلَمَ فَاُولٰٓئِكَ تَحَرَّوْا رَشَدًا ﴿١٤﴾ وَاَمَّا الْقٰسِطُوْنَ
فَكَانُوْا لِجَهَنَّمَ حَطَبًا ﴿١٥﴾ وَّاَنْ لَّوِ اسْتَقَامُوْا عَلَى الطَّرِيْقَةِ
لَاَسْقَيْنٰهُمْ مَّآءً غَدَقًا ﴿١٦﴾ لِّنَفْتِنَهُمْ فِيْهِ ؕ وَمَنْ يُّعْرِضْ
عَنْ ذِكْرِ رَبِّهٖ يَسْلُكْهُ عَذَابًا صَعَدًا ﴿١٧﴾ وَّاَنَّ الْمَسٰجِدَ
لِلّٰهِ فَلَا تَدْعُوْا مَعَ اللّٰهِ اَحَدًا ﴿١٨﴾ وَّاَنَّهٗ لَمَّا قَامَ عَبْدُ اللّٰهِ
يَدْعُوْهُ كَادُوْا يَكُوْنُوْنَ عَلَيْهِ لِبَدًا ﴿١٩﴾ قُلْ اِنَّمَآ اَدْعُوْا
رَبِّيْ وَلَآ اُشْرِكُ بِهٖٓ اَحَدًا ﴿٢٠﴾ قُلْ اِنِّيْ لَآ اَمْلِكُ لَكُمْ ضَرًّا
وَّلَا رَشَدًا ﴿٢١﴾ قُلْ اِنِّيْ لَنْ يُّجِيْرَنِيْ مِنَ اللّٰهِ اَحَدٌ ۙ

૨૯૦. અમારી આ બંધી કરવાથી.

૨૯૧. કુરઆન મજીદ સાંભળ્યા પછી.

૨૯૨. મુઅમિન નિખાલસ પરહેઝગાર અને નેક.

૨૯૩. જુદા જુદા ફિર્કાઓમાં.

૨૯૪. અર્થાત કુરઆન મજીદ.

૨૯૫. અર્થાત નેકીઓની કમી યા સવાબની કમીનો.

૨૯૬. બદીઓના.

૨૯૭. સત્યથી ફરી બેઠેલા કાફિરો.

૨૯૮. અને હિદાયત તેમજ સાચા રસ્તાને પોતાનો ધ્યેય બનાવ્યો.

૨૯૯. કાફિરો સાચા રસ્તાથી ફરી બેસનારાઓ.

૩૦૦. આ આયતથી સાબિત થાય છે કે કાફિર જિન્નાત દોઝખની આગના અઝાબમાં સપડાવવામાં આવશે.

૩૦૧. અર્થાત માનવી.

૩૦૨. અર્થાત દીને હક્ક અને ઇસ્લામી તરીકા પર.

૩૦૩. એનો મતલબ પુષ્કળ રોજી આપવાનો છે અને આ બનાવ તે સમયનો છે જ્યારે કે સાત વરસો સુધી તેઓ વરસાદથી વંચિત કરી દેવામાં આવ્યા હતા. અર્થ એ છે કે જો તે લોકો ઇમાન લાવત તો અમે

અલ્લાહથી કોઇ બચાવશે નહિ[૩૧૨] (૨૨) અને કદાપી તેના સિવાય કોઇ આશરો પામીશ નહિ (૨૩) પણ અલ્લાહના સંદેશ પહોંચાડવા અને તેની રિસાલતો.[૩૧૩] અને જે અલ્લાહ અને તેના રસૂલનો હુકમ માને નહિ[૩૧૪] તો બેશક તેમના માટે જહન્નમની આગ છે જેમાં હમેશાં હંમેશ રહે (૨૩) એટલે સુધી કે જેનો વાયદો આપવામાં આવે છે તે જોશે[૩૧૫] ત્યારે હવે જાણશે કે કોનો મદદગાર કમજોર અને કોની સંખ્યા ઓછી (છે)[૩૧૭] (૨૪) તમે ફરમાવો; હું નથી જાણતો કે જેનો તમને વાયદો આપવામાં આવે છે તે નજીક છે કે (પછી) મારો રબ એને અમુક ગાળો આપશે[૩૧૭] (૨૫) ગૈબ નો જાણકાર તો પોતાના ગૈબ પર[૩૧૮] કોઇને કબ્જો આપી દેતો નથી[૩૧૯] (૨૬) પોતાના પસંદ કરેલા રસૂલો સિવાય[૩૨૦] કે તેમની આગળ પાછળ પહેરા મૂકી દે છે[૩૨૧] (૨૭) જેથી જોઇ લે કે તેમણે પોતાના રબના સંદેશ પહોંચાડી દીધા અને જે કંઇ એમની પાસે છે તે બધું તેની જાણમાં છે અને તેણે દરેક વસ્તુની ગણાત્રી ગણી રાખેલી છે[૩૨૨] (૨૮)

**અલ્લાહના નામથી શરૂ જે ઘણો મહેરબાન રહેમવાળો (છે)[૩૨૩]**

અય કપડું ઓઢી લેનાર[૩૨૪] (૧) રાત્રે ઉભો રહે[૩૨૫] સિવાય થોડી રાતના[૩૨૬] (૨) અડધી રાત અથવા એનાથી થોડુંક

تبارك الذي ٢٩ — المزمل ٧٣

وَّلَنْ اَجِدَ مِنْ دُوْنِهٖ مُلْتَحَدًا ۙ﴿۲۲﴾ اِلَّا بَلٰغًا مِّنَ اللّٰهِ
وَرِسٰلٰتِهٖ ؕ وَمَنْ يَّعْصِ اللّٰهَ وَرَسُوْلَهٗ فَاِنَّ لَهٗ نَارَ جَهَنَّمَ
خٰلِدِيْنَ فِيْهَآ اَبَدًا ؕ﴿۲۳﴾ حَتّٰٓى اِذَا رَاَوْا مَا يُوْعَدُوْنَ
فَسَيَعْلَمُوْنَ مَنْ اَضْعَفُ نَاصِرًا وَّاَقَلُّ عَدَدًا ﴿۲۴﴾ قُلْ
اِنْ اَدْرِيْٓ اَقَرِيْبٌ مَّا تُوْعَدُوْنَ اَمْ يَجْعَلُ لَهٗ رَبِّيْٓ
اَمَدًا ﴿۲۵﴾ عٰلِمُ الْغَيْبِ فَلَا يُظْهِرُ عَلٰى غَيْبِهٖٓ اَحَدًا ۙ﴿۲۶﴾ اِلَّا
مَنِ ارْتَضٰى مِنْ رَّسُوْلٍ فَاِنَّهٗ يَسْلُكُ مِنْ بَيْنِ يَدَيْهِ
وَمِنْ خَلْفِهٖ رَصَدًا ۙ﴿۲۷﴾ لِّيَعْلَمَ اَنْ قَدْ اَبْلَغُوْا رِسٰلٰتِ رَبِّهِمْ
وَاَحَاطَ بِمَا لَدَيْهِمْ وَاَحْصٰى كُلَّ شَيْءٍ عَدَدًا ﴿۲۸﴾
بِسْمِ اللّٰهِ الرَّحْمٰنِ الرَّحِيْمِ
يٰٓاَيُّهَا الْمُزَّمِّلُ ۙ﴿۱﴾ قُمِ الَّيْلَ اِلَّا قَلِيْلًا ۙ﴿۲﴾ نِّصْفَهٗٓ اَوِ

દુનિયામાં તેમને પુષ્કળ રોજી આપત અને તેમને ખૂબ વરસાદ તેમજ એશ આરામની વિપુલતા આપત.

૩૦૪. કે તેઓ કેવો આભાર માને છે.

૩૦૫. કુરઆન તરફથી અથવા તવહીદ તરફથી અથવા ઇબાદત તરફથી.

૩૦૬. જેની સખ્તાઇ પળે પળે વધતી જશે.

૩૦૭. અર્થાત તે જગ્યાઓ જે નમાઝ માટે નક્કી કરવામાં આવી.

૩૦૮. જેવી કે યહૂદીઓ અને ખ્રિસ્તીઓની રીત હતી કે તેઓ પોતાનાં દેવળોમાં શિર્ક કરતા હતા.

૩૦૯. અર્થાત સય્યિદે આલમ સમોહમ્મદ સલ્લલ્લાહુ અલયહિ વસલ્લમ નખલાના મેદાનમાં ફજર સમયે

૩૧૦. અર્થાત નમાઝ પઢવા માટે.

૩૧૧. કારણ કે તેમને નબીએ કરીમ સલ્લલ્લાહુ અલયહિ વસલ્લમની ઇબાદત અને કુરઆનની તિલાવત તેમજ આપના સહાબાનું પાછળ ઉભા રહી નમાઝ પઢવું ખૂબ જ પસંદ પડયું, એનાથી પહેલાં તેમણે આવું દ્રશ્ય નિહાળ્યું હતું નહિ અને આવું અજોડ કલામ સાંભળ્યું ન હતું.

૩૧૨. જેવું કે હઝરત સાલિહ અલયહિસ્સલામે કહ્યું હતું કે; ફમંય યન્સુરૂની મિનલ્લાહિ ઇન અસયતુહ (જો હું અલ્લાહનો હુકમ ન માનું તો તેની સ્હામે મારી મદદ કોણ કરે ?)

૩૧૩. એ મારી ફરજ છે જેને બજાવું છું.

૩૧૪. અને તેના પર ઇમાન લાવે નહિ.

૩૧૫. અઝાબ.

૩૧૬. કાફિરોની કે મુઅમિનોની ? અર્થાત તે દિવસે કાફિરોનો કોઇ મદદગાર નહિ હોય અને મુઅમિનની મદદ અલ્લાહ તઆલા અને નબીઓ તેમજ ફરિશ્તાઓ બધા જ કરશે.

**શાને નુઝૂલ** :- નદ્ર બિન હારિસે કહ્યું હતું કે; આ વાયદો ક્યારે પુરો થશે ? તેના જવાબમાં આગલી આયત ઉતરી.

૩૧૭. અર્થાત અઝાબના સમયની જાણકારી એ ગૈબ છે જેને અલ્લાહ તઆલા જ જાણે.

૩૧૮. અર્થાત પોતાના ખાસ ગૈબ પર જે તેની વિશેષતા છે. (ખાઝિન, બૈઝાવી, વિ.)

૩૧૯. અર્થાત સંપૂર્ણ માહિતી આપતો નથી જેનાથી હકીકતોનું પુરેપુરૂં સ્પષ્ટીકરણ ખાત્રી (યકીન) ની સર્વોચ્ચ કક્ષા મુજબ પ્રાપ્ત થાય.

૩૨૦. તો તેમને ગૈબ પર કબ્જો આપે છે અને સંપૂર્ણ માહિતી પુરેપુરૂં સ્પષ્ટીકરણ આપે છે અને એ ઇલ્મે ગૈબ તેમના માટે મોઅજિઝો હોય છે. જો કે અવલિયા અલ્લાહને પણ ગૈબની માહિતી આપવામાં આવે છે પરંતુ નબીઓનું ઇલ્મ કશ્ફ (ગૈબી વસ્તની હકીકત જાણી લેવી) અવલિયાના ઇલ્મથી બહું જ ઊંચી કક્ષાનું હોય છે અને અવલિયાને જે ઇલ્મ મળે છે તે નબીઓની મારફત અને એમના ફેઝથી જ મળે છે.

મુઅતઝિલા એક ગુમરાહ ફિર્કો છે જે અવલિયા અલ્લાહને ઇલ્મે ગૈબ હોવાનું માનતો નથી તેમની માન્યતા ખોટી અને ઘણી હદીષોની વિરૂધ્ધ છે. અને આ આયતથી તેમની દલીલ કરવી સહીહ નથી ઉપરોક્ત બયાનમાં એ તરફ ઇશારો કરી દેવામાં આવ્યો છે. રસૂલોના સરદાર ખાતમુન્નબીય્યીન મોહંમદ મુસ્તફા સલ્લલ્લાહુ અલયહિ વસલ્લમ પસંદ કરાએલા રસૂલોમાં સર્વોચ્ચ મરતબો ધરાવે છે અલ્લાહ તઆલાએ આપને તમામ વસ્તુઓનું ઇલ્મ આપેલું છે જેવું કે સિહાહની મોઅતબર હદીષોથી પુરવાર થએલું છે અને આ આયત હુઝૂર તેમજ બીજા બધા જ 'મુર્તદા' (પસંદ કરાએલા) રસૂલો માટે ગૈબનું ઇલ્મ સાબિત કરે છે.

૩૨૧. ફરિશ્તાઓના જેઓ તેમની સંભાળ રાખે છે.

૩૨૨. આથી જણાયું કે ''બધી જ વસ્તુઓ'' ગણાત્રીમાં ઘેરાએલી અને હદવાળી તેમજ છેડાવાળી છે.

૩૨૩. સૂરએ મુઝમ્મિલ મક્કામાં ઉતરેલી છે. તેમાં ૨ રૂકૂઅ ૨૦ આયતો ૨૮૫ અક્ષરો અને ૮૩૮ શબ્દો છે.

૩૨૪. અર્થાત પોતાનાં કપડાંઓમાં લપેટાઇ જનાર. આના શાને નુઝૂલ વિષે અમુક કથનો છે. અમુક તફસીર કરનારાઓએ કહ્યું છે કે, વહીની શરૂઆતના સમયમાં હુઝૂર સલ્લલ્લાહુ અલયહિ વસલ્લમ ખોફના કારણે પોતાના વસ્ત્રોમાં લપેટાઇ જતા હતા એવી હાલતમાં હઝરત જિબ્રઇલે આપને ''યા અય્યુહલ મુઝમ્મિલ'' કહીને સંબોધ્યા. એક કથન એવું છે કે; હુઝૂર ચાદર શરીફ ઓઢીને આરામ કરી રહ્યા હતા એવી હાલતમાં આપને ઉપરોક્ત સંબોધન કરવામાં આવ્યું. ગમે તે હોય પણ આ સંબોધન એવું કહે છે કે વ્હાલા ની દરેક હાલત વ્હાલી હોય છે. અને એનો એવો અર્થ પણ કહેવાયો છે કે; અય નબુવ્વતના વસ્ત્ર અને રિસાલતની ચાદર ઉઠાવનાર અને એને પાત્ર !

૩૨૫. નમાઝ અને ઇબાદત માટે.

૩૨૬. અર્થાત થોડો સમય આરામ માટે હોય અને બાકીની રાત ઇબાદતમાં પસાર કરો. તે બાકી

انقص منه قليلا ﴿٣﴾ او زد عليه ورتل القرآن
ترتيلا ﴿٤﴾ إنا سنلقي عليك قولا ثقيلا ﴿٥﴾ إن ناشئة
الليل هي أشد وطأ وأقوم قيلا ﴿٦﴾ إن لك في النهار
سبحا طويلا ﴿٧﴾ واذكر اسم ربك وتبتل إليه تبتيلا ﴿٨﴾
رب المشرق والمغرب لا إله إلا هو فاتخذه وكيلا ﴿٩﴾
واصبر على ما يقولون واهجرهم هجرا جميلا ﴿١٠﴾ و
ذرني والمكذبين أولي النعمة ومهلهم قليلا ﴿١١﴾ إن
لدينا أنكالا وجحيما ﴿١٢﴾ وطعاما ذا غصة وعذابا
أليما ﴿١٣﴾ يوم ترجف الأرض والجبال وكانت
الجبال كثيبا مهيلا ﴿١٤﴾ إنا أرسلنا إليكم رسولا شاهدا
عليكم كما أرسلنا إلى فرعون رسولا ﴿١٥﴾ فعصى

**ઓછું કરો (૩) અથવા એનામાં થોડોક વધારો કરો,[૩૨૭] અને કુરઆન બહું ધીરે ધીરે પઢો[૩૨૮] (૪) બેશક અમે નજીકમાં જ તમારી ઉપર એક ભારે વાત નાખીશું[૩૨૯] (૫) બેશક રાતનું ઉઠવું એ વધુ દબાવ નાખે છે[૩૩૦] અને વાત બહુ સીધી નીકળે છે[૩૩૧] (૬) બેશક દિવસે તો તમારે ઘણાં કામો (હોય) છે[૩૩૨] (૭) અને પોતાના રબનું નામ યાદ કરો[૩૩૩] અને બધાંથી અલગ બનીને તેના જ થઇને રહો[૩૩૪] (૮) તે પૂર્વનો રબ અને પશ્ચિમનો રબ. તેના સિવાય (બીજો) કોઇ મઅબૂદ નથી તો તમે તેને જ પોતાનો કારસાઝ બનાવો[૩૩૫] (૯) અને કાફિરોની વાતો બદલ સબર કરો અને તેમને ઉત્તમ રીતે પડતા મૂકો[૩૩૬] (૧૦) અને એ જૂઠાડનારાઓ માલદારોને મારી ઉપર છોડી દો અને તેમને થોડીક મહેતલ આપો[૩૩૭] (૧૧) બેશક અમારી પાસે[૩૩૮] વજનદાર બેડીઓ અને ભભુકતી આગ છે (૧૨) તેમજ ગળામાં આડુ થતું જમણ અને દુ:ખદાયક અઝાબ[૩૩૯] (૧૩) જે દિવસે જમીન ધ્રુજી ઉઠશે અને પર્વતો,[૩૪૦] અને પર્વતો વહેતી રેતીના ટેકરાઓ બની જશે (૧૪) બેશક ! અમે તમારી તરફ એક રસૂલ મોકલ્યા[૩૪૧] કે (જે) તમારા ઉપર હાજર નાઝિર છે[૩૪૨] જેવી રીતે કે અમે ફિરઔન તરફ રસૂલ મોકલ્યા[૩૪૩] (૧૫) તો ફિરઔને તે રસૂલનો હુકમ માન્યો નહિ તો**

કેટલી હોવી જોઇએ તેની વિગત આગળ વર્ણવવામાં આવે છે.

૩૨૭. આશય એ છે કે આપને અધિકાર આપવામાં આવ્યો છે કે ઇબાદત માટે ઉભું રહેવું અડધી રાત હોય અડધી રાતથી થોડું હોય કે અડધી રાતથી વધારે હોય. (બયઝાવી) આ ઉભા રહેવાનો નિર્દેશ તહજ્જુદ તરફ છે જે ઇસ્લામના આરંભમાં વાજિબ બલ્કે એક કથન અનુસાર ફર્ઝ હતું. નબીએ કરીમ સલ્લલ્લાહુ અલયહિ વસલ્લમ અને આપના સહાબા રાત્રે ઇબાદતમાં ઉભા રહેતા અને લોકોને ખબર પડતી નહિ કે રાત અડધી થઇ છે કે એક ભાગની પસાર થઇ છે કે બે ભાગની વિતી ગઇ છે. ત્યારે તે લોકો આખી રાત ઇબાદત કરતા રહેતા અને એવા ભયે કે વાજિબ જેટલા સમયથી ઓછું રહી જાય નહિ તેઓ સવાર સુધી નમાઝો પઢયા કરતા હતા એટલે સુધી કે તે લોકોના પગો ફુલી જતા હતા. પછી એ હુક્મ એક વરસ પછી ઉઠાવી લેવાયો અને એને નાસિખ કરનાર હુક્મ પણ આજ સૂરતમાં છે ''ફકરઊ મા તયસ્સર મિન્હુ.''

૩૨૮. અટકવાની જગ્યાઓનું ધ્યાન રાખીને અને અક્ષરોને એના સ્થાનેથી કાઢીને. અને શકયતા અનુસાર એ મુજબ પઢવું નમાઝમાં ફર્ઝ છે.

૩૨૯. અર્થાત ખૂબ જ મહાન અને દબદબાવાળું. અને એનો મતલબ કુરઆન મજીદ છે. એવું પણ કહેવામાં આવ્યું છે કે એનો અર્થ એ છે કે; અમે તમારા પર કુરઆન ઉતારીશું જેમાં હુક્મો મનાઇ હુક્મો અને સખ્ત કષ્ટ વેઠીને કરવાં પડે તેવાં કામોના આદેશો છે.

૩૩૦. રાત્રે ઊંઘી ગયા પછી ઉઠવું એ દિવસની નમાઝ કરતાં...

૩૩૧. કારણ કે તે સમય શાંતિ અને ઇત્મિનાન નો હોય છે શોરબકોર ની ચિંતા હોતી નથી એકાગ્રતા

અમે તેને સખત પકડ વડે પકડ્યો (૧૬) તો પછી જો[૩૪૪] કુફ્ર કરશો તો તે દિવસે[૩૪૫] કેવી રીતે બચશો[૩૪૬] જે બાળકોને વૃદ્ધ કરી દેશે[૩૪૭] (૧૭) આકાશ તેના આંચકાથી ફાટી જશે. અલ્લાહનો વાયદો થઇને રહેવાનો (૧૮) બેશક ! આ (તો) શિખામણ છે તો જે ઇચ્છે તે પોતાના રબ તરફ રસ્તો પકડે[૩૪૮] (૧૯) બેશક ! તમારો રબ જાણે છે કે તમે (ઇબાદતમાં) ઉભા રહો છો કદી બેતૃત્યાંશ રાત જેટલું કદી અડધી રાત કદી ત્રીજા ભાગની, અને તમારી સાથેનું એક જુથ,[૩૪૯] અને અલ્લાહ રાત્રી દિવસનો અંદાજો નક્કી કરે છે તેને ખબર છે કે અય મુસલમાનો ! તમારાથી રાતની ગણત્રી થઇ શકશે નહિ[૩૫૦] તો તેણે પોતાની મહેરબાનીથી તમારા પરથી પાછું ખેચીં લીધું, હવે કુરઆનમાંથી જેટલુ તમને સરળ પડે તેટલું પઢો.[૩૫૧] તેને ખબર છે કે નજીકમાં તમારામાંથી અમુક બીમાર પડશે અને અમુક પૃથ્વીમાં સફર કરશે અલ્લાહ ની કૃપા ઢુંઢવા[૩૫૨] અને અમુક અલ્લાહના માર્ગમાં લડતા હશે.[૩૫૩] તો જેટલું કુરઆન પઢી શકાય તેટલું પઢો[૩૫૪] અને નમાઝ કાયમ રાખો[૩૫૫] અને ઝકાત આપો અને અલ્લાહને સારૂં કરજ આપો[૩૫૬] અનો પોતાના માટે જે ભલાઇ આગળ મોકલશો તેને અલ્લાહ પાસે ઉત્તમ



فِرْعَوْنُ الرَّسُوْلَ فَاَخَذْنٰهُ اَخْذًا وَّبِيْلًا ﴿١٦﴾ فَكَيْفَ
تَتَّقُوْنَ اِنْ كَفَرْتُمْ يَوْمًا يَّجْعَلُ الْوِلْدَانَ شِيْبًا ﴿١٧﴾ السَّمَآءُ
مُنْفَطِرٌۢ بِهٖ كَانَ وَعْدُهٗ مَفْعُوْلًا ﴿١٨﴾ اِنَّ هٰذِهٖ تَذْكِرَةٌ
فَمَنْ شَآءَ اتَّخَذَ اِلٰى رَبِّهٖ سَبِيْلًا ﴿١٩﴾ اِنَّ رَبَّكَ يَعْلَمُ اَنَّكَ
تَقُوْمُ اَدْنٰى مِنْ ثُلُثَيِ الَّيْلِ وَنِصْفَهٗ وَثُلُثَهٗ وَطَآئِفَةٌ
مِّنَ الَّذِيْنَ مَعَكَ وَاللّٰهُ يُقَدِّرُ الَّيْلَ وَالنَّهَارَ عَلِمَ اَنْ
لَّنْ تُحْصُوْهُ فَتَابَ عَلَيْكُمْ فَاقْرَءُوْا مَا تَيَسَّرَ مِنَ الْقُرْاٰنِ
عَلِمَ اَنْ سَيَكُوْنُ مِنْكُمْ مَّرْضٰى وَاٰخَرُوْنَ يَضْرِبُوْنَ فِى
الْاَرْضِ يَبْتَغُوْنَ مِنْ فَضْلِ اللّٰهِ وَاٰخَرُوْنَ يُقَاتِلُوْنَ
فِىْ سَبِيْلِ اللّٰهِ فَاقْرَءُوْا مَا تَيَسَّرَ مِنْهُ وَاَقِيْمُوا الصَّلٰوةَ
وَاٰتُوا الزَّكٰوةَ وَاَقْرِضُوا اللّٰهَ قَرْضًا حَسَنًا وَمَا تُقَدِّمُوْا

પુરેપુરી હોય છે દેખાવ કરવાનો સમય હોતો નથી.

૩૩૨. રાત્રીનો સમય ઇબાદત માટે બહું નવરાશનો હોય છે.

૩૩૩. રાત અને દિવસના સઘળા સમયોમાં તસ્બીહ, નમાઝ, તિલાવતે કુરઆન, ઇલ્મની તાલીમ વિગેરે વડે અને એવું પણ કહેવાયું છે કે એનો અર્થ એ છે કે પોતાની કિરાઅતની શરૂઆતમાં બિસ્મિલ્લા હિર્રહમાનિર્રહીમ) પઢો.

૩૩૪. અર્થાત ઇબાદતમાં એકાગ્રતા હોવી જોઇએ કે દિલ અલ્લાહુ તઆલા સિવાય અન્યમાં મગ્ન હોવું જોઇએ નહિ, બધા જ સંબંધો તુટી જઇને તેની જ તરફ ધ્યાન મગ્ન થવું જોઇએ.

૩૩૫. અને પોતાનાં કાર્યો તેને જ સુપ્રત કરી દો.

૩૩૬. જિહાદની આયત વડે આ હુકમ મન્સૂખ થએલો છે.

૩૩૭. બદ્ર (ની લડાઇ) સુધી અથવા કયામત સુધી.

૩૩૮. આખેરતમાં.

૩૩૯. તેમના માટે જેમણે હુઝૂરને જૂઠાડયા.

૩૪૦. તે દિવસ કયામતનો હશે.

૩૪૧. સય્યિદે આલમ મોહંમદ મુસ્તફા સલ્લલ્લાહુ અલયહિ વસલ્લમ.

૩૪૨. મુઅમિનના ઇમાનને અને કાફિરના કુફ્રને જાણે છે.

૩૪૩. હઝરત મૂસા અલયહિસ્સલામ.

لِاَنْفُسِكُمْ مِّنْ خَيْرٍ تَجِدُوْهُ عِنْدَ اللّٰهِ هُوَ خَيْرًا وَّاَعْظَمَ
اَجْرًا ۚ وَاسْتَغْفِرُوا اللّٰهَ ۚ اِنَّ اللّٰهَ غَفُوْرٌ رَّحِيْمٌ ﴿٢٠﴾
سُوْرَةُ الْمُدَّثِّرِ مَكِّيَّةٌ بِسْمِ اللّٰهِ الرَّحْمٰنِ الرَّحِيْمِ اٰيَاتُهَا ٥٦ رُكُوْعَاتُهَا ٢
يٰٓاَيُّهَا الْمُدَّثِّرُ ﴿١﴾ قُمْ فَاَنْذِرْ ﴿٢﴾ وَرَبَّكَ فَكَبِّرْ ﴿٣﴾ وَثِيَابَكَ
فَطَهِّرْ ﴿٤﴾ وَالرُّجْزَ فَاهْجُرْ ﴿٥﴾ وَلَا تَمْنُنْ تَسْتَكْثِرُ ﴿٦﴾ وَلِرَبِّكَ
فَاصْبِرْ ﴿٧﴾ فَاِذَا نُقِرَ فِي النَّاقُوْرِ ﴿٨﴾ فَذٰلِكَ يَوْمَئِذٍ
يَّوْمٌ عَسِيْرٌ ﴿٩﴾ عَلَى الْكٰفِرِيْنَ غَيْرُ يَسِيْرٍ ﴿١٠﴾ ذَرْنِيْ وَمَنْ
خَلَقْتُ وَحِيْدًا ﴿١١﴾ وَّجَعَلْتُ لَهٗ مَالًا مَّمْدُوْدًا ﴿١٢﴾ وَّبَنِيْنَ
شُهُوْدًا ﴿١٣﴾ وَّمَهَّدْتُّ لَهٗ تَمْهِيْدًا ﴿١٤﴾ ثُمَّ يَطْمَعُ اَنْ اَزِيْدَ ﴿١٥﴾
كَلَّا ۭ اِنَّهٗ كَانَ لِاٰيٰتِنَا عَنِيْدًا ﴿١٦﴾ سَاُرْهِقُهٗ صَعُوْدًا ﴿١٧﴾ اِنَّهٗ
فَكَّرَ وَقَدَّرَ ﴿١٨﴾ فَقُتِلَ كَيْفَ قَدَّرَ ﴿١٩﴾ ثُمَّ قُتِلَ كَيْفَ قَدَّرَ ﴿٢٠﴾

**અને મોટા સવાબવાળી દેખશો. અને અલ્લાહ પાસે માફી માંગો. બેશક અલ્લાહ માફ કરનાર મહેરબાન છે (૨૦)**

**અલ્લાહના નામથી શરૂ જે ઘણો મહેરબાન રહેમવાળો (છે)[૩૫૭]**

**અય ચાદર ઓઢનાર[૩૫૮] (૧) ઉભા થઇ જાવ[૩૫૯] પછી ડરાવો[૩૬૦] (૨) અને પોતાના રબની જ મોટાઇ વર્ણાવો[૩૬૧] (૩) અને પોતાના વસ્ત્રો પાક રાખો[૩૬૨] (૪) અને મૂર્તિઓથી વેગળા રહો (૫) અને વધુ મેળવવાને ઇરાદે કોઇની ઉપર ઉપકાર ન કરો[૩૬૩] (૬) અને પોતાના રબ ખાતર સબર કર્યે જાવ[૩૬૪] (૭) પછી જ્યારે સૂર ફૂંકાશે[૩૬૫] (૮) તો તે દિવસ કપરો દિવસ છે (૯) કાફિરો પર સહેલો નથી[૩૬૬] (૧૦) તેને મારા પર છોડી દો જેને મેં એકલો જન્માવ્યો[૩૬૭] (૧૧) અને તેને વિસ્તૃત દોલત આપી[૩૬૮] (૧૨) અને સામે હાજર રહેતા દીકરાઓ આપ્યા[૩૬૯] (૧૩) મેં તેના માટે જાત જાતની તૈયારીઓ કરી[૩૭૦] (૧૪) ફરી એ (એવી) લાલચ રાખે છે કે હું ઓર વધારે આપું[૩૭૧] (૧૫) કદાપી નહિ,[૩૭૨] તે તો મારી આયતો સાથે શત્રુતા ધરાવે છે (૧૬) નજીક છે કે હું એને આગના પર્વત સઉદ પર ચઢાવું (૧૭) બેશક તેણે વિચાર કર્યો અને દિલમાં એક વાત નક્કી કરી (૧૮) તો એના પર લઅનત થાય કેવી (વાત) નક્કી કરી (૧૯) પાછી એના પર લઅનત થાય કેવી (વાત) નક્કી કરી (૨૦)**

૩૪૪. દુનિયામાં...

૩૪૫. અર્થાત કયામતના દિવસે જે ખૂબ જ ભયાનક હશે.

૩૪૬. અલ્લાહ ના અઝાબથી.

૩૪૭. પોતાની ભયંકરતા અને ભયાનકતાથી.

૩૪૮. ઇમાન અને ફરમાંબરદારી અંગિકાર કરીને.

૩૪૯. તમારા સહાબાનું. તેઓ પણ રાતની ઇબાદતમાં આપને અનુસરે છે.

૩૫૦. અને સમયને સંભાળી શકશો નહિ.

૩૫૧. અર્થાત રાત્રીનું કિયામ (ઇબાદત) માફ કરી દીધું.

**મસઅલો** :- આ આયતથી કિરાઅત નમાઝમાં ફર્ઝ હોવાનું સાબિત થયું.

**મસઅલો** :- ફર્ઝ કિરાઅતનું પ્રમાણ ઓછામાં ઓછું એક મોટી આયત અથવા ત્રણ નાની આયતો છે.

૩૫૨. અર્થાત વેપાર ધંધા અર્થે અથવા તાલીમ માટે.

૩૫૩. એ બધા માટે રાત્રીની ઇબાદત કપરી બની રહેશે.

૩૫૪. આના વડે પહેલો હુકમ (રાતની ઇબાદત ફર્ઝ હોવાનો) મન્સૂખ કરવામાં આવ્યો. અને આ પણ પાંચ વખતની નમાઝોથી મન્સૂખ થઇ ગયો.

૩૫૫. અહીં નમાઝોનો અર્થ ફર્ઝ નમાઝો છે.

૩૫૬. હઝરત ઇબ્ને અબ્બાસ રદીયલ્લાહુ તઆલાના અન્હુમાએ ફરમાવ્યું છે કે; આ ફર્ઝનો મતલબ

تبارك الذي ٢٩ — المدثر ٧٤

ثُمَّ نَظَرَ ﴿٢١﴾ ثُمَّ عَبَسَ وَبَسَرَ ﴿٢٢﴾ ثُمَّ أَدْبَرَ وَاسْتَكْبَرَ ﴿٢٣﴾
فَقَالَ إِنْ هَٰذَا إِلَّا سِحْرٌ يُؤْثَرُ ﴿٢٤﴾ إِنْ هَٰذَا إِلَّا قَوْلُ
الْبَشَرِ ﴿٢٥﴾ سَأُصْلِيهِ سَقَرَ ﴿٢٦﴾ وَمَا أَدْرَاكَ مَا سَقَرُ ﴿٢٧﴾ لَا
تُبْقِي وَلَا تَذَرُ ﴿٢٨﴾ لَوَّاحَةٌ لِلْبَشَرِ ﴿٢٩﴾ عَلَيْهَا تِسْعَةَ عَشَرَ ﴿٣٠﴾
وَمَا جَعَلْنَا أَصْحَابَ النَّارِ إِلَّا مَلَائِكَةً ۙ وَمَا جَعَلْنَا عِدَّتَهُمْ إِلَّا
فِتْنَةً لِلَّذِينَ كَفَرُوا لِيَسْتَيْقِنَ الَّذِينَ أُوتُوا الْكِتَابَ
وَيَزْدَادَ الَّذِينَ آمَنُوا إِيمَانًا ۙ وَلَا يَرْتَابَ الَّذِينَ أُوتُوا
الْكِتَابَ وَالْمُؤْمِنُونَ ۙ وَلِيَقُولَ الَّذِينَ فِي قُلُوبِهِمْ
مَرَضٌ وَالْكَافِرُونَ مَاذَا أَرَادَ اللَّهُ بِهَٰذَا مَثَلًا ۚ كَذَٰلِكَ
يُضِلُّ اللَّهُ مَنْ يَشَاءُ وَيَهْدِي مَنْ يَشَاءُ ۚ وَمَا يَعْلَمُ جُنُودَ
رَبِّكَ إِلَّا هُوَ ۚ وَمَا هِيَ إِلَّا ذِكْرَىٰ لِلْبَشَرِ ﴿٣١﴾ كَلَّا وَالْقَمَرِ ﴿٣٢﴾

**પછી નજર ઊંચકીને જોયું (૨૧) પછી ભંવા ચઢાવ્યાં અને મોઢું બગાડયું (૨૨) પછી પીઠ ફેરવી અને અભિમાન કર્યું (૨૩) પછી બોલ્યો; 'આ તો તેજ આગલાઓ પાસેથી શિખેલું જાદૂ છે (૨૪) આ તો માનવીના કલામ સિવાય કશુંય નથી'[૩૭૩] (૨૫) કોઇ પળ વિતે છે કે હું તેને દોઝખમાં દાટું છું (૨૬) અને તમે શું જાણ્યું કે દોઝખ શું છે ? (૨૭) છોડે નહિ અને ન પડતું મૂકે[૩૭૪] (૨૮) માણસનું ચામડું ઉધડી નાખે છે [૩૭૫] (૨૯) તેના પર ઓગણીસ ચોકિયાતો છે[૩૭૬] (૩૦) અને અમે ફરિશ્તાઓને જ દોઝખના ચોકયાતો બનાવ્યા છે. અને અમે તેમની સંખ્યા કાફિરોની કસોટી ખાતર જ રાખી છે.[૩૭૭] એટલા માટે કે કિતાબવાળાઓને ખાત્રી થાય[૩૭૮] અને ઇમાનવાળાઓનું ઇમાન વધે[૩૭૯] અને કિતાબવાળાઓ ને તેમજ મુસલમાનોને કશી શંકા રહે નહિ અને દિલના રોગીઓ[૩૮૦] તેમજ કાફિરો કહે; 'આ આશ્ચર્યજનક વાતમાં અલ્લાહનો શું હેતુ છે ?' અલ્લાહ આવી રીતે જ ગુમરાહ કરે છે જેને ઇચ્છે તેને અને માર્ગદર્શન આપે છે જેને ઇચ્છે તેને. અને તમારા રબનાં સૈન્યોને તેના સિવાય કોઇ જાણતું નથી અને તે[૩૮૧] તો નથી પણ માણસ માટે નસીહત (૩૧) હા ! હા ! ચંદ્ર ની કસમ (૩૨)**

ઝકાત સિવાય અલ્લાહના માર્ગમાં વાપરવાનો છે જેમકે સગાંઓ પાછળ તેમજ મહેમાનો માટે વાપરવું. અને એવું પણ કહેવાયું છે કે એમાં બધા જ સદકાઓ (ફર્ઝ કે નફિલ) જે સારી રીતે હલાલ માલમાંથી ખુશ દિલી સાથે કરવામાં આવે તે સામેલ છે.

૩૫૭. સૂરએ મુદ્દષ્ષિર મક્કામાં ઉતરેલી છે. એમાં ૨ રૂકૂઅ ૫૬ આયતો ૨૫૫ શબ્દો અને ૧૦૧૦ અક્ષરો છે.

૩૫૮. આ સંબોધન હુઝૂર સય્યિદે આલમ મોહંમદ મુસ્તફા સલ્લલ્લાહુ અલયહિ વસલ્લમને છે.

**શાને નુઝૂલ** :- હઝરત જાબિર રદીયલ્લાહુ તઆલા અન્હુએ બયાન કર્યું છે કે; સય્યિદે આલમ સલ્લલ્લાહુ અલયહિ વસલ્લમે ફરમાવ્યું; હું હિરા ગુફામાં હતો ત્યારે મને આકાશવાણી થઇ કે અય મોહંમદ ! બેશક ! તમે અલ્લાહના રસૂલ છો. મેં મારી જમણી બાજુ અને ડાબી બાજુ જોયું પણ કોઇ દેખાયું નહિ અને ઉપર જોયું તો એક વ્યક્તિ આકાશ અને પૃથ્વીની વચ્ચે બેઠેલી છે (અર્થાત તે ફરિશ્તાએ જ આકાશવાણી કરી હતી) આ દેખીને મારી ઉપર રોફ છવાઇ ગયો અને હું ખદીજા પાસે આવ્યો અને મેં કહ્યું કે; મને ચાદર ઓઢાડી આપો. તેમણે ઓઢાડી દીધી ત્યારે જિબ્રઇલ આવ્યા અને તેમણે કહ્યું; યા અય્યુહલ મુદ્દષ્ષિર.

૩૫૯. પોતાના આરામસ્થાનેથી.

૩૬૦. કોમને અલ્લાહના અઝાબથી ઇમાન નહિ લાવવા બદલ.

૩૬૧. જ્યારે આ આયત ઉતરી ત્યારે સય્યિદે આલમ સલ્લલ્લાહુ અલયહિ વસલ્લમે અલ્લાહુ અકબર ફરમાવ્યું; હઝરત ખદીજાએ પણ હુઝૂરની તકબીર સાંભળીને તકબીર કહી અને ખુશ થયાં અને તેમને ખાત્રી

થઇ કે વહી આવી.

૩૬૨. દરેક જાતની નાપાકીથી, કારણ કે નમાઝ માટે પાકી આવશ્યક છે અને નમાઝ સિવાયની અન્ય હાલતોમાં પણ કપડાં પાક રાખવાં ઉત્તમ છે. અથવા એ અર્થ છે કે પોતાનાં વસ્ત્રો ટાંચાં કરો એવાં લાંબાં કરો નહિ જેવી કે અરબોની આદત છે કારણ કે બહું લાંબાં હોવાના કારણે ચાલતાં ફરતાં નાપાક થવાની શક્યતા છે.

૩૬૩. અર્થાત જે રીતે દુનિયામાં ભેટ સોગાતો અને ચાંદલા આપવાનો રિવાજ છે કે આપનાર એવું સમજતો હોય છે કે મેં જેને આપ્યું છે તે એનાથી વધારે મને આપશે. એ પ્રકારથી ભેટો અને ચાંદલાઓ શરીઅતમાં જાઇઝ છે છતાં નબીએ કરીમ સલ્લલ્લાહુ અલયહિ વસલ્લમને એની મનાઇ કરવામાં આવી કારણ કે નબુવ્વતનો મોભો બહું ઊંચો અને બુલંદ છે અને એ ઉચ્ચ પદવીને એવું જ શોભે છે કે જેને જે આપે તે માત્ર કૃપા હોય, તેની પાસેથી મેળવવાની કે લાભ ઉઠાવવાની નિય્યત હોય નહિ.

૩૬૪. હુક્મો અને મનાઇ હુકમો બજાવવામાં અને તે કષ્ટો બદલ જે દીનની ખાતર તમારે વેઠવાં પડે.

૩૬૫. સહીહ કથન અનુસાર એનો મતલબ બીજું સૂર છે.

૩૬૬. આમાં એ બાબત નિર્દેશ છે કે તે દિવસ અલ્લાહની કૃપાથી મુઅમિનો માટે સહેલો હશે.

૩૬૭. તેની માંના પેટમાં દોલત અને ઔલાદ વિહોણો.

**શાને નુઝૂલ** :- આ આયત વલીદ બિન મુગેરા મખઝૂમી વિષે ઉતરી તે પોતાની કોમમાં ''વહીદ'' ના ઉપનામથી ઓળખાતો હતો.

૩૬૮. ખેતી અને ઘણાં જાનવરો અને વેપાર. મુજાહિદે કહ્યું છે કે તે એક લાખ દીનાર રોકડાની હેસિયત ધરાવતો હતો અને તાઇફમાં તેની એટલી મોટી વાડી હતી જે વરસના કોઇ પણ ભાગમાં ફળોથી ખાલી રહેતી ન હતી.

૩૬૯. જેઓની સંખ્યા ૧૦ હતી અને માલદાર હતા એટલે તેમને રોજી કમાવવા માટે સફર કરવાની આવશ્યકતા ન હતી તેથી બાપની સ્હામે હાજર રહેતા હતા, તેમનામાંથી ત્રણે ઇસ્લામ સ્વીકાર્યો ખાલિદે અને હિશામે અને વલીદ બિન વલીદે.

૩૭૦. મરતબો પણ આપ્યો આગેવાની પણ આપી તેમજ એશઆરામ અને લાંબુ આયુષ્ય પણ આપ્યું.

૩૭૧. શુકર નહિ કરતો હોવા છતાં.

૩૭૨. એવું બનશે નહિ. જેમકે આ આયત ઉતર્યા પછીથી વલીદની દોલત માલ અને ઔલાદમાં કમી થવાનું શરૂ થયું એટલે સુધી કે તે નાશ પામ્યો.

૩૭૩. **શાને નુઝૂલ** :- જ્યારે હા-મીમ તનઝિલુલ કિતાબે મિનલ્લાહિલ અઝીઝીલ હકીમ વાળી આયત ઉતરી અને હુઝૂરે મસ્જિદમાં એની તિલાવત કરી, વલીદે તે સાંભળી અને તે પોતાની કોમમાં આવીને કહેવા લાગ્યો કે; ખુદાની કસમ ! મેં હમણાં મોહંમદ (સલ્લલ્લાહુ અલયહિ વસલ્લમ) ના મોઢેથી એક કલામ સાંભળ્યું જે ન તો માનવીનું છે ન જિનનું, ખુદાની કસમ ! એમાં અજબ મીઠાશ અને તાઝગી તેમજ ફાયદાઓ અને મનમોહકતા છે, તે કલામ સર્વે પર વિજેતા નિવડશે. કુરેશને તેની આ વાતોથી બહુ દુઃખ થયું અને તેમની અંદર એ વાત પ્રચલિત બની ગઇ કે વલીદ બાપ-દાદાઓના ધર્મથી ફરી ગયો. અબૂજહલે વલીદને મનાવી લેવાની જવાબદારી ઉપાડી અને તેની પાસે આવીને ખૂબ ચિંતા મગ્ન બનીને બેસી ગયો. વલીદે પૂછયું; શું દુઃખ છે ? અબૂજહલ બોલ્યો; દુઃખ કેમ ન હોય ? તું હવે વૃધ્ધ થઇ ગયો છે, કુરેશ હવે

**અને રાત્રીની જ્યારે પીઠ ફેરવે (૩૩) અને સવારની જ્યારે અજવાળુ પાથરે[૩૮૨] (૩૪) બેશક દોઝખ બહું મોટી વસ્તુઓમાંની એક છે (૩૫) માણસોને ડરાવો (૩૬) તેને જે તમારામાં આગળ આવવા ઇચ્છે[૩૮૩] અથવા પાછળ રહેવા માંગે[૩૮૪] (૩૭) દરેક જીવ પોતાની કરણીમાં ગીરો મૂકાએલો છે (૩૮) પરંતુ જમણી બાજુવાળાઓ[૩૮૫] (૩૯) બગીચાઓમાં પૂછે છે (૪૦) અપરાધીઓને; (૪૧) 'તમને કઇ વાત દોઝખમાં લઇ ગઇ' (૪૨) તેઓ બોલ્યા; 'અમે[૩૮૬] નમાઝ પઢતા ન હતા (૪૩) અને મિસ્કીનને ખાવા ન આપતા હતા[૩૮૭] (૪૪) અને બેહૂદી ખોદણી કરનારાઓ સાથે બેહૂદી ખોદણી કરતા હતા (૪૫) અને અમે ન્યાયના દિવસને[૩૮૮] જૂઠાડતા રહ્યા (૪૬) એટલે સુધી કે અમારૂં મૃત્યુ થયું' (૪૭) તો તેમને ભલામણ કરનારાઓની ભલામણ કામ લાગશે નહિ[૩૮૯] (૪૮) તો તેમને થયું છે શું (કે) નસીહતથી મોઢું મચકોડે છે ?[૩૯૦] (૪૯) જાણે કે તેઓ ભટકેલા ગધેડાઓ હોય (૫૦) જેઓ વાઘથી ભાગ્યા હોય[૩૯૧] (૫૧) બલ્કે તેમની અંદરનો દરેક માણસ (એવું) ઇચ્છે છે કે ખુલ્લાં પુસ્તકો તેના હાથમાં મૂકી દેવામાં આવે[૩૯૨] (૫૨) કદાપી નહિ. બલ્કે તેમને આખેરતનો ડર નથી[૩૯૩] (૫૩) હા ! હા ! બેશક**

المدثر ٧٤ — تبارك الذي ٢٩

وَالَّيْلِ إِذْ أَدْبَرَ ﴿٣٣﴾ وَالصُّبْحِ إِذَا أَسْفَرَ ﴿٣٤﴾ إِنَّهَا لَإِحْدَى الْكُبَرِ ﴿٣٥﴾
نَذِيرًا لِّلْبَشَرِ ﴿٣٦﴾ لِمَن شَاءَ مِنكُمْ أَن يَتَقَدَّمَ أَوْ يَتَأَخَّرَ ﴿٣٧﴾
كُلُّ نَفْسٍ بِمَا كَسَبَتْ رَهِينَةٌ ﴿٣٨﴾ إِلَّا أَصْحَابَ الْيَمِينِ ﴿٣٩﴾
فِي جَنَّاتٍ يَتَسَاءَلُونَ ﴿٤٠﴾ عَنِ الْمُجْرِمِينَ ﴿٤١﴾ مَا سَلَكَكُمْ
فِي سَقَرَ ﴿٤٢﴾ قَالُوا لَمْ نَكُ مِنَ الْمُصَلِّينَ ﴿٤٣﴾ وَلَمْ نَكُ
نُطْعِمُ الْمِسْكِينَ ﴿٤٤﴾ وَكُنَّا نَخُوضُ مَعَ الْخَائِضِينَ ﴿٤٥﴾
وَكُنَّا نُكَذِّبُ بِيَوْمِ الدِّينِ ﴿٤٦﴾ حَتَّىٰ أَتَانَا الْيَقِينُ ﴿٤٧﴾
فَمَا تَنفَعُهُمْ شَفَاعَةُ الشَّافِعِينَ ﴿٤٨﴾ فَمَا لَهُمْ عَنِ
التَّذْكِرَةِ مُعْرِضِينَ ﴿٤٩﴾ كَأَنَّهُمْ حُمُرٌ مُّسْتَنفِرَةٌ ﴿٥٠﴾ فَرَّتْ
مِن قَسْوَرَةٍ ﴿٥١﴾ بَلْ يُرِيدُ كُلُّ امْرِئٍ مِّنْهُمْ أَن يُؤْتَىٰ
صُحُفًا مُّنَشَّرَةً ﴿٥٢﴾ كَلَّا بَلْ لَا يَخَافُونَ الْآخِرَةَ ﴿٥٣﴾ كَلَّا

તારા ખર્ચ માટે પૈસા ભેગા કરશે. તેમનું માનવું એવું છે કે તેં મોહંમદ (સલ્લલ્લાહુ અલયહિ વસલ્લમ) ના કલામ ના વખાણ એટલા માટે કર્યાં છે કે તેથી તને તેમના ભાણાનું વધેલું જમણ મળી જાય. આ સાંભળીને તેને બહું ક્રોધ ચઢયો અને બોલ્યો કે; શું કુરેશને મારા માલ દોલતની ખબર નથી ? અને શું કદી મોહંમદે અને તેમના સહાબાએ પેટ ભરીને ખાવા પણ ખાધું છે ? તેમના ભાણા પર શું વધવાનું છે ? પછી અબૂજહલ સાથે ઉઠયો અને કોમમાં આવીને કહેવા માંડયો કે; તમારો ખ્યાલ છે કે મોહંમદ (સલ્લલ્લાહુ અલયહિ વસલ્લમ) ગાંડા છે, શું તમે તેમનામાં કદી ગાંડપણની કોઇ વાત જોઇ છે ? બધાંએ ક્હયું કે; કદાપી નહિ. પાછો બોલ્યો; તમે તેમને જ્યોતિષી સમજો છો, શું તમે તેમને કદી જ્યોતિષીઓ જેવી વાતો કરતા નિહાળ્યા છે ? બધાંએ કહ્યું; નહિ. બોલ્યો; તમે તેમને શાયર સમજો છો, શું તમે તેમને કદી શાયરી જોડતાં જોયા છે ? બધાંએ કહ્યું; નહિ. બોલ્યો; તમે તેમને મહા જૂઠા સમજો છો, શું તમારા અનુભવમાં તેઓ કદી જૂઠ બોલ્યા છે ? બધાંએ કહ્યું; નહિ, અને કુરેશમાં આપનું સત્ય અને ઇમાનદારી એટલા પ્રખ્યાત હતાં કે કુરેશ આપને અમીન કહેતા હતા. આ બધું સાંભળીને કુરેશીઓ બોલ્યા; પછી વાત શું છે ? ત્યારે વલીદે વિચાર કરીને કહ્યું કે; વાત એમ છે કે તેઓ જાદુગર છે તમે જોયું હશે કે તેમના કારણે સગાં સગાંઓથી અને બાપ દીકરાથી જુદા પડી જાય છે, બસ જાદુગરનું એ જ કામ છે. અને જે કુરઆન તેઓ પઢે છે તે હૃદયમાં અસર કરી જાય છે એનું કારણ એ કે તે જાદુ છે. આ આયતમાં એ વાતનો ઉલ્લેખ છે.

૩૭૪. અર્થાત અઝાબને પાત્ર હોય તેને છોડે નહિ અને કોઇના શરીર પર ચામડું, માંસ વિગેરે કશું રહેવા દે નહિ બલ્કે જે અઝાબને લાયક હોય તેને ભરખે અને જેને ભરખે તેને બાળે અને જ્યારે સળગી

જશે ત્યારે ફરી પાછા તેવા જ કરી દેવામાં આવશે.

૩૭૫. બાળીને.

૩૭૬. ફરિશ્તાઓ. એક માલિક અને અઢાર બીજા.

૩૭૭. કે તેઓ અલ્લાહના રહસ્ય પર વિશ્વાસ ન મૂકીને એમાં ચર્ચા કરે અને કહે કે; ઓગણીસ જ શા માટે ?

૩૭૮. અર્થાત યહૂદીઓને એ સંખ્યા પોતાની કિતાબ મુજબ હોવાથી સય્યિદે આલમ સલ્લલ્લાહુ અલયહિ વસલ્લમના સત્યની ખાત્રી થાય.

૩૭૯. અર્થાત કિતાબવાળાઓમાંથી જેઓ ઇમાન લાવ્યા તેમની શ્રધ્ધા હુઝૂર સલ્લલ્લાહુ અલયહિ વસલ્લમ પર ઓર વધે અને જાણી લે કે હુઝૂર જે કંઇ કહે તે અલ્લાહ તરફની વહી હોય છે એટલા માટે જ આગલી કિતાબો અનુસાર હોય છે.

૩૮૦. જેમના દિલોમાં નિફાક છે.

૩૮૧. અર્થાત જહન્નમ અને તેનું વર્ણન અથવા કુરઆનની આયતો.

૩૮૨. ખૂબ સ્પષ્ટ થઇ જાય.

૩૮૩. ઇમાન લાવીને ભલાઇ અથવા જન્નત તરફ.

૩૮૪. કુફ્ર ધારણ કરીને અને અનિષ્ટ તેમજ અઝાબમાં સપડાય.

૩૮૫. અર્થાત ઇમાનવાળાઓ જે ગીરો નથી તેઓ છુટકારો મેળવનાર છે અને તેમણે નેકીઓ કરીને પોતાને સ્વતંત્ર કરાવી લીધેલા છે તેઓ પોતાના રબની રહમતથી લાભ ઉઠાવે છે.

૩૮૬. દુનિયામાં.

૩૮૭. અર્થાત મિસ્કીનોને સદકો (ખૈર ખૈરાત) આપતા ન હતા.

૩૮૮. જેમાં આમાલનો હિસાબ થશે અને બદલો આપવામાં આવશે, એટલે કે કયામતનો દિવસ.

૩૮૯. અર્થાત નબીઓ ફરિશ્તાઓ અને નેક લોકો જેમને અલ્લાહ તઆલાએ શાફિઅ (ભલામણ કર્તા) બનાવ્યા છે તેઓ મુઅમિનોની શફાઅત કરશે કાફિરોની શફાઅત નહિ કરે એટલે જેઓ ઇમાન ધરાવતા નથી તેમને શફાઅત પણ નસીબ થશે નહિ.

૩૯૦. અર્થાત કુરઆનની નસીહતોથી મોઢું ફેરવે છે.

૩૯૧. અર્થાત મુશરિકો નાદાની અને મૂર્ખતામાં ગધેડા જેવા છે જે રીતે તે વાઘને દેખીને નાસે છે તેવી રીતે જ તેઓ હુઝૂરની કુરઆન તિલાવત સાંભળી નાસે છે.

૩૯૨. કુરેશના કાફિરોએ હુઝૂર સલ્લલ્લાહુ અલયહિ વસલ્લમને કહ્યું હતું કે; અમે કદાપી તમારા અનુયાયીઓ બનીશું નહિ જ્યાં સુધી કે અમારામાં દરેક પાસે અલ્લાહ તરફથી એક એક કિતાબ આવે નહિ જેમાં લખેલું હોય કે આ ફલાણાના દીકરા ફલાણાના નામે અલ્લાહની કિતાબ છે અને આ દ્વારા તમને રસુલુલ્લાહ સલ્લલ્લાહુ અલયહિ વસલ્લમના અનુયાયી બનવાનો આદેશ આપીએ છીએ.

૩૯૩. કારણ કે જો તમને કયામતનો ખોફ હોત તો દલીલો રજુ થયા પછી અને મુઅજિઝાઓ જાહેર થયા પછી આ પ્રકારનાં બહાનાંઓ બનાવત નહિ.

૩૯૪. કુરઆન શરીફ.

૩૯૫. સૂરએ કિયામહ મક્કામાં ઉતરેલી છે. એમાં ૨ રૂકૂઅ ૪૦ આયતો ૧૯૯ શબ્દો અને ૬૯૨

إِنَّهُ تَذْكِرَةٌ ﴿٥٤﴾ فَمَنْ شَاءَ ذَكَرَهُ ﴿٥٥﴾ وَمَا يَذْكُرُونَ إِلَّا أَنْ
يَشَاءَ اللَّهُ هُوَ أَهْلُ التَّقْوَى وَأَهْلُ الْمَغْفِرَةِ ﴿٥٦﴾
بِسْمِ اللَّهِ الرَّحْمَٰنِ الرَّحِيمِ
لَا أُقْسِمُ بِيَوْمِ الْقِيَامَةِ ﴿١﴾ وَلَا أُقْسِمُ بِالنَّفْسِ اللَّوَّامَةِ ﴿٢﴾
أَيَحْسَبُ الْإِنْسَانُ أَلَّنْ نَجْمَعَ عِظَامَهُ ﴿٣﴾ بَلَىٰ قَادِرِينَ
عَلَىٰ أَنْ نُسَوِّيَ بَنَانَهُ ﴿٤﴾ بَلْ يُرِيدُ الْإِنْسَانُ
لِيَفْجُرَ أَمَامَهُ ﴿٥﴾ يَسْأَلُ أَيَّانَ يَوْمُ الْقِيَامَةِ ﴿٦﴾ فَإِذَا
بَرِقَ الْبَصَرُ ﴿٧﴾ وَخَسَفَ الْقَمَرُ ﴿٨﴾ وَجُمِعَ الشَّمْسُ
وَالْقَمَرُ ﴿٩﴾ يَقُولُ الْإِنْسَانُ يَوْمَئِذٍ أَيْنَ الْمَفَرُّ ﴿١٠﴾
كَلَّا لَا وَزَرَ ﴿١١﴾ إِلَىٰ رَبِّكَ يَوْمَئِذٍ الْمُسْتَقَرُّ ﴿١٢﴾
يُنَبَّأُ الْإِنْسَانُ يَوْمَئِذٍ بِمَا قَدَّمَ وَأَخَّرَ ﴿١٣﴾

**તે[૩૯૪] નસીહત છે (૫૪) તો જે ઇચ્છે (તે) તેનાથી નસીહત મેળવે (૫૫) અને તેઓ શું નસીહત માને પરંતુ જ્યારે કે અલ્લાહ ઇચ્છે. તે જ છે (જે) ડરવા લાયક (છે) અને માફી આપવી એ તેની જ શાન છે (૫૬)**

**અલ્લાહના નામથી શરૂ જે ઘણો મહેરબાન રહેમવાળો (છે)[૩૯૫]**

**કયામતના દિવસની કમસ યાદ કરૂં છું (૧) અને તે જીવના સોગંદ જે પોતાની ઉપર ખૂબ ખેદ દર્શાવે[૩૯૬] (૨) શું માનવી[૩૯૭] એવું સમજે છે કે અમે કદાપી તેનાં હાડકાંઓ એકત્ર નહિ કરીએ ? (૩) કેમ નહિ ! અમે શક્તિમાન છીએ કે તેનાં બેડકાં સારી રીતે બનાવીએ[૩૯૮] (૪) બલ્કે માનવી ઇચ્છે છે કે તેની દ્રષ્ટિ સમક્ષ બદી કરે[૩૯૯] (૫) પૂછે છે ; ક્યારે થશે કયામતનો દિવસ ? (૬) પછી જે દિવસે આંખ ઝંખવાઇ જશે[૪૦૦] (૭) અને ચંદ્ર ગ્રહાય જશે[૪૦૧] (૮) અને સૂર્ય તેમજ ચંદ્ર ભેગા કરી દેવાશે[૪૦૨] (૯) તે દિવસે માનવી કહેશે, ક્યાં ભાગી છૂટું ?[૪૦૩] (૧૦) કદાપી નહિ, કોઇ આશારો નથી (૧૧) તે દિવસે તારા રબ તરફ જ જઇને થોભવાનું છે[૪૦૪] (૧૨) તે દિવસે માનવીને તેનું બધું જ આગલું પાછલું કહી આપવામાં આવશે[૪૦૫] (૧૩)**

અક્ષરો છે.

૩૯૬. પરહેઝગાર અને ખૂબ ઇબાદત ગુજાર હોવા છતાં કે તમે મૃત્યુ પછી અવશ્ય ઉઠાડવામાં આવશો.

૩૯૭. અહીં માનવીનો નિર્દેશ હશ્રને નહિ માનનાર કાફિર તરફ છે.

**શાને નુઝૂલ** :- આ આયત અદી બિન રબીઆ વિષે ઉતરી જેણે નબીએ કરીમ સલ્લલ્લાહુ અલયહિ વસલ્લમને કહ્યું હતું કે; 'જો હું કયામતનો દિવસ જોઇ લંઉ તો પણ માનું નહિ અને તમારી ઉપર ઇમાન લાવું નહિ, શું અલ્લાહ તઆલા વિખરાએલા હાડકાંઓ એકત્ર કરશે ?' તે બાબતે આ આયત ઉતરી જેનો અર્થ એ છે કે શું એ કાફિર એવું સમજે છે કે હાડકાંઓ વિખરાય ગયા પછી અને કોહીને રજકણો બની માટીમાં ભેગાં થઇ ગયા પછી ઉડીને દૂરદરાઝના સ્થળોએ પહોંચી જવાના કારણે એવાં બની જાય છે કે તેને એકત્ર કરવાં અમારી કુદરત બહાર જતુ રહે છે ? આવો કુવિચાર તેના ભેજામાં ઉદ્‌ભવ્યો કેવી રીતે ? તેણે એવું કેમ વિચાર્યું નહિ કે જે પ્રથમવાર સર્જવા શક્તિમાન છે તે મૃત્યુ પછી ફરીવાર સજીવન કરવા માટે પણ સમર્થ છે.

૩૯૮. અર્થાત તેની આંગળીઓ જેવી હતી જરા પણ ફેરફાર વગર તેવી જ કરી આપીએ અને તેનાં હાડકાંઓ તેના સ્થાને પહોંચાડી આપીએ. જ્યારે નાની નાની હાડકીઓ આ રીતે ક્રમવાર ગોઠવી દઇએ તો પછી મોટાં મોટાં હાડકાંઓનું શું પૂછવું ?

૩૯૯. માનવીનું હશ્રને નકારવું સમજફેર અને દલીલ નહિ હોવાના કારણે નથી બલ્કે પરિસ્થિતિ એ છે

تبٰرك الذي ٢٩ — القيٰمة ٧٥

بَلِ الْإِنسَانُ عَلَىٰ نَفْسِهِ بَصِيرَةٌ ﴿١٤﴾ وَلَوْ أَلْقَىٰ
مَعَاذِيرَهُ ﴿١٥﴾ لَا تُحَرِّكْ بِهِ لِسَانَكَ لِتَعْجَلَ بِهِ ﴿١٦﴾ إِنَّ
عَلَيْنَا جَمْعَهُ وَقُرْآنَهُ ﴿١٧﴾ فَإِذَا قَرَأْنَاهُ فَاتَّبِعْ قُرْآنَهُ ﴿١٨﴾
ثُمَّ إِنَّ عَلَيْنَا بَيَانَهُ ﴿١٩﴾ كَلَّا بَلْ تُحِبُّونَ الْعَاجِلَةَ ﴿٢٠﴾
وَتَذَرُونَ الْآخِرَةَ ﴿٢١﴾ وُجُوهٌ يَوْمَئِذٍ نَّاضِرَةٌ ﴿٢٢﴾
إِلَىٰ رَبِّهَا نَاظِرَةٌ ﴿٢٣﴾ وَوُجُوهٌ يَوْمَئِذٍ بَاسِرَةٌ ﴿٢٤﴾ تَظُنُّ
أَن يُفْعَلَ بِهَا فَاقِرَةٌ ﴿٢٥﴾ كَلَّا إِذَا بَلَغَتِ التَّرَاقِيَ ﴿٢٦﴾
وَقِيلَ مَنْ ۜ رَاقٍ ﴿٢٧﴾ وَظَنَّ أَنَّهُ الْفِرَاقُ ﴿٢٨﴾ وَالْتَفَّتِ
السَّاقُ بِالسَّاقِ ﴿٢٩﴾ إِلَىٰ رَبِّكَ يَوْمَئِذٍ الْمَسَاقُ ﴿٣٠﴾ فَلَا
صَدَّقَ وَلَا صَلَّىٰ ﴿٣١﴾ وَلَٰكِن كَذَّبَ وَتَوَلَّىٰ ﴿٣٢﴾ ثُمَّ ذَهَبَ
إِلَىٰ أَهْلِهِ يَتَمَطَّىٰ ﴿٣٣﴾ أَوْلَىٰ لَكَ فَأَوْلَىٰ ﴿٣٤﴾ ثُمَّ أَوْلَىٰ لَكَ فَأَوْلَىٰ ﴿٣٥﴾

**બલ્કે માનવી પોતે જ પોતાની હાલત પર પુરી નજર રાખે છે (૧૪) અને જો તેની પાસે જેટલાં બહાનાંઓ હોય તે બધાં જ કહી સંભળાવે તો પણ સાંભળવામાં નહિ આવે (૧૫) તમે યાદ કરી લેવાની ઉતાવળમાં કુર્આન સાથે પોતાની જીભ હલાવો નહિ[૪૦૬] (૧૬) બેશક તેને સાચવવું[૪૦૭] અને પઢવું[૪૦૮] અમારી જવાબદારી છે (૧૭) તો જ્યારે અમે તેને પઢી ચૂકીએ[૪૦૯] તે સમયે તે પઢાએલાને અનુસરો[૪૧૦] (૧૮) પછી બેશક ! એની બારીકીઓનું તમારી ઉપર જાહેર કરવું અમારી જવાબદારી પર છે (૧૯) કોઇ નહિ પણ અય કાફિરો ! તમે પગ તળેનીને મિત્ર ધરાવો છો[૪૧૧] (૨૦) અને આખેરતને છોડી બેઠા છો (૨૧) અમુક મોઢાંઓ તે દિવસે[૪૧૨] ખીલી ઉઠેલાં હશે[૪૧૩] (૨૨) પોતાના રબને નિહાળતાં[૪૧૪] (૨૩) અને અમુક મોઢાંઓ તે દિવસે બગડેલાં હશે[૪૧૫] (૨૪) સમજતા હશે કે તેમની સાથે તે દિવસે એવું કરવામાં આવશે કે જે કમ્મર ભાંગી નાખે[૪૧૬] (૨૫) હા ! હા ! જ્યારે પ્રાણ ગળે આવી લાગશે[૪૧૭] (૨૬) અને કહેશે;[૪૧૮] છે કોઇ મંતર જંતર કરનાર ?[૪૧૯] (૨૭) અને તે[૪૨૦] સમજી જશે કે આ વિયોગની પળ છે[૪૨૧] (૨૮) અને પીંડલી સાથે પીંડલી વળગી જશે[૪૨૨] (૨૯) તે દિવસે તારા રબ તરફ જ હંકાવાનું છે[૪૨૩] (૩૦) તેણે[૪૨૪] ન તો સત્યને માન્યું[૪૨૫] ન નમાઝ પઢી (૩૧) હા ! જૂઠાડયું અને મોઢું ફેરવ્યું[૪૨૬] (૩૨) પછી પોતાના ઘેર અકડીને ગયો[૪૨૭] (૩૩) તારી ખરાબી આવી લાગી, હવે આવી લાગી (૩૪) વળી તારી ખરાબી આવી લાગી, હમણાં જ આવી લાગી[૪૨૮] (૩૫)**

કે તે પ્રશ્ન પછી પણ પોતાની હાલત પર અટલ રહેવા માંગે છે અને તે મશ્કરી રૂપે પૂછે છે કે કયામત ક્યારે આવશે ? (જુમલ)

હઝરત ઇબ્ને અબ્બાસ રદીયલ્લાહુ તઆલા અન્હુમાએ આ આયતના અર્થમાં કહ્યું છે કે; માનવી હશ્ર અને હિસાબને જૂઠાડે છે જે તેની સ્હામે જ છે. સઇદ બિન જુબેરે કહ્યું છે કે; માનવી ગુન્હાઓને પહેલાં કરે છે તવબહને ઠેલતો રહે છે અને હવે તવબહ કરી લઇશ હવે નેક અમલ કરીશ એવું કહેતો ફરે છે એટલે સુધી કે મૃત્યુ આવી લાગે છે અને તે પોતાની બદીઓમાં જ સપડાએલો હોય છે.

૪૦૦. અને આશ્ચર્ય ઘેરી વળશે.

૪૦૧. કાળો થઇ જશે અને અજવાળું જતું રહેશે.

૪૦૨. આ ભેગું કરી આપવું યા તો ઉદય થવામાં થશે કે બન્ને પશ્ચિમમાંથી ઉદય થશે અથવા અજવાળાહિન થવામાં.

૪૦૩. કે જેથી આ હાલત અને ભયાનકતામાંથી છુટકારો મળે.

૪૦૪. બધી જ મખ્લૂક તેની સ્હામે હાજર થશે હિસાબ કરવામાં આવશે બદલો આપવામાં આવશે જેને ઇચ્છશે તેને પોતાની મહેરબાનીથી જન્નતમાં દાખલ કરશે અને જેને ઇચ્છશે તેને પોતાના ન્યાયથી દોઝખમાં નાંખશે.

૪૦૫. જે તેણે કર્યું હશે.

૪૦૬. **શાને નુઝૂલ** :- સય્યિદે આલમ સલ્લલ્લાહુ અલયહિ વસલ્લમ જિબ્રઇલ વહી પહોંચાડીને નવરા

થાય ત્યાર પહેલાં યાદ કરી લેવા પરિશ્રમ ઉઠાવતા હતા અને જલ્દી જલ્દી પઢતા તેમજ જીભ મુબારકને હલાવતા હતા. અલ્લાહ તઆલાએ હુઝૂરને આવો પરિશ્રમ ઉઠાવવા દીધો નહિ અને કુરઆન મજીદનું આપના પવિત્ર સીનામાં જાળવીને મૂકી આપવું અને જીભ મુબારક પર ચાલુ કરી દેવું પોતાની કૃપાની જવાબદારી પર લઇ લીધું અને આ આયત ઉતારીને હુઝૂરને નચિંત કરી દીધા.

૪૦૭. આપના પાક સીનામાં.

૪૦૮. આપનું.

૪૦૯. અર્થાત આપની પાસે વહી આવી ચૂકે.

૪૧૦. આ આયત ઉતર્યા પછી નબીએ કરીમ સલ્લલ્લાહુ અલયહિ વસલ્લમ વહીને શાંતિપૂર્વક સાંભળતા અને જ્યારે વહી પુરી થઇ જતી ત્યારે પઢતા હતા.

૪૧૧. અર્થાત તમને દુનિયાનો મોહ છે.

૪૧૨. અર્થાત કયામતના દિવસે.

૪૧૩. અલ્લાહ તઆલાની નેઅમત અને મહેરબાની બદલ ખુશખુશાલ મોઢાંઓ પરથી નૂર ઝળહળતું હશે. આ હાલત ઇમાનવાળાઓની છે.

૪૧૪. તેમને અલ્લાહના દીદારની નેઅમતથી માલા માલ કરવામાં આવશે.

**મસઅલો** :- આ આયતથી સાબિત થયું કે મુઅમિનોને આખેરતમાં અલ્લાહનો દીદાર થશે આવો જ અહલે સુન્નતનો અકીદો છે, કુરઆન, હદીષ અને ઉમ્મતની એકમતીની ઘણી દલીલો એના વિષે સ્થાપિત થએલી છે અને એ દીદાર કેફિયત તેમજ દિશા વગર થશે.

૪૧૫. કાળા ઉદાસીન નિરાશ. એ હાલત કાફિરોની છે.

૪૧૬. અર્થાત તેઓ મુસીબતોની સખ્તી અને ભયંકર અઝાબમાં પકડી લેવાશે.

૪૧૭. મૃત્યુ સમયે.

૪૧૮. જેઓ તેની પાસે હશે તે.

૪૧૯. જેથી એને સારૂં થઇ જાય.

૪૨૦. અર્થાત મરનાર.

૪૨૧. કે મક્કાવાસીઓ અને જગત બધાંથી અળગું થવાય છે.

૪૨૨. અર્થાત મૃત્યુની સખ્તાઇ અને તકલીફથી પગો પરસ્પર વીંટાઇ જશે. અથવા એ અર્થ છે કે બન્ને પગો કફનમાં વીટી લેવામાં આવશે. અથવા એ અર્થ છે કે કષ્ટ પર કષ્ટ થશે એક દુનિયાના વિયોગનું તે સાથે મૃત્યુનું અથવા એક કષ્ટ મૃત્યુનું અને તેની સાથે બીજાં કષ્ટો આખેરતનાં.

૪૨૩. અર્થાત બંદાઓને તેની તરફ જ પાછું જવાનું છે તેજ એમની વચ્ચે ફેંસલો કરશે.

૪૨૪. અર્થાત માનવીએ, અનેએ ઇશારો અબૂજહલ તરફ છે.

૪૨૫. રિસાલત અને કુરઆનને.

૪૨૬. ઇમાન લાવવાથી.

૪૨૭. અભિમાનથી. હવે તેને સંબોધન થાય છે.

૪૨૮. જ્યારે આ આયત ઉતરી ત્યારે નબીએ કરીમ સલ્લલ્લાહુ અલયહિ વસલ્લમે બતહામાં અબૂજહલનાં વસ્ત્રો પકડીને તેને કહ્યું; અવલા લક ફઅવલા ષુમ્મ....... એટલે કે તારી ખરાબી આવી

أَيَحْسَبُ الْإِنسَانُ أَن يُتْرَكَ سُدًى ﴿٣٦﴾ أَلَمْ يَكُ نُطْفَةً
مِّن مَّنِيٍّ يُمْنَىٰ ﴿٣٧﴾ ثُمَّ كَانَ عَلَقَةً فَخَلَقَ فَسَوَّىٰ ﴿٣٨﴾
فَجَعَلَ مِنْهُ الزَّوْجَيْنِ الذَّكَرَ وَالْأُنثَىٰ ﴿٣٩﴾ أَلَيْسَ
ذَٰلِكَ بِقَادِرٍ عَلَىٰ أَن يُحْيِيَ الْمَوْتَىٰ ﴿٤٠﴾

سُورَةُ الدَّهْرِ مَدَنِيَّةٌ وَهِيَ إِحْدَى وَثَلَاثُونَ آيَةً وَفِيهَا رُكُوعَانِ

بِسْمِ اللَّهِ الرَّحْمَٰنِ الرَّحِيمِ
هَلْ أَتَىٰ عَلَى الْإِنسَانِ حِينٌ مِّنَ الدَّهْرِ لَمْ يَكُن
شَيْئًا مَّذْكُورًا ﴿١﴾ إِنَّا خَلَقْنَا الْإِنسَانَ مِن نُّطْفَةٍ أَمْشَاجٍ
نَّبْتَلِيهِ فَجَعَلْنَاهُ سَمِيعًا بَصِيرًا ﴿٢﴾ إِنَّا هَدَيْنَاهُ السَّبِيلَ
إِمَّا شَاكِرًا وَإِمَّا كَفُورًا ﴿٣﴾ إِنَّا أَعْتَدْنَا لِلْكَافِرِينَ
سَلَاسِلَ وَأَغْلَالًا وَسَعِيرًا ﴿٤﴾ إِنَّ الْأَبْرَارَ يَشْرَبُونَ

**શું માનવી એવા ગુમાનમાં છે કે છુટો મૂકી દેવામાં આવશે ?[૪૨૯] (૩૬) શું તે એક ટીપું તે મનીનું ન હતો જે પાડવામાં આવે ?[૪૩૦] (૩૭) પછી લોહીનું ફોરૂં થયો, તો તેણે સજર્યા[૪૩૧] પછી સારી રીતે બનાવ્યો[૪૩૨] (૩૮) તો તેનાથી[૪૩૩] બે જોડ બનાવ્યાં[૪૩૪] પુરૂષ અને સ્ત્રી (૩૯) શું જેણે આવું બધુ કર્યું તે મડદાંઓ નહિ જીવાડી શકે ? (૪૦)**

**અલ્લાહના નામથી શરૂ જે ઘણો મેહરબાન રહેમવાળો (છ)[૪૩૫]**

**બેશક માનવી પર[૪૩૬] એક સમય એવો પસાર થયો કે ક્યાંક એનું નામ પણ હતું નહિ[૪૩૭] (૧) બેશક અમે મનુષ્યને મિશ્ર મનીથી[૪૩૮] પેદા કર્યો કે અમે એને ચકાસીએ[૪૩૯] તો એને સાંભળતો દેખતો કર્યો[૪૪૦] (૨) બેશક ! અમે એને માર્ગ દેખાડયો ;[૪૪૧] યા તો હક્ક સ્વીકારતો[૪૪૨] યા નગુણો[૪૪૩] (૩) બેશક ! અમે કાફિરો માટે તૈયાર કરી રાખ્યા છે સાંકળો[૪૪૪] અને ફંદાઓ[૪૪૫] અને ભભુકતી આગ[૪૪૬] (૪) બેશક નેક લોકો તે જામમાંથી**

લાગી, હમણાં જ આવી લાગી. ત્યારે અબૂજહલે કહ્યું; અય મોહંમદ ! (સલ્લલ્લાહુ અલયહિ વસલ્લમ) શું તમે મને ધમકાવો છો ? તમે અને તમારો રબ મારૂં કશું જ બગાડી શકવાના નથી, મક્કાના પર્વતોની વચમાં હું બધાંથી વધારે જોરાવર તાકાતવાળો તેમજ દબદબાવાળો છું.

પણ કુરઆનની આગાહી જરૂર પુરી થવાની હતી અને હુઝૂરનું ફરમાન અવશ્ય સાચું ઠરવાનું હતું. જેમ કે એવું જ બન્યું અને બદ્રની લડાઇમાં અબૂજહલ ખૂબ જ અપમાનિત થઇને મરાયો. હુઝૂરે ફરમાવ્યું; દરેક ઉમ્મતમાં એક ફિરઔન હોય છે, મારી ઉમ્મતનો ફિરઔન અબૂજહલ છે. આ આયતમાં તેની ખરાબી નું બયાન ચાર વખત કરવામાં આવ્યું, પહેલી ખરાબી બેઇમાનીની હાલતમાં અપમાનિત થઇને મરાઇ જવું, બીજી ખરાબી કબરની સખ્તાઇ અને ત્યાંની તકલીફો, ત્રીજી ખરાબી મૃત્યુ પછી ઉઠતી વખતે મુસીબતોમાં સપડાઇ જવું, અને ચોથી ખરાબી જહન્નમનો અઝાબ.

૪૨૯. કે તેની ઉપર હુક્મ અને મનાઇ હુકમોના આદેશો લાગુ પડે નહિ અને ન તો તે મૃત્યુ પછી ઉઠાડવામાં આવે ન તેની પાસેથી કર્મોનો હિસાબ લેવામાં આવે ન તેને આખેરતમાં બદલો આપવામાં આવે ? એવું નથી.

૪૩૦. ગર્ભાશયમાં. તો જે એવા ગંદા પાણીથી પેદા કરવામાં આવ્યો તેનું અભિમાન કરવું ઇતરાવું અને સર્જનહારનો હુકમ ભંગ કરવો અત્યંત અસ્થાને છે.

૪૩૧. મનુષ્ય બનાવ્યો.

૪૩૨. તેના અવયવોને સંપૂર્ણ બનાવ્યા તેમાં જીવ મૂક્યો.

مِنْ كَأْسٍ كَانَ مِزَاجُهَا كَافُورًا ﴿٥﴾ عَيْنًا يَشْرَبُ بِهَا
عِبَادُ اللَّهِ يُفَجِّرُونَهَا تَفْجِيرًا ﴿٦﴾ يُوفُونَ بِالنَّذْرِ
وَيَخَافُونَ يَوْمًا كَانَ شَرُّهُ مُسْتَطِيرًا ﴿٧﴾ وَيُطْعِمُونَ
الطَّعَامَ عَلَىٰ حُبِّهِ مِسْكِينًا وَيَتِيمًا وَأَسِيرًا ﴿٨﴾ إِنَّمَا
نُطْعِمُكُمْ لِوَجْهِ اللَّهِ لَا نُرِيدُ مِنْكُمْ جَزَاءً وَلَا شُكُورًا ﴿٩﴾
إِنَّا نَخَافُ مِنْ رَبِّنَا يَوْمًا عَبُوسًا قَمْطَرِيرًا ﴿١٠﴾ فَوَقَاهُمُ
اللَّهُ شَرَّ ذَٰلِكَ الْيَوْمِ وَلَقَّاهُمْ نَضْرَةً وَسُرُورًا ﴿١١﴾ وَ
جَزَاهُمْ بِمَا صَبَرُوا جَنَّةً وَحَرِيرًا ﴿١٢﴾ مُتَّكِئِينَ فِيهَا
عَلَى الْأَرَائِكِ لَا يَرَوْنَ فِيهَا شَمْسًا وَلَا زَمْهَرِيرًا ﴿١٣﴾
وَدَانِيَةً عَلَيْهِمْ ظِلَالُهَا وَذُلِّلَتْ قُطُوفُهَا تَذْلِيلًا ﴿١٤﴾
وَيُطَافُ عَلَيْهِمْ بِآنِيَةٍ مِنْ فِضَّةٍ وَأَكْوَابٍ كَانَتْ قَوَارِيرَا ﴿١٥﴾

**પીશે જેનું મિશ્રણ કાફુર છે (૫) તે કાફુર શું ? એક ઝરણું છે[૪૪૭] જેમાંથી અલ્લાહના અતિ વિશિષ્ટ બંદાઓ પીશે પોતાના મહેલોમાં, તેને જ્યાં ઇચ્છે ત્યાં વહાવીને લઇ જશે[૪૪૮] (૬) પોતાની મન્નતો પુરી કરે છે[૪૪૯] અને તે દિવસથી બ્હીએ છે જેનું અનિષ્ટ[૪૫૦] પ્રસરાય ચૂકયું છે[૪૫૧] (૭) અને તેના પ્રેમમાં[૪૫૨] મિસ્કીન અને યતીમ તેમજ કેદીને ખાવા ખવડાવે છે (૮) તેમને કહે છે અમે તમને ખાસ ખુદા ખાતર જ ખાવાનું આપીએ છીએ તમારી પાસેથી કોઇ બદલાની કે આભાર માનવાની માંગણી કરતા નથી (૯) બેશક ! અમને પોતાના રબ તરફથી એક એવા દિવસનો ભય છે જે ખૂબ જ અઘરો અને ઘણો જ માઠો છે[૪૫૩] (૧૦) તો તેમને અલ્લાહે તે દિવસના અનિષ્ટથી ઉગારી લીધા અને તેમને ઉલ્લાસ અને આનંદ આપ્યાં (૧૧) અને તેમની સબર બદલ, તેમને જન્નત અને રેશમી કપડાંઓ આપ્યાં (૧૨) જન્નત માં તખતો પર તકિયા લગાડેલા હશે ન તો તેમાં તડકો દેખશે ન ટાઢ[૪૫૪] (૧૩) અને તેના[૪૫૫] છાંયડાઓ તેમની ઉપર નમેલા હશે અને તેના ઝુમખાઓ નમાવીને નીચે કરી દેવામાં હશે[૪૫૬] (૧૪) અને તેમની ઉપર ચાંદીનાં વાસણો અને કુજાઓની ફેરવણી થશે જે કાચની જેમ થએલા હશે (૧૫)**

૪૩૩. અર્થાત મનીથી યા માનવીથી.

૪૩૪. બે જાતીઓ બનાવી.

૪૩૫. સૂરએ દહર્ એનું નામ સૂરએ ઇન્સાન પણ છે. મુજાહિદ અને કતાદા તેમજ ઘણા ખરા તફસીરકારોના મત મુજબ એ સૂરહ મદીનામાં ઉતરેલી છે, અમુકે એને મક્કામાં ઉતરેલી જણાવી છે. એમાં ૨ રૂકૂઅ ૩૧ આયતો ૨૪૦ શબ્દો અને ૧૦૫૪ અક્ષરો છે.

૪૩૬. અર્થાત હઝરત આદમ અલયહિસ્સલામ પર રૂહ ફૂંકતા પહેલાંના ચાલીસ વરસનો.....

૪૩૭. કારણ કે તે માટીનો એક ગારો માત્ર હતો કોઇ તેને ઓળખતું હતું નહિ ન તો કોઇને તેના સર્જનનાં રહસ્યોની જાણ હતી. આ આયતની તફસીરમાં એવું પણ કહેવાયું છે કે ''માનવી''નો અર્થ માનવ જાતિ છે અને ''સમય''નો અર્થ ગર્ભાશયમાં રહેવાનો વખત.

૪૩૮. પુરૂષ અને સ્ત્રીની.

૪૩૯. હુક્મો અને મનાઇ હુક્મો લાદીને.

૪૪૦. જેથી દલીલો અને નિશાનીઓ સાંભળી અને નિહાળી શકે.

૪૪૧. દલીલો સ્થાપિત કરીને, રસૂલ મોકલીને, કિતાબો ઉતારીને. જેથી...

૪૪૨. અર્થાત નેક ઇમાનદાર.

૪૪૩. કાફિર કુભાગી.

૪૪૪. જેનાથી બાંધીને દોઝખ તરફ ઘસડી જશે.

قَوَارِيرَا مِن فِضَّةٍ قَدَّرُوهَا تَقْدِيرًا ﴿١٦﴾ وَيُسْقَوْنَ
فِيهَا كَأْسًا كَانَ مِزَاجُهَا زَنجَبِيلًا ﴿١٧﴾ عَيْنًا فِيهَا تُسَمَّىٰ
سَلْسَبِيلًا ﴿١٨﴾ وَيَطُوفُ عَلَيْهِمْ وِلْدَانٌ مُّخَلَّدُونَ
إِذَا رَأَيْتَهُمْ حَسِبْتَهُمْ لُؤْلُؤًا مَّنثُورًا ﴿١٩﴾ وَإِذَا رَأَيْتَ ثَمَّ
رَأَيْتَ نَعِيمًا وَمُلْكًا كَبِيرًا ﴿٢٠﴾ عَالِيَهُمْ ثِيَابُ سُندُسٍ
خُضْرٌ وَإِسْتَبْرَقٌ وَحُلُّوا أَسَاوِرَ مِن فِضَّةٍ وَسَقَاهُمْ
رَبُّهُمْ شَرَابًا طَهُورًا ﴿٢١﴾ إِنَّ هَٰذَا كَانَ لَكُمْ جَزَاءً وَكَانَ
سَعْيُكُم مَّشْكُورًا ﴿٢٢﴾ إِنَّا نَحْنُ نَزَّلْنَا عَلَيْكَ الْقُرْآنَ تَنزِيلًا ﴿٢٣﴾
فَاصْبِرْ لِحُكْمِ رَبِّكَ وَلَا تُطِعْ مِنْهُمْ آثِمًا أَوْ كَفُورًا ﴿٢٤﴾ وَاذْكُرِ اسْمَ
رَبِّكَ بُكْرَةً وَأَصِيلًا ﴿٢٥﴾ وَمِنَ اللَّيْلِ فَاسْجُدْ لَهُ وَسَبِّحْهُ
لَيْلًا طَوِيلًا ﴿٢٦﴾ إِنَّ هَٰؤُلَاءِ يُحِبُّونَ الْعَاجِلَةَ وَيَذَرُونَ

**ચાંદીના કેવા શીશાઓ ?[૪૫૭] પીવડાનારાઓએ તેમને પુરા અંદાજા મુજબ મૂકેલા હશે[૪૫૮] (૧૬) અને તેમાં એવા જામ પીવડાવવામાં આવશે[૪૫૯] જેનું મિશ્રણ આદુનું હશે[૪૬૦] (૧૭) તે આદુ શું છે ? જન્નતમાં એક નહેર છે જેને 'સલસબીલ' કહે છે[૪૬૧] (૧૮) અને હમેશાં રહેનાર છોકરાઓ[૪૬૨] તેમની આજુ બાજુ સેવામાં ફરશે, જ્યારે તુ તેમને જુએ તો તેમને વિખરાએલાં મોતી સમજે[૪૬૩] (૧૯) અને જ્યારે તુ એ તરફ દ્રષ્ટિ કરે (ત્યારે તુ) એક રાહત[૪૬૪] અને મહાન રાજ્ય[૪૬૫] જુએ (૨૦) તેમના શરીરો પર કરીબનાં લીલાં[૪૬૬] અને કનાવીઝનાં[૪૬૭] વસ્ત્રો છે અને તેમને ચાંદીનાં કંગન પહેરાવાયાં[૪૬૮] અને તેમને તેમના પરવરદિગારે સ્વચ્છ શરાબ પીવડાવી[૪૬૯] (૨૧) તેમને કહેવાશે; આ તમારૂં વળતર છે.[૪૭૦] અને તમારો શ્રમ યથા સ્થાને લાગ્યો[૪૭૧] (૨૨) બેશક ! અમે તમારી ઉપર[૪૭૨] કુરઆન ક્રમવાર ઉતાર્યું[૪૭૩] (૨૩) તો પોતાના રબના હુકમ પર ધીરજ ધરો[૪૭૪] અને એમનામાં કોઇ (પણ) ગુન્હેગાર કે નગુણાની વાત સાંભળો નહિ[૪૭૫] (૨૪) અને પોતાના રબનું નામ સવાર-સાંજ યાદ કરો[૪૭૬] (૨૫) અને થોડી રાત વિત્યે તેને સિજદો કરો[૪૭૭] અને મોટી રાત સુધી તેની પવિત્રતા બોલો[૪૭૮] (૨૬) બેશક એ લોકો[૪૭૯]**

૪૪૫. જે ગળાઓમાં ફસાવવામાં આવશે.

૪૪૬. જેમાં સળગાવવામાં આવશે.

૪૪૭. જન્નતમાં.

૪૪૮. નેક લોકોના સવાબનું બયાન કર્યા પછી તેમનાં કાર્યોનું વર્ણન થાય છે જે એ સવાબનું નિમિત્ત બન્યા.

૪૪૯. 'મન્નત' તેને કહે છે કે જે વસ્તુ માણસ પર વાજિબ ન હોય તેને કોઇ શરત સાથે પોતાની ઉપર વાજિબ કરી લે દા. ત. એવું કહે કે; જો મારો માંદો માણસ સારો થઇ જશે અથવા મારો મુસાફર સહીસલામત પાછો આવશે તો હું અલ્લાહના માર્ગમાં આટલો સદકો આપીશ અથવા આટલી રકાતો નમાઝ પઢીશ, એવી મન્નત પુરી કરવી વાજિબ થાય છે. અર્થ એ છે કે તે લોકો ઇબાદત અને શરીઅતના વાજિબો પર અમલ કરનાર છે એટલે સુધી કે જે સારાં કામો મન્નત દ્વારા પોતાની ઉપર વાજિબ કરી લે છે તેને પણ બજાવી લાવે છે.

૪૫૦. અર્થાત સખ્તાઇ.

૪૫૧. કતાદાએ કહ્યું કે તે દિવસની સખ્તાઇ એટલી ફેલાએલી હશે કે આકાશ ફાટી પડશે, તારાઓ ખરી જશે, સૂર્ય અને ચંદ્ર પ્રકાશહિન બની જશે, પર્વતો ટુકડે ટુકડા થઇ જશે, કોઇ ઇમારત બચેલી રહેશે નહિ. ત્યાર પછી એવું કહેવામાં આવે છે કે તેમનાં કર્મો રિયાકારી અને દેખાવ કરવાથી પર છે.

૪૫૨. અર્થાત એવી પરિસ્થિતિમાં જ્યારે તેમને પોતાને ખાવાની જરૂર હોય અને અમુક તફસીરકારોએ

એનો એવો અર્થ ઘટાવ્યો છે કે અલ્લાહ તઆલાની મહોબ્બતમાં ખવડાવે છે.

**શાને નુઝૂલ** :- આ આયતે કરીમા હઝરત અલી મુર્તઝા અને હઝરત ફાતમા રદીયલ્લાહુ અન્હુમા તેમજ તેમનાં કનીઝ ફિઝઝા વિષે ઉતરી. હઝરત હસન અને હઝરત હુસેન રદીયલ્લાહુ અન્હુમા બીમાર થયા ત્યારે એ લોકોએ તેમની તંદરૂસ્તી માટે ત્રણ રોઝા રાખવાની મન્નત માની. અલ્લાહ તઆલાએ તંદુરૂસ્તી આપી, મન્નત પુરી કરવાનો સમય આવ્યો, બધાંએ રોઝા રાખ્યા. હઝરત અલી રદીયલ્લાહુ તઆલા અન્હુ એક યહૂદી પાસેથી ત્રણ સાઅ (એક માપનું નામ) જવ લાવ્યા, હઝરત ફાતેમાએ ત્રણે દિવસ એક એક સાઅ પકાવ્યા. જ્યારે ઇફતારનો સમય આવ્યો અને રોટલીઓ સામે મૂકી ત્યારે એક દિવસ મિસ્કીન, એક દિવસ યતીમ અને એક દિવસ કેદી આવ્યા (અને સવાલ કર્યો) અને ત્રણે દિવસ તે રોટલીઓ તેમને આપી દેવામાં આવી અને ફક્ત પાણીથી ઇફ્તાર કરીને આગલા દિવસે રોઝા રાખી લેવામાં આવ્યા.

૪૫૩. તેથી અમે પોતાના કાર્યનો બદલો કે આભાર તમારી પાસેથી ઇચ્છતા નથી આ અમલ એટલા માટે છે કે અમે તે દિવસે ભયમુક્ત રહીએ.

૪૫૪. અર્થાત ગરમી કે ઠંડીની કોઇ તકલીફ ત્યાં નહિ હોય.

૪૫૫. અર્થાત જન્નતનાં વૃક્ષોના.

૪૫૬. કે ઉભેલા હોય, બેઠા હોય, સુતેલા હોય, દરેક પરિસ્થિતિમાં તેના ઝુમખાઓ સરળતાથી તોડી શકે.

૪૫૭. જન્નતના વાસણો ચાંદીનાં હશે અને ચાંદીનો રંગ તેમજ તેની ખૂબસૂરતી ધરાવતાં હોવા ઉપરાંત કાચના વાસણની જેમ સ્વચ્છ હશે કે તેમનામાં જે વસ્તુ પીવાતી હશે તે બહારથી દેખાતી હશે.

૪૫૮. અર્થાત પીનારાઓની ઇચ્છાના પ્રમાણમાં તેનાથી વધારે પણ નહિ અને ઓછું પણ નહિ. આ રીત જન્નતના સેવકોની જ છે દુનિયાના પીવડાવનારાઓને એવું આવડતું નથી.

૪૫૯. શરાબે તહૂરના.

૪૬૦. જેના મિશ્રણથી શરાબની લિજ્જત ઓર વધી જશે.

૪૬૧. નિકટતા ધરાવનારાઓ તો ખાસ એ જ પીશે અને બીજા જન્નતીઓની શરાબમાં તેનું મિશ્રણ કરાશે. આ ઝરણું અર્શની નીચેથી જન્નતે અદનમાંથી પસાર થઇને બધી જ જન્નતોમાં વહે છે.

૪૬૨. જેઓ કદી મરશે નહિ અને વૃધ્ધ પણ નહિ થાય તેમજ તેમનામાં કશો ફેરફાર પણ નહિ થાય અને તેઓ સેવા કરવાથી કંટાળશે પણ નહિ અને તેમના રૂપની હાલત એ હશે કે.....

૪૬૩. અર્થાત જે રીતે સ્વચ્છ પાથરણા પર કીંમતી મોતી વેરાએલાં હોય. એવી ખૂબસૂરતી અને સ્વચ્છતા સાથે જન્નતી ગિલમાન સેવામાં પરોવાએલા હશે.

૪૬૪. જેના વખાણ થઇ શકે નહિ.

૪૬૫. જેનો કિનારો અને હદ નથી ન તો તેનો નાશ થશે ન જન્નતીને ત્યાંથી કાઢવામાં આવશે. વિસ્તારની એ હાલત કે ઓછામાં ઓછા મરતબાનો જન્નતી જ્યારે પોતાની માલેકીના પ્રદેશ પર દ્રષ્ટિપાત કરશે તો હજાર વરસના અંતર સુધી એવું જ નિહાળશે જેવું કે પોતાની નજીકની જગ્યા દેખતો હોય માન અને દબદબાની હાલત એવી હશે કે ફરિશ્તાઓ પણ પરવાનગી વગર પ્રવેશશે નહિ.

૪૬૬. અર્થાત પાતળા રેશમનાં.

૪૬૭. અર્થાત જાડા રેશમનાં.

૪૬૮. હઝરત ઇબ્ને મુસય્યબ રદીયલ્લાહુ અન્હુએ ફરમાવ્યું કે; દરેક જન્નતીના હાથમાં ત્રણ કંગનો

وَرَآءَهُمْ يَوْمًا ثَقِيْلًا ﴿٢٧﴾ نَحْنُ خَلَقْنٰهُمْ وَشَدَدْنَآ اَسْرَهُمْ
وَاِذَا شِئْنَا بَدَّلْنَآ اَمْثَالَهُمْ تَبْدِيْلًا ﴿٢٨﴾ اِنَّ هٰذِهٖ تَذْكِرَةٌ
فَمَنْ شَآءَ اتَّخَذَ اِلٰى رَبِّهٖ سَبِيْلًا ﴿٢٩﴾ وَمَا تَشَآءُوْنَ اِلَّآ اَنْ
يَّشَآءَ اللّٰهُ اِنَّ اللّٰهَ كَانَ عَلِيْمًا حَكِيْمًا ﴿٣٠﴾ يُّدْخِلُ مَنْ
يَّشَآءُ فِيْ رَحْمَتِهٖ وَالظّٰلِمِيْنَ اَعَدَّ لَهُمْ عَذَابًا اَلِيْمًا ﴿٣١﴾

منزل ٧ ع ٢

سُوْرَةُ الْمُرْسَلٰتِ مَكِّيَّةٌ وَّهِيَ خَمْسُوْنَ اٰيَةً وَّفِيْهَا رُكُوْعَانِ

بِسْمِ اللّٰهِ الرَّحْمٰنِ الرَّحِيْمِ ○

وَالْمُرْسَلٰتِ عُرْفًا ﴿١﴾ فَالْعٰصِفٰتِ عَصْفًا ﴿٢﴾ وَّالنّٰشِرٰتِ
نَشْرًا ﴿٣﴾ فَالْفٰرِقٰتِ فَرْقًا ﴿٤﴾ فَالْمُلْقِيٰتِ ذِكْرًا ﴿٥﴾ عُذْرًا اَوْ
نُذْرًا ﴿٦﴾ اِنَّمَا تُوْعَدُوْنَ لَوَاقِعٌ ﴿٧﴾ فَاِذَا النُّجُوْمُ طُمِسَتْ ﴿٨﴾
وَاِذَا السَّمَآءُ فُرِجَتْ ﴿٩﴾ وَاِذَا الْجِبَالُ نُسِفَتْ ﴿١٠﴾ وَاِذَا الرُّسُلُ

પગ હેઠળનીને વ્હાલી રાખે છે[૪૮૦] અને પોતાની પાછળ એક ભારે દિવસને છોડી બેઠા છે[૪૮૧] (૨૭) અમે તેમને પેદા કર્યા અને તેમના સાંધાઓ મજબૂત કર્યા અને અમે જ્યારે ઇચ્છીએ[૪૮૨] એમની જેવા બીજા બદલી આપીએ[૪૮૩] (૨૮) બેશક આ નસીહત છે[૪૮૪] તો જે ઇચ્છે (૨૯) અને તમે શું ઇચ્છો ? પરંતુ એ કે અલ્લાહ ઇચ્છે.[૪૮૬] બેશક તે ઇલ્મ અને હિકમતવાળો છે (૩૦) જેને ઇચ્છે[૪૮૭] તેને પોતાની રહમતમાં લે છે[૪૮૮] અને તેણે જાલિમો માટે દુ:ખદાયક અઝાબ તૈયાર કરી રાખ્યો છે[૪૮૯] (૩૧)

**અલ્લાહના નામથી શરૂ જે ઘણો મહેરબાન રહેમવાળો (છે)[૪૯૦]**

તેમની કસમ જે લગાતાર[૪૯૧] મોકલાય છે (૧) પછી જોરથી ઝાપટ મારનાર (૨) પછી ઊંચકીને ઉપાડી લેનાર[૪૯૨] (૩) પછી સત્ય અસત્યને ખૂબ અલગ કરનાર (૪) પછી તેમની કસમ જેઓ ઝિક્રને દિલોમાં નાખે છે[૪૯૩] (૫) દલીલ સંપૂર્ણ કરવા અથવા ડરાવવા માટે (૬) બેશક તમને જે વાતનો વાયદો આપવામાં આવે છે[૪૯૪] તે અવશ્ય થવાની છે[૪૯૫] (૭) પછી જ્યારે તારાઓ ભૂંસી નાખવામાં આવે (૮) અને જ્યારે આકાશમાં ફાટો પડે (૯) અને જ્યારે પર્વતો ધૂળ બનાવીને ઉડાડી મૂકવામાં આવે (૧૦) અને

હશે એક ચાંદીનું એક સોનાનું અને એક મોતીનું.

૪૬૯. જે અતિશય સ્વચ્છ અને પાક ન તો તેને કોઇનો હાથ અડયો ન કોઇએ તેને સ્પર્શ કર્યો અને પીધા પછી તે દુનિયાની શરાબની જેમ શરીરમાં કોહીને પેશાબ બનશે નહિ બલ્કે તેની સ્વચ્છતા એવી હશે શરીરમાં ઉતરીને સરસ સુગંધ બનીને શરીરમાંથી પ્રસરતી હશે. જન્નતીઓને ભોજન પછી શરાબ આપવામાં આવશે તેને પીવાથી તેમનાં પેટ ચોખ્ખાં થઇ જશે અને તેમણે જે ખાધું હશે તે ખુશ્બુ બનીને તેમનાં શરીરોમાંથી નીકળશે અને તેમની રૂચી ફરી તાજી બની જશે.

૪૭૦. અર્થાત તમારી ફરમાંબરદારી અને આજ્ઞાપાલનનું.

૪૭૧. કે તમારાથી તમારો પરવરદિગાર રાજી થયો અને તેમણે તમને આ મહાન સવાબ આપ્યો.

૪૭૨. અય સય્યિદે આલમ સલ્લલ્લાહુ અલયહિ વસલ્લમ.

૪૭૩. આયત આયત કરીને. અને એમાં અલ્લાહ તઆલાની ઘણી હિકમતો (રહસ્યો) છે.

૪૭૪. રિસાલતનો પ્રચાર કરીને અને એ બદલ કષ્ટો વેઠીને અને દીનના દુશ્મનોની તકલીફો બરદાશ્ત કરીને.

૪૭૫. **શાને નુઝૂલ** :- ઉત્બા બિન રબીઆ અને વલીદ બિન મુગીરા એ બન્ને હુઝૂર સલ્લલ્લાહુ અલયહિ વસલ્લમ પાસે આવ્યા અને બોલ્યા; આપ આ કામ (ઇસ્લામ)ને ત્યજી દો. ઉત્બાએ કહ્યું કે; જો તમે એવું કરશો તો હું મારી પુત્રીને તમારી સાથે પરણાવીશ અને મહેર વગર તમારી સેવામાં હાજર કરી આપીશ. વલીદે કહ્યું; હું તમને એટલી દોલત આપીશ કે તમે રાજી થઇ જશો. તે બાબત આ આયત ઉતરી.

૪૭૬. નમાઝમાં. સવારની યાદ એટલે ફજરની નમાઝ અને સાંજની યાદ ઝોહર અને અસરની નમાઝ છે.

૪૭૭. અર્થાત મગરિબ અને ઇશાની નમાઝો પઢો. આ આયતમાં પાંચે નમાઝોનું વર્ણન કરવામાં આવ્યું.

૪૭૮. અર્થાત ફર્ઝ પછી નિફલો પઢો. એમાં તહજ્જુદની નમાઝ આવી ગઇ. અમુક તફસીરકારોએ કહ્યું છે કે એનો મતલબ જીભ વડે તેને યાદ કરવાનો છે હેતુ એ છે કે રાત-દિવસના તમામ સમયોમાં જીભ અને હૃદય વડે તેની યાદ કરતા રહો.

૪૭૯. અર્થાત કાફિરો.

૪૮૦. અર્થાત દુનિયાના પ્રેમમાં સપડાએલા છે.

૪૮૧. અર્થાત કયામતના દિવસને જેની તકલીફો કાફિરો પર બહુ ભારે હશે. તેઓ ન તો તેની ઉપર ઇમાન લાવે છે અને ન તો તે દિવસ માટે અમલ કરે છે.

૪૮૨. તેમનો નાશ કરીએ અને તેમના સ્થાને....

૪૮૩. જેઓ કહ્યાગરા હોય.

૪૮૪. મખ્લૂક માટે.

૪૮૫. તેના હુક્મોને માન આપીએ અને તેના રસૂલના તાબેદાર બનીને.

૪૮૬. કારણ કે જે કંઇ થાય છે તે તેની મરજીથી જ થાય છે.

૪૮૭. અર્થાત જન્નતમાં દાખલ કરે છે.

૪૮૮. ઇમાન આપીને.

૪૮૯. જાલિમોનો નિર્દેશ કાફિરો તરફ છે.

૪૯૦. સૂરએ મુરસલાત મક્કામાં ઉતરેલી છે. એમાં ૨ રૂકૂઅ ૫૦ આયતો ૧૮૦ શબ્દો અને ૮૧૬ અક્ષરો છે.

**શાને નુઝૂલ** :- હઝરત ઇબ્ને મસઊદ રદીયલ્લાહુ તઆલા અન્હુએ ફરમાવ્યું કે; વલમુરસલાત જિન્નાતવાળી રાત્રે ઉતરી અમે હુઝૂરની સાથે હતા જ્યારે મિનાની ગુફામાં પહોંચ્યા ત્યારે વલમુરસલાત ઉતરી અમે હુઝૂર પાસેથી એને પઢતા હતા અને હુઝૂર એની તિલાવત કરતા હતા ત્યાં એક સાપ ઓચિંતો કૂદીને આવ્યો અમે તેને મારવા ત્રાટક્યા પણ તે નાસી છુટયો. હુઝૂરે ફરમાવ્યું કે; તે તમારા અનિષ્ટથી બચાવી લેવામાં આવ્યો અને તમે તેના અનિષ્ટથી. આ ગુફા મિનામાં 'વલમુરસલાતની ગુફા'ના નામથી મશહૂર છે.

૪૯૧. આ આયતોમાં જે કસમોનો ઉલ્લેખ છે તે પાંચ ગુણો છે અને જેના એ ગુણો છે તે જાહેરમાં ઉલ્લેખાયાં નથી તેથી જ તફસીરકારોએ એની તફસીરમાં ઘણાં મંતવ્યો દર્શાવ્યાં છે. અમુકે કહ્યું છે કે એ પાંચે ગુણો પવનનાં છે, અમુકે કહ્યું છે કે એ ફરિશ્તાઓનાં ગુણો છે, અમુકે કુરઆનની આયતોનાં કહ્યા છે અમુકે સંપૂર્ણતા પ્રાપ્ત કરેલા પ્રાણોનાં એ ગુણો કહયા છે જેમને સંપૂર્ણતા પ્રાપ્ત કરાવવા માટે શરીરોમાં મોકલવામાં આવે છે. પછી તેઓ રિયાઝત (ઇબાદતમાં કષ્ટ વેઠવું) ના ઝાપેટાઓ દ્વારા અલ્લાહ સિવાય અન્યને (હૃદયમાંથી) ઉપાડી લે છે પછી સમગ્ર શરીરમાં એના અસરને પ્રસરાવે છે પછી ખરેખર સત્ય અને નર્યા અસત્યમાં તફાવત કરે છે અને અલ્લાહની ઝાત સિવાય પ્રત્યેક વસ્તુને નાશવંત જુએ છે પછી એવી રીતે ઝિક્રને હૃદયમાં નાખે છે કે જીભ અને હૃદયમાં માત્ર અલ્લાહનું જ ઝિક્ર હોય છે. અને એક મંતવ્ય એવું છે કે

تبارك الذي ٢٩ المرسلت ٧٧

أُقِّتَتْ ﴿١١﴾ لِأَيِّ يَوْمٍ أُجِّلَتْ ﴿١٢﴾ لِيَوْمِ الْفَصْلِ ﴿١٣﴾ وَمَا أَدْرَاكَ
مَا يَوْمُ الْفَصْلِ ﴿١٤﴾ وَيْلٌ يَوْمَئِذٍ لِّلْمُكَذِّبِينَ ﴿١٥﴾ أَلَمْ نُهْلِكِ
الْأَوَّلِينَ ﴿١٦﴾ ثُمَّ نُتْبِعُهُمُ الْآخِرِينَ ﴿١٧﴾ كَذَٰلِكَ نَفْعَلُ
بِالْمُجْرِمِينَ ﴿١٨﴾ وَيْلٌ يَوْمَئِذٍ لِّلْمُكَذِّبِينَ ﴿١٩﴾ أَلَمْ نَخْلُقكُّم
مِّن مَّاءٍ مَّهِينٍ ﴿٢٠﴾ فَجَعَلْنَاهُ فِي قَرَارٍ مَّكِينٍ ﴿٢١﴾ إِلَىٰ قَدَرٍ مَّعْلُومٍ ﴿٢٢﴾
فَقَدَرْنَا فَنِعْمَ الْقَادِرُونَ ﴿٢٣﴾ وَيْلٌ يَوْمَئِذٍ لِّلْمُكَذِّبِينَ ﴿٢٤﴾
أَلَمْ نَجْعَلِ الْأَرْضَ كِفَاتًا ﴿٢٥﴾ أَحْيَاءً وَأَمْوَاتًا ﴿٢٦﴾ وَجَعَلْنَا
فِيهَا رَوَاسِيَ شَامِخَاتٍ وَأَسْقَيْنَاكُم مَّاءً فُرَاتًا ﴿٢٧﴾ وَيْلٌ يَوْمَئِذٍ
لِّلْمُكَذِّبِينَ ﴿٢٨﴾ انطَلِقُوا إِلَىٰ مَا كُنتُم بِهِ تُكَذِّبُونَ ﴿٢٩﴾
انطَلِقُوا إِلَىٰ ظِلٍّ ذِي ثَلَاثِ شُعَبٍ ﴿٣٠﴾ لَّا ظَلِيلٍ وَلَا
يُغْنِي مِنَ اللَّهَبِ ﴿٣١﴾ إِنَّهَا تَرْمِي بِشَرَرٍ كَالْقَصْرِ ﴿٣٢﴾ كَأَنَّهُ

**જ્યારે રસૂલોનો સમય આવે[૪૯૬] (૧૧) ક્યા દિવસ માટે થોભાવી રાખવામાં આવ્યા હતા ? (૧૨) ફેંસલાના દિવસ માટે (૧૩) અને તું શુ જાણે કે તે ફેંસલાનો દિવસ શું છે ?[૪૯૭] (૧૪) તે દિવસે જૂઠાડનારાઓની ખરાબી[૪૯૮] (૧૫) શું અમે આગલાઓનો નાશ કર્યો નહિ ?[૪૯૯] (૧૬) પછી પાછલાઓને (પણ) તેમની પાછળ પહોંચાડીશું[૫૦૦] (૧૭) અપરાધીઓ સાથે અમે આવું જ કરીએ છીએ (૧૮) તે દિવસે જૂઠાડનારાઓની ખરાબી (૧૯) શું અમે તેમને એક કદર વિનાના પાણીથી નથી બનાવ્યા[૫૦૧] (૨૦) પછી તેને રાખ્યું એક સુરક્ષિત સ્થાને[૫૦૨] (૨૧) એક ચોક્કસ સમય સુધી[૫૦૩] (૨૨) પછી અમે અંદાજ કાઢયો તો અમે કેવા સરસ શક્તિશાળી[૫૦૪] (૨૩) તે દિવસે જૂઠાડનારાઓની ખરાબી (૨૪) શું અમે ધરતીને એકત્ર કરનાર બનાવી નહિ ? (૨૫) તમારાં જીવંત અને મૃત ને ?[૫૦૫] (૨૬) અને અમે તેમાં ઊંચા ઊંચા લંગરો નાખ્યાં[૫૦૬] અને અમે તમને ખૂબ મીઠું પાણી પીવાડયુ[૫૦૭] (૨૭) તે દિવસે જૂઠાડનારાઓની ખરાબી[૫૦૮] (૨૮) ચાલો તેની તરફ[૫૦૯] જેને જૂઠાડતા હતા (૨૯) ચાલો તે ધૂમાડાના પડછાયા તરફ જેની ત્રણ શાખાઓ[૫૧૦] (૩૦) ન તો છાંયડો આપે[૫૧૧] ન ભડકાથી બચાવે[૫૧૨] (૩૧) બેશક ! જહન્નમ અંગારાઓ ઉડાડે છે[૫૧૩] જાણે કે ઊંચા મહેલ (૩૨) જાણે**

પ્રથમ ત્રણ ગુણો પવનના છે અને બીજા બે ફરિશ્તાઓના, એ રીતે અર્થ એ થશે કે કસમ તે પવનની જે લગાતાર મોકલવામાં આવે છે પછી જોરથી ઝપેટ મારે છે. નિર્દેશ એનો અઝાબના પવન તરફ છે. (ખાઝિન, જુમલ, વિ.)

૪૯૨. અર્થાત તે રહમાનનો પવન જે વાદળો ને ઊંચકે છે. ત્યાર પછી જે ગુણો છે તે છેલ્લા મંતવ્ય મુજબ ફરિશ્તાઓના છે. ઇબ્ને કસીરે કહ્યું છે કે ''ફારેકાત'' અને મુલકિયાત'' ફરિશ્તાઓના ગુણો છે અને એ બાબતે એકમતી છે.

૪૯૩. અમ્બિયા અને રસૂલો પાસે વહી લાવીને.

૪૯૪. અર્થાત કયામતનો અને મૃત્યુ પછી ઉઠવાનો અને અઝાબનો.

૪૯૫. કે તેના થવા બાબત જરાએ શંકા નથી.

૪૯૬. કે તેમને ઉમ્મતો પર સાક્ષી આપવા માટે ભેગા કરવામાં આવે.

૪૯૭. અને તેની ભયાનકતા અને સખ્તાઇની હાલત શું છે ?

૪૯૮. જેઓ દુનિયામાં તવહીદ નબુવ્વત અને કયામત તેમજ મૃત્યુ પછી સજીવન થઇ ઉઠવાને માનતા ન હતા.

૪૯૯. દુનિયામાં અઝાબ ઉતારીને જ્યારે કે તેમણે રસૂલોને જૂઠાડયા.

૫૦૦. અર્થાત જેઓ આગલા જૂઠાડનારાઓના પગલે ચાલી હુઝૂરને જૂઠાડે છે તેમનો પણ નાશ કરીશું.

૫૦૧. અર્થાત વિર્યબિંદુથી.

૫૦૨. અર્થાત ગર્ભાશયમાં.

جملت صفر ﴿٣٣﴾ ويل يومئذ للمكذبين ﴿٣٤﴾ هذا يوم
لا ينطقون ﴿٣٥﴾ ولا يؤذن لهم فيعتذرون ﴿٣٦﴾ ويل
يومئذ للمكذبين ﴿٣٧﴾ هذا يوم الفصل جمعنكم و
الاولين ﴿٣٨﴾ فان كان لكم كيد فكيدون ﴿٣٩﴾ ويل
يومئذ للمكذبين ﴿٤٠﴾ ان المتقين في ظلل وعيون ﴿٤١﴾
وفواكه مما يشتهون ﴿٤٢﴾ كلوا واشربوا هنيئا بما كنتم
تعملون ﴿٤٣﴾ انا كذلك نجزي المحسنين ﴿٤٤﴾ ويل
يومئذ للمكذبين ﴿٤٥﴾ كلوا وتمتعوا قليلا انكم
مجرمون ﴿٤٦﴾ ويل يومئذ للمكذبين ﴿٤٧﴾ واذا قيل
لهم اركعوا لا يركعون ﴿٤٨﴾ ويل يومئذ للمكذبين ﴿٤٩﴾
فباي حديث بعده يؤمنون ﴿٥٠﴾

**કે તે પીળા રંગનાં ઊંટો છે (૩૩) તે દિવસે જૂઠાડનારાઓની ખરાબી (૩૪) આ (એવો) દિવસ છે કે તેઓ બોલી નહિ શકે[૫૧૪] (૩૫) અને ન તો તેમને બહાનું કાઢવાની પરવાનગી મળે[૫૧૫] (૩૬) તે દિવસે જૂઠાડનારાઓની ખરાબી (૩૭) આ છે ફેંસલાનો દિવસ. અમે તમને[૫૧૬] અને બધા આગલાઓને[૫૧૭] ભેગા કર્યા (૩૮) હવે જો તમારી પાસે કોઇ પ્રપંચ હોય તો મારી વિરૂધ્ધ રચી લો[૫૧૮] (૩૯) તે દિવસે જૂઠાડનારાઓની ખરાબી (૪૦) બેશક ! ડરનારાઓ[૫૧૯] છાંયડાઓ અને ઝરણાઓમાં છે (૪૧) અને તેમના મન ચાહયા[૫૨૦] મેળાઓમાં (૪૨) ખાવ અને પીઓ પોતાનું મન ભાવતું[૫૨૧] પોતાના કર્મોનું વળતર[૫૨૨] (૪૩) બેશક નેક લોકોને અમે એવો જ બદલો આપીએ છીએ (૪૪) તે દિવસે જૂઠાડનારાઓ ની ખરાબી[૫૨૩] (૪૫) અમુક દિવસ ખાઇ લો અને વાપરી લો[૫૨૪] તમે (તો) અવશ્ય અપરાધીઓ છો[૫૨૫] (૪૬) તે દિવસે જૂઠાડનારાઓની ખરાબી (૪૭) અને જ્યારે તેમને કહેવામાં આવે કે ; નમાઝ પઢો. તો પઢતા નથી (૪૮) તે દિવસે જૂઠાડનારાઓની ખરાબી (૪૯) ફરી આના[૫૨૬] પછી કઇ વાત પર ઇમાન લાવવાના છે ?[૫૨૭] (૫૦)**

૫૦૩. પ્રસુતિના સમય સુધી જેને અલ્લાહ જાણે છે.

૫૦૪. અંદાજો કરવા બાબત.

૫૦૫. કે જીવંત તેની પીઠ પર વસે છે અને મૃત તેના પેટમાં.

૫૦૬. ઊંચા પર્વતોનાં.

૫૦૭. ધરતીમાં ઝરણાઓ અને ઝરાઓ બનાવીને. આ બધી બાબતો મડદાંઓને જીવંત કરવા કરતાં ૯૯૯૯૯૯૯વધારે આશ્ચર્યજનક છે.

૫૦૮. અને કયામતના દિવસે કાફિરોને કહેવામાં આવશે કે; જે આગને તમે માનતા ન હતા તેની તરફ જાવ.

૫૦૯. તે અઝાબ તરફ.

૫૧૦. એનો મતલબ જહન્નમનો ધુમાડો છે જે ઊંચે ચઢીને ત્રણ શાખાઓમાં ફંટાઇ જશે એક કાફિરોના માથાઓ પર એક તેમની જમણી તરફ અને એક તેમની ડાબી તરફ, અને હિસાબથી પરવારતાં સુધી તેમને એ ધુમાડામાં જ રહેવાનો હુક્મ થશે. જ્યારે કે અલ્લાહના પ્યારા બંદાઓ તેના અર્શના છાંયડામાં રહેશે. ત્યાર પછી જહન્નમના ધુમાડાનું વર્ણન કરવામાં આવે છે કે તે એવો છે કે....

૫૧૧. જેના કારણે તે દિવસની ગરમીથી કંઇ રાહત મેળવે.

૫૧૨. જહન્નમની આગના.

૫૧૩. એટલા મોટા.....

૫૧૪. ન કોઇ એવું કારણ દર્શાવી શકશે જે તેમને ઉપયોગી નિવડે.

હઝરત ઇબ્ને અબ્બાસ રદીયલ્લાહુ તઆલા અન્હુમાએ ફરમાવ્યું છે કે; કયામતના દિવસે ઘણા મોકાઓ હશે, અમુકમાં તેઓ બોલી શકશે અમુકમાં નહિ.

૫૧૫. અને વાસ્તવમાં તેમની પાસે કોઇ બહાનું હશે જ નહિ કારણ કે દુનિયામાં દલીલો રજુ કરી દેવામાં આવી અને આખેરતમાં તેમની પાસે કોઇ સ્થળ બાકી રહેવા દેવામાં આવ્યું નથી. હા ! તેમને એવો ખોટો ખ્યાલ આવશે કે કઇંક બહાનાંઓ ગોતી કાઢવાં જોઇએ પણ તે બહાનાંઓ રજુ કરવાની પરવાનગી નહિ મળે.

જુનેદ રદીયલ્લાહુ અન્હુએ ફરમાવ્યું છે કે; તેની પાસે બહાનું હોય જ કઇ રીતે જેને નેઅમત આપવામાં આવી અને તેણે નેઅમત આપનાર તરફથી મોઢું ફેરવી લીધું તેમજ તેની નેઅમતોને જૂઠાડી અને તેના એહસાનોનો આભાર માન્યો નહિ.

૫૧૬. અય સય્યિદે આલમ મોહંમદ મુસ્તફા સલ્લલ્લાહુ અલયહિ વસલ્લમ ને જૂઠાડનારાઓ !

૫૧૭. જેઓ તમારાથી પહેલાં પૈગમ્બરોને જૂઠાડતા હતા. તમારો અને તેમનો બધાંનો હિસાબ થશે અને તમને તેમજ તેમને તમામને અઝાબ કરવામાં આપશે.

૫૧૮. અને જો એ રીતે પોતાને અઝાબમાંથી બચાવી શકતા હોય તો બચાવી લો.

આ અંતિમ કક્ષાની ધમકી છે કારણ કે એ વાત તો તેઓ ખાત્રીપૂર્વક જાણતા હશે કે આજે ન તો કોઇ પ્રપંચ ચાલી શકશે ન કોઇ બહાનું.

૫૧૯. જેઓ અલ્લાહના અઝાબથી ડરતા હતા તેઓ જન્નતી વૃક્ષોના...

૫૨૦. તેની લિજ્જત મેળવે છે. આ આયતથી સાબિત થયું કે જન્નતીઓને તેમની મરજી મુજબની નેઅમતો મળશે દુનિયાના નિયમથી અવળું કે અહીં તો માણસને જે મળે છે તેનાથી જ રાજી રહેવું પડે છે. અને જન્નતીઓને કહેવામાં આવશે...

૫૨૧. ચોખ્ખું સ્વાદિષ્ટ જેમાં બગાડનો અંશ પણ નથી.

૫૨૨. તે ઇબાદતોનું જે તમે દુનિયામાં કરી હતી.

૫૨૩. ત્યાર પછી ધમકી રૂપે કાફિરોને સંબોધવામાં આવે છે કે; અય દુનિયામાં જૂઠાડનારાઓ ! તમે દુનિયામાં...

૫૨૪. પોતાના મૃત્યુના સમય સુધી.

૫૨૫. કાફિર છો હમેશાંના અઝાબને પાત્ર છો.

૫૨૬. કુરઆન શરીફ...

૫૨૭. અર્થાત કુરઆન શરીફ અલ્લાહની છેલ્લી કિતાબ છે જો એના પર ઇમાન નહીં લાવો તો પછી ઇમાનનો બીજો કોઇ માર્ગ નથી.